## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **હાલમાં આર્થિક બાબતોની કેન્દ્રની સમીતી (CCEA-Cabinet Committee On Economic Affairs) એ ભારત સરકારના ખનીજતેલ અને કુદરતી વાયુ મંત્રાલયની "પ્રધાનમંત્રી"– Ji-VAN (Jaiv Indhan Vatavaran Anukool Fasal) Awashesh Nivaran) યોજનાને મંજૂરી આપી.**

→ આ યોજના અંતર્ગત જૈવિક રીતે વિઘટનીય પદાર્થોમાંથી ઈથેનોલના ઉત્પાદન માટેની બીજી પેઢીની તકનીકો દ્વારા ઈથેનોલના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે. આ સંપૂર્ણ યોજના 2 તબક્કામાં VIABILITY GAP FUNDING (VGF) પદ્ધતિ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

→ આ યોજનાના પ્રથમ તબક્કા અંતર્ગત વર્ષ 2023 સુધીમાં ઈથેનોલ ઉત્પાદન માટેના 6 વ્યાવસાયીક અને 5 નિર્દેશિત એકમો કાર્યરત કરવામાં આવશે, એજ રીતે બીજા તબક્કામાં પણ આટલા જ એકમો કાર્યરત કરવામાં આવશે.

→ આ એકમોમાંથી ઉત્પાદિત થતું ઈથેનોલ ખનીજતેલ આધારીત કંપનીઓ માટે ઘણુ ઉપયોગી નીવડશે, જેના ઉપયોગ દ્વારા પેટ્રોલ, ડીઝલ જેવી પેદાશોમાં ઈથેનોલના મિશ્રણને પ્રોત્સાહન મળશે.

→ આ સમગ્ર યોજના બહુધા લાભ ધરાવે છે જે નીચે મુજબ છે.

  → પરંપરિક ઈંધણનું સ્થાન ઈથેનોલ વડે બદલાશે જેના લીધે અન્ય દેશો પરની પેટ્રોલિયમની નીર્ભરતામાં ઘટાડો થશે. વાયુ પ્રદુષણમાં ઘટાડો કરી શકાશે.

  → નકામા જૈવીક કચરાને સળગવવાથી થતા પર્યાવરણ તથા માનવના સ્વસ્થયના નુકશાનને અટકાવી શકાશે.

  → ખેડૂતોની આવક વધારવામાં મહત્વનું સાબીત થશે.

  → રોજગારી સર્જનની પ્રક્રીયા તથા સ્વચ્છતા જાળવવાની પ્રક્રિયાને પણ વેગ મળશે.

  → ભારત સરકારના વર્ષ 2022 સુધીમાં પેટ્રોલમાં 10% ઈથેનોલના મિશ્રણના લક્ષ્યાંકને પૂરો પાડવામાં મહત્વનું સાબિત થશે.

▪ Viability Gap funding (VGF) વિશે...

  → VGF એ ભારત સરકારની એક પ્રકારની અનુદાન યોજના છે જે માત્ર આંતરમાળખા (Infrastructure) આધારીત પ્રોજેકટને અનુદાન પૂરૂ પાડે છે.

  → VGF અંતર્ગત એવા પ્રોજેટકનો સમાવેશ થાય છે જે નાણાંકીય સમસ્યાના તબક્કામાંથી પસાર થઈ રહ્યા હોય, તેના નિવારણ તરીકે સરકાર જે તે પ્રોજેકટના કુલ ખર્ચના વધુમાં વધુ 20% રકમ VGF અંતર્ગત જાહેર કરી શકે છે.

  → આ 20% રકમ કોઈપણ ખાનગી સાહસો પાસેથી પ્રાયોજીત (SPONSARING) કરાવવામાં આવે છે.

  → VGFનો મુખ્ય હેતુ સરકારી વિકાસ કાર્યોમાં ખાનગી ક્ષેત્રો/જાહેર જનતાનો સહયોગ વધારવાનો છે.

  → અત્રે ઉલ્લેખનીય છે કે VGF એ માત્ર જાહેર ખાનગી ભાગીદારી (Public Private Partnership) આધારીત પ્રોજેકટમાં જ પ્રોત્સાહન આપે છે તથા તેની શરૂઆત વર્ષ 2006 થી કરવામાં આવી છે.

❖ **કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે 28 ફેબ્રુઆરી, 2019ના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના અવસરે સ્ટાર્સ યોજના લોન્ચ કરી હતી.**

→ સ્ટાર્સ એ સ્કીમ ફોર ટ્રાન્સલેશનલ એન્ડ એવાન્સ્ડ રિસર્ચ ઈન સાયન્સનું સંક્ષિપ્ત રૂપ છે. તેનો ઉદ્દેશ વિજ્ઞાન પ્રોજેકટોને ભંડોળ પૂરું પાડવાનો છે.

→ સ્ટાર્સ યોજના રૂ.250 કરોડના ખર્ચે અમલમાં મૂકાશે.

→ સ્ટાર્સ યોજના અંતર્ગત 500 વિજ્ઞાન પ્રોજેકટોને નાણાં પ્રવાહ અપાશે અને આવા વિજ્ઞાન પ્રોજેકટોની પસંદગી સ્પર્ધાના આધારે કરાશે.

❖ **દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની, ગુરુગ્રામ સૌથી પ્રદૂષિત શહેર : ગ્રીનપીસ અહેવાલ....**

▪ વિશ્વના સૌથી પ્રદૂષિત 20 શહેરોમાં ભારતના 15નો સમાવેશ....

▪ વિશ્વના સર્વાધિક 30 પ્રદૂષિત શહેરોમાં અમદાવાદ 29માં સ્થાને..

▪ એક સમયે વિશ્વના સૌથી અધિક પ્રદૂષિત શહેરોમાં ટોચના સ્થાને રહેલું ચીનનું બીજિંગ શહેર વર્ષ 2018માં 122માં ક્રમે છે.

→ પર્યાવરણ સંબંધી મામલાઓ પર કામ કરતા સંગઠન IQ એર એરવિઝ્યુઅલ અને ગ્રીનપીસ દ્વારા સંયુકત રીતે હાથ ધરાયેલા અભ્યાસમાં ચોંકાવનારૂ તારણ સપાટી પર આવ્યું છે કે ભારતની રાજધાની દિલ્હી વિશ્વનું સૌથી અધિક પ્રદૂષિત પાટનગર છે, જ્યારે હરિયાણાનું ગુરુગ્રામ વિશ્વના સર્વાધિક પ્રદૂષિત શહેરોમાં મોખરે છે. અભ્યાસના આંકડાઓના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે વિશ્વના સૌથી પ્રદૂષિત 20 શહેરો પૈકીના 15 ભારતમાં છે. ટોચના 6 પ્રદુષિત શહેરોમાં ગુરુગ્રામ, ગાઝિયાબાદ, ફરીદાબાદ, નોઈડા અને ભવાડીનો સમાવેશ થાય છે. આઈકયુએર એરવિજયુઅલ 2018 વર્લ્ડ એર કવોલિટી રિપોર્ટ અનુસાર, વિશ્વના સૌથી પ્રદૂષિત 20 શહેરોમાંથી 18 ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશના છે. વિશ્વના સૌથી પ્રદૂષિત 30 શહેરોની યાદીમાં ભારતના 21 શહેરો છે અને તેમાં ગુજરાતમાંથી આર્થિક પાટનગર અમદાવાદનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ સૌથી પ્રદૂષિત 30 શહેરોમાં 29માં સ્થાને છે.

→ આ અહેવાલ એરવિઝ્યુઅલ પ્લેટફોર્મ મારફત જમા કરાવાયેલા PM 2.5 ડેટાની વાયુ ગુણવત્તાને માપે છે.

❖ **સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર 2019:**

→ 10 લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં અમદાવાદ પ્રથમ ક્રમે...

→ ટોપ–10 માં ગુજરાતના બે શહેરો અમદાવાદ(6)અને રાજકોટ (9) સામેલ...

→ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 6માર્ચ, 2019ના મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને સ્વચ્છ સર્વેક્ષણનો પ્રથમ પુરસ્કાર પ્રદાન કર્યો હતો. ઈન્દોર સતત ત્રીજીવાર ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનીને ઉભરી આવ્યું છે.

→ 3 થી 10 લાખ વચ્ચેની વસ્તી ધરાવતા સૌથી સ્વચ્છ મધ્યમ શહેરમાં મધ્યપ્રદેશના ઉજ્જૈને મેદાન માર્યુ છે.

→ નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલને સૌથી સ્વચ્છ નાના શહેરનો પુરસ્કાર પ્રદાન કરાયો છે.

→ ઉત્તરાખંડના ગૌચરને 'શ્રેષ્ઠ ગંગા શહેર' જાહેર કરાયું છે. મધ્યપ્રદેશના ભોપાલને સૌથી સ્વચ્છ રાજધાની જાહેર કરાઈ છે.

→ છત્તીસગઢના પાટનગર રાયપુરને 'ફાસ્ટેટસ્ટ' મૂવિંગ બિગ સિટી' નો પુરસ્કાર પ્રદાન કરાયો છે. મથુરા–વૃદાંવનને 'ફાસ્ટેસ્ટ મૂવિંગ મીડિયમ સિટી' જાહેર કરાયા છે.

→ શ્રેષ્ઠ કામગીરી ધરાવતા રાજ્યોની શ્રેણીમાં છત્તીસગઢ ટોચના સ્થાને છે.

❖ **તાજેતરમાં અમેરિકા સ્થિત સલાહકારી સંસ્થા મર્સર (MERCER)દ્વારા વર્ષ 2018ના સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીના વિશ્વના 231 શહેરોનો જીવન જીવવાની ગુણવત્તા આધારીત ક્રમાંક (રેન્કીંગ) જાહેર કરવામાં આવ્યા.**

→ મર્સર **MERCER** દ્વારા દર વર્ષે જાહેર થતા આ ક્રમાંકનું આ 21મું સંસ્કરણ છે. જેના અંતર્ગત મધ્ય યુરોપના દેશ ઓસ્ટ્રીયાનું પાટનગર વીયેના શહેર 10મી વખત પ્રથમ ક્રમે જાહેર થયેલ છે.

→ ભારતનું ચેન્નાઈ શહેર 105માં ક્રમાંક સાથે આ યાદીમાં શ્રેષ્ઠ ભારતીય શહેર તરીકે ઉભરી આવ્યું છે અને 149માં ક્રમાંક સાથે બેંગ્લોર બીજા અને 154માં ક્રમાંક સાથે મુંબઈ ત્રીજા શ્રેષ્ઠ ભારતીય શહેર તરીકે જાહેર થયેલ છે.

- **મર્સર (MERCER) વિશે....**
  - → MERCER એ અમેરિકાના ન્યુયોર્ક સ્થીત વૈશ્વિક વ્યાવસાયીક સેવાઓ આપતી "MARSH & McLENNAN" કંપનીના અંતર્ગતની જ એક ખાનગી કંપની છે. જે માનવ સંસાધન ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પુરુ પાડે છે.
  - → MERCER એ કેનેડાના વેંનકુંવર ખાતે વર્ષ 1945માં સ્થાપિત થયેલ કંપની હતી જેને વર્ષ 1959માં Marsh & Mc Leman દ્વારા પોતાના અંતર્ગત કરવામાં આવી.
  - → Mercer હાલમાં વિશ્વના 130 દેશોમાં કાર્યરત છે અને દર વર્ષે માનવ જીવનની ગુણવત્તા આધારીત 10 વિભાગના 39 પરીબળોના અભ્યાસને આધારે વિશ્વના શ્રેષ્ઠ માનવ જીવન ગુણવત્તા ધરાવતા શહેરોની યાદી જારી કરે છે.

## ગુજરાત

❖ **વિશ્વની અજાયબી સમાન શંત્રુજય નવકારધામ તીર્થના જિનમંદિરની પાલિતાણા ખાતે અંજન પ્રતિષ્ઠા.**

→ પાલિતાણાના જીવાપુર ગામ પાસે વિશ્વની અજાયબી સ્વરૂપ 6,80,000 ચોરસફુટની વિશાળ જગ્યામાં પથ્થર અને ચૂનાર્થી નિર્મિત એક વિશાળ શ્રીશત્રુંજય નવકારધામ તીર્થનું નિર્માણ થઈ રહ્યું છે. શંત્રુજય નદીની નજીક કદંબગિરિ અને હસ્તગિરિ તીર્થની ધજા દર્શન ત્રિભેટે તથા જ્યાંથી શંત્રુજય ગિરિરાજની 27થી અધિક શિખરોની ધજાઓના દર્શન થાય છે તે ભવ્ય જિનાલયમાં 10 માર્ચ, 2019ના રોજ ફાગણ સુદ ચોથના દિવસે અંજન પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો. આ જિન મંદિરમાં શ્રી આદેશ્વર ભગવાન, શ્રીમહાવીર સ્વામી, શ્રી જીરાવાલા પાર્શ્વનાથ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મુર્તિઓ બિરાજમાન કરવામાં આવી. આ સ્થળ પર 48 કરોડ નવકાર મહામંત્રનો જાપ કરનારા વિદુષી સાધ્વીજી ભગવંતશ્રી અનુપમાનશ્રીજીના પૂણ્યદેહનું સમાધિ સ્થળ પણ આવેલું છે.

❖ **તાજેતરમાં જ કેન્દ્ર સરકારે રાજકોટથી 36કિ.મી. દૂર હિરાસર ખાતે ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણ માટેની મંજૂરી આપી દીધી છે.**

→ આ એરપોર્ટ નિર્માણનો કોન્ટ્રાકટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ 648 કરોડ રૂપિયામાં અનિલ અંબાણી જૂથના રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ.ને આપ્યો છે. આ એરપોર્ટમાં સિંગલ રન–વે હશે તથા 'સી' કેટેગરીના એરક્રાફટ અવરજવર કરી શકશે. લેટર ઓફ એવોર્ડ જારી થયાના 30મહિનામાં આ એરપોર્ટનું નિર્માણ કરવું પડશે.

❖ **તાજેતરમાં જ ધ ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાના (ICAI) પ્રેસિડેન્ટ પ્રફુલ છાજડે અમદાવાદની મુલાકાતે આવ્યા હતા.**

→ તેમણે કહ્યું હતું કે CA દ્વારા ઈસ્યુ થતાં કોઈપણ સર્ટિફિકેટમાં 18 આંકડાનો એક યુનિક ID નંબર આપવામાં આવશે. જે દરેક સર્ટિફિકેટમાં અલગ અલગ હશે. આ ID એવા CA જ જનરેટ કરી શકશે જેઓ ફુલટાઈમ CA તરીકે ICAI માં રજિસ્ટર્ડ છે. જેથી બોગસ સર્ટિફિકેટ, રકમ તથા સહીમાં થતા ફ્રોડને અટકાવી શકાશે. આ IDમાં છેલ્લા બે આંકડા ચાલુ વર્ષના હશે તથા છ આંકડા CA નો મેમ્બરશિપ નંબર ધરાવતા હશે. આ સમગ્ર કામગીરી માટે ICAI દ્વારા યુનિક ડોકયુમેન્ટ આઈડેન્ટીફિકેશન નંબર (UDAN) સિસ્ટમ લોન્ચ કરવામાં આવી છે. આ સિસ્ટમ થકી તમામ બેંકો, સરકારી નાણાંકીય એજન્સીઓ, NBFC તથા RBI જારી થયેલા સર્ટિફિકેટની ખરાઈ પણ કરી શકશે.

❖ **મહેસાણાના જિલ્લાના સતલાસણા તાલુકાથી 10 કિ.મી. દૂર આવેલા નેદરડી ગામેથી બૌદ્ધ ધર્મના સ્થાપક ભગવાન ગૌતમ બુદ્ધની પ્રતિમાનો મસ્તકનો ભાગ મળી આવ્યો છે.**

→ જે 4 થી 5મી સદીની મુર્તિનો ભાગ હોવાનું માનવામાં આવે છે. અડધી આંખો ખુલ્લી અને લાંબા કાન ધરાવતી આ મૂર્તિને લઈને ભારે કુતુહલ થયુ છે. બૌદ્ધ ધર્મના ગુજરાત સાથેના સંબધોની સાક્ષી પૂરતા કેટલાક અવશેષો તારંગા અને વડનગરથી મળી આવ્યા છે.

→ કેન્દ્રીય પુરાતન વિભાગના અભિજિત આંબેડકરના નેતૃત્વ હેઠળ તેમની ટીમે વડનગર અને તારંગામાં પુનઃ ઉત્ખનન પ્રક્રિયા શરૂ કરી છે. તારંગામાંથી 54 જેટલી કુદરતી ગુફાઓ પણ મળી છે.

→ આ કુદરતી ગુફાઓમાં બૌદ્ધભિક્ષુક રહેતા હતા. આ દરમિયાન સતલાસણા તલુકાના નેદરડી ગામેથી ગૌતમ બુદ્ધની પ્રતિમાનું મસ્તક મળતા પુરાતન વિભાગે સંશોધન હાથ ધર્યુ છે.

❖ **બે મહિનાની ઉત્ખનન કામગીરીના અંતે પુરાતત્વવિદોને ગુજરાતના કચ્છ જિલ્લામાં ધોળાવીરાથી આશરે 360 કિ.મી. દૂર લખપત તાલુકાની રણ સરહદ આવેલા ખટિયા ગામથી અંદાજે અડધા કિમી.ના અંતરે લાખાપર–ઝારા તેમજ ખટિયાના ત્રિભેટે 5000વર્ષ જૂનું કબ્રસ્તાન અને હાડપિંજર મળી આવ્યું છે.**

→ પુરાતત્વવિદો એ જણાવ્યું હતું કે આ સ્થળ 300 મીટર × 300 મીટર મોટું છે, જેમાં 250 થી વધુ કબરો છે જે પૈકીની 26માં ઉત્ખનન કરાયું હતું. તેઓને તેમાં 6 ફૂટની લંબાઈ ધરાવતું માણસનું પૂર્ણ હાડપિંજર મળી આવ્યું હતું. આ હાડપિંજર 5000 વર્ષ પુરાણું હોવાનો અંદાજ છે.

❖ **તાજેતરમાં એસ્સાર સ્ટીલને ટેકઓવર કરવાના આર્સેલર મિત્તલના રૂા.42,000 કરોડના બિડને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) અમદાવાદ દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે.**

→ એસ્સાર સ્ટીલ ઈન્ડિયા (ESI)પાસે ગુજરાતમાં સુરત જિલ્લામાં આવેલા હજીરા ખાતે 10 મિલિયન ટન સ્ટીલ ઉત્પાદનની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ છે. રૂઈયા પરિવારની આ કંપની SBI સહિત 12 બેંકોનું રૂા.49,000 કરોડનું દેવું ન ચૂકવી શકતા બેંકોએ બેંકરપ્સી કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી. નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલે (NCLAT) NCLT અમદાવાદને 8 માર્ચ સુધીમાં આ બાબતે નિર્ણયનો આદેશ આપ્યો હતો.

❖ **દેશનાં પ્રથમ 'સાસગુજ પ્રોજેકટ'નો ગુજરાતના 7 જિલ્લામાં પ્રારંભ...**

➜ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના નાગરિકોની વધુ સારી સુરક્ષાને વેગ આપતા CCTV કેમેરા આધારિત સર્વેલન્સ સિસ્ટમ અને નાગરિકોને ઘેરબેઠાં પોલીસ કામગીરીની સુવિધા ઉપલબ્ધ બનાવવા સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપનો બનાસકાંઠાથી ગુજરાતના 7 જિલ્લાઓમાં પ્રારંભ કરાવ્યો છે. ગુજરાતને વધુ સુરક્ષિત અને સલામત બનાવવા સરકાર દ્વારા દેશમાં સૌપ્રથમ સેફ એન્ડ સિકયોર ગુજરાત (SASGUJ)પ્રોજેકટ અમલી બનાવાયો છે.

➜ આ પ્રોજેકટ અંતર્ગત CCTV કેમેરા આધારિત સર્વેલન્સ સિસ્ટમ, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ તથા ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ વડે જાહેર સ્થળો ઉપર ઝીણવટભરી નજર રખાશે. બનાસકાંઠા સહિત રાજ્યમાં બોટાદ, મહેસાણા, ગાંધીધામ, કચ્છ, પૂર્વ, રાજકોટ ગ્રામ્ય, નર્મદા અને ગાંધીનગર જિલ્લાઓમાં SASGUJ પ્રોજેકટનો શુભારંભ કરાયો છે.

➜ સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ એપથી નાગરિકોને પોલીસ દ્વારા 14 સુવિધાઓનો લાભ અપાશે. જેમાં F.I.R.ની નકલ સિનિયર સિટિઝનની માહિતી, નોઓબ્જેકશન સર્ટિ. અને ખરાઈ પ્રમાણપત્ર વગેરેનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં બ્રિટનના એથ્લીટ અને વેગેનિઝમના પ્રચારક ડેવિડ રેમ્સડેન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝમાં યોજાયેલા સેમિનારમાં હાજર રહ્યા હતા.**

➜ તેમણે કહ્યું હતું કે વેગેનિઝમથી ભુખમરાની સમસ્યાનો અંત લાવી શકાય છે. ડેરી પ્રોડકટસ અને માંસાહાર માટે પ્રાણીઓનો ઉછેર કરવામાં જેટલી જમીન ઉપયોગમાં લેવાય છે તેટલી જમીનમાં જો ખેતી કરવામાં આવે તો કૃષિ ઉત્પાદન માં છ ગણો વધારો થઈ શકે છે.

▪ **વેગેનિઝમ એટલે શું....**

  ➜ વેગેનિઝમમાં માંસાહાર તો નહિ જ પણ કોઈ પ્રકારની ડેરી પ્રોડકટ પણ ઉપયોગમાં લેવામાં આવતી નથી. માત્ર કૃષિ ઉત્પાદનનો જ ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવે  તેને વેગેનિઝમ કહેવામાં આવે છે.

❖ **વકીલ ભાર્ગવ ધીરેનભાઈ કારિયા અને વકીલ સંગીતા કમલસિંહ વિશેનની ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક કરવામાં આવી છે.**

➜ કેન્દ્ર સરકાર દ્વારા બન્ને ન્યાયમૂર્તિઓની નિમણૂકનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટની કોલેજિયમે આ નામોની ભલામણ ડિસેમ્બર 2016માં કરી હતી. આ બન્નેની નિમણૂક સાથે ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિઓની કુલ સંખ્યા 30 થઈ ગઈ છે. ગુજરાત હાઈકોર્ટમાં અત્યારે 52 જજોની મંજૂર થયેલી સંખ્યા છે.

❖ **રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 8 માર્ચ, 2019 ની રાજ્યવ્યાપી ઉજવણીનો આરંભ ગાંધીનગરથી કરાવ્યો હતો.**

➜ તેમણે આંગણવાડીની બહેનોને તેમના શ્રેષ્ઠ કાર્ય માટે માતા યશોદા એવાર્ડ સહિત વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારી માતા–બહેનોને પુરસ્કારોથી સન્માનિત કરી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે 8 માર્ચના રોજ અમદાવાદ મેટ્રોમાં આખો દિવસ માત્ર મહિલાઓને જ વિના મૂલ્યે પ્રવાસ કરવાની સવલત અપાઈ હતી.

❖ **અમદાવાદના વેજલપુર આવકવેરા ભવન ખાતે CBDT(સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ)ના સભ્ય પી.કે.દાસે 4 ફેબ્રુઆરી, 2019ના રોજ કરદાતાઓના TDS (ટેકસ ડિડકશન એટ સોર્સ) ના અને અન્ય પ્રશ્નોનું તાકીદે નિરાકરણ લાવવા અને આવકવેરા વિભાગને લગતી કાયદાકીય મદદ માટે ગુજરાત ઈન્કમટેકસ ફ્રી લીગલ સર્વિસ સેલનો પ્રારંભ કર્યો હતો.**

➜ તેણે જણાવ્યું હતું કે ઈન્કમટેક્ષ ભરવામાં પણ ગુજરાત અવ્વલ છે.

➜ ગુજરાતની 6.50 કરોડની અંદાજિત વસ્તી સામે 76 લાખ કરદાતાઓ છે. એટલે ટકાવારીમાં જોઈએ તો 11.84% લોકો કરદાતા છે જ્યારે દેશની સ્થિતિ જોઈએ તો 130 કરોડની વસ્તીમાં માત્ર 6.50 કરોડ જ કરદાતા છે એટલે કે ફકત 5% કરદાતા છે.

❖ તાજેતરમાં અમદાવાદ પોલીસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે ટવીટ કરીને જાહેરાત કરી હતી કે જો રાત્રીના **12** વાગ્યા પછી મહિલાને ઘરે પહોંચવા માટે કોઈ વાહન ન મળે તો તેઓ **100** નંબર ડાયલ કરી શકશે. જેથી **PCR** વાન તેમને તેમના ઘરે સુરક્ષિત પહોંચતા કરી દેશે. શહેર પોલીસ કમિશ્નર એ.કે.સિંઘે મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ નિર્ણય લીધો છે. અમદાવાદ પહેલા આ સુવિધા ચંદીગઢ અને વડોદરામાં કાર્યરત કરવામાં આવી હતી.

❖ **12.0ગુજરાત સરકારે ઈલેકટ્રોનિકસ અને ITનીતિ વધુ ઉદાર બનાવી...**

➜ રાજ્યમાં રોજગારીનું પ્રમાણ વધે તે આશયથી ગુજરાત સરકારે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અનેકવિધ નીતિઓ કાર્યન્વિત કરી છે. IT અને IT આધારિત સેવાઓનો વ્યાપ વધે તે માટે આવા ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવા ઈલેકટ્રોનિક નીતિ અને IT/ITES નીતિ– 2016-2021 અમલમાં છે. જેમાં 1 માર્ચ, 2019ના રાજ્ય સરકારે સુધારાઓ કર્યા છે.

➜ જેમાં હયાત એકમને નીતિ સમયગાળા દરમિયાન વિસ્તરણ/ વૈવિધ્યકરણનો 2વખત લાભ મળી શકશે. હયાત એકમ દ્વારા મૂળ રોકાણના 50% જેટલું વધારાનું રોકાણ કરાયું અને તે વધારાના રોકાણના ઓછામાં ઓછા 60% પ્લાન્ટ અને મશીનરીમાં રોકે તો એકમને વિસ્તૃતીકરણનો લાભ મળશે, એકમે એકથી વધુ બેંક પાસેથી લોન લીધી હશે તો પણ વ્યાજ સબસિડી મળશે.

❖ **ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઊંઝા તાલુકામાં ઐઠોર ખાતે ઔદ્યોગિક વસાહનું નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે લોકાર્પણ કર્યુ હતું.**

➜ આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે રાજ્યમાં નાના નાના ગામમાં ઔદ્યોગિક વસાહતના નિર્માણથી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થયું છે. 47 હેકટરમાં ઐઠોર ખાતે વસાહતના નિર્માણ થકી સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગકારોને રાહત દરે પ્લોટ અપાશે.

❖ ભારતીય બાસ્કેટબોલ ફેડરેશનની નેશનલ બાસ્કેટબોલ સિલેકશન કમિટીના ચેરમેન તરીકે ભાવનગરના **શકિતસિંહ ગોહિલ**ની પસંદગી કરવામાં આવતા તેઓ બાસ્કેટબોલના ઈતિહાસમાં સિલેકશન કમિટીના ચેરમેન બનનારા પ્રથમ ગુજરાતી બની ગયા છે.

Banking Academy

❖ **ગુજરાતના વડોદરાનું એરપોર્ટ આ વર્ષે સ્વચ્છતા જાળવવામાં નંબર વન રહ્યું છે.**

→ 31 માર્ચ, 2019ના દિલ્હીમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ ગુરુપ્રસાદ મહાપાત્રાના હસ્તે વડોદરા એરપોર્ટના ડાયરેકટર ચરણસિંહને સ્વચ્છ ભારત એવોર્ડ 2019 પ્રદાન કરાયો છે. દેશભરના કુલ 122 એરપોર્ટમાંથી ગુજરાતના વડોદરા એરપોર્ટ સ્વચ્છતા અને સુરક્ષા પગલામાં એવોર્ડ અંકે કર્યો હતો.

❖ **ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ 2019-20 દરમિયાન ગાંધીનગર ખાતે 'ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી'નો પ્રારંભ કરવામાં આવશે.**

→ ગુજરાત મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘે ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીની વેબસાઈટ લોન્ચ કરીને આ જાહેરાત કરી.

→ ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીના કેમ્પસનું નિર્માણ ન થાય ત્યાં સુધી ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના કેમ્પસમાં મેરીટાઈમ અભ્યાસનું શિક્ષણ કાર્યરત રહેશે.

❖ **ગુજરાત ચૂંટણી પંચ મતદાન મથકનું વેબકાસ્ટિંગ કરશે**

→ તાજેતરમાં જ 17 મી લોકસભા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. ગુજરાતની તમામ 26 લોકસભા સીટો માટે 23 એપ્રિલ, 2019 ના રોજ મતદાન કરવામાં આવશે. તેને ધ્યાનમાં રાખી ગુજરાત ચૂંટણી પંચ પણ તૈયાર છે.

→ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી ડો.એસ.મુરલી ક્રિષ્ણનને જણાવ્યું હતું કે ગુજરાતના 5500 મથકોમાં થતી પ્રવૃત્તિઓનું લાઈવ વેબકાસ્ટિંગ કરવામાં આવશે.

→ આ ઉપરાંત આચારસંહિતાના ચુસ્ત અમલ માટે 563 ફ્લાઈંગ સ્કવોડ 368 વીડિયો સર્વેલન્સ ટીમ તથા 207 વીડિયો વ્યૂઈંગ ટીમની રચના કરવામાં આવી છે. આ સાથે ગુજરાતના 11 એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટની પણ રચના કરવામાં આવી છે. ઉમેદવારોના ખર્ચ પર નજર રાખવા માટે 26 એકાઉન્ટિંગ ટીમની પણ રચના કરવામાં આવી છે.

❖ **છોટાઉદેપુરમાં હોળી ધૂળેટી અગાઉ ભાંગોરિયાના મેળાનું આયોજન કરવામાં આવે છે.**

→ આ મેળો આશરે 100વર્ષથી ભરાય છે. ભાંગોરિયાના મેળામાં આદિવાસીઓને ભારે ઉત્સાહ હોય છે. જુદા જુદા ગામના પુરુષો, મહિલાઓ એક જ પ્રકારના પહેરવેશ ધારણ કરીને મેળામાં મહાલવા આવી પહોંચે છે. હોળીનું, પર્વ આદિવાસીઓને ખૂબ પ્રિય છે.

→ દાહોદ શહેરના સિટી ગ્રાઉન્ડ પર 10 માર્ચ, 2019ના સંસ્કૃતિના પ્રતિક સમો 12મો ઢોલ મેળો યોજાયો હતો. દાહોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની સાથે સાથે રાજસ્થાન, છોટા ઉદેપુરથી પણ ઢોલ મંડળીઓ મેળામાં આવી પહોંચી હતી. આ ઢોલ મેળાનું ઉદ્ઘાટન ગુજરાત પ્રવાસન નિગમના વડા સુધીરભાઈ લાલપુરવાળા અને નગરસિંહ પલાસે કર્યુ હતું. 250 ઢોલ પર એક સાથે થાપ પડતા વાતાવરણ તેના ધ્વનિથી ગાજી ઉઠયું હતું.

❖ વડોદરાના જિલ્લાના પાદરા તાલુકાના લુણા ગામમાં ઉદ્યોગોને લીધે છેલ્લા 20 વર્ષથી પ્રદૂષિત થઈ રહેલા ભૂગર્ભ જળના બે કૂવાઓની COD(કેમિકલ ઓકિસજન ડિમાન્ડ) 250ને બદલે 2200થી 2,059 આવતાં પર્યાવરણ સંસ્થા પર્યાવરણ સુરક્ષા સમિતિ અને ખેડૂતોના ફાર્મર્સ એકશન ગ્રુપે GPCBNના ઉચ્ચાધિકારીઓ અને વડોદરાના છેલ્લા 18વર્ષના તમામ કલેકટર્સ સો ફોજદારી કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ સંસ્થાઓના દાવા મુજબ લુણા ગામમાં અત્યારસુધીનું માત્ર ભારતમાં જ નહી પણ સમગ્ર વિશ્વમાં નોંધયેલું સૌથી પ્રદૂષિત ભૂગર્ભ જળ છે.

❖ **ટેકનોલોજીનો વ્યાપ વધી રહયો છે તેમ તેમ તેની આડઅસરરૂપે ઈલેકટ્રોનિક વેસ્ટ (ઈ–વેસ્ટ)નું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે.**

→ સૌથી વધુ ઈ–વેસ્ટ ઉત્પન્ન કરતા રાજયોમાં 8.8% સાથે ગુજરાત છટ્ઠા અને તમિલનાડુ 13% સાથે ટોચના સ્થાને છે.

→ ધ એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (એસોચેમ) દ્વારા હાથ ધુરાયેલા અભ્યાસ અનુસાર, 2016 સુધીમાં સમગ્ર દેશમાં 20 લાખ મેટ્રિક ટન ઈ–વેસ્ટ ઉત્પન્ન થતો હતો. જેની સરખામણીમાં વર્ષ 2020 સુધીમાં ઈ–વેસ્ટ ઉત્પાદન 52 લાખ મેટ્રિક ટન થઈ શકે છે.

❖ **તાજેતરમાં પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગરમાં ગુજરાતનું સૌથી મોટું હેરિટેજ રેલવે મ્યુઝિયમ બનાવાયું છે.**

→ જેમાં રેલવે સાથે સંકળાયેલી 300 થી વધુ 100 વર્ષ જુની રેલવે વસ્તુઓને પ્રદર્ષિત કરાઈ છે. આ મ્યુઝિયમમાં 100 વર્ષ પહેલાનું નેરોગેજ સ્ટીમ એન્જિન, નેરોગેજ ડીઝલ હાઈડ્રોલિક એન્જિન, મીટરગેજ ક્રેન સહિતની હેરિટેજ મશીનરીઓ અને ઉપકરણો પ્રદર્શનમાં મૂકાયા છે.

## આંતરરાજય

❖ **મહારાષ્ટ્ર સરકાર વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ કાજે કૃષિ યુનિવર્સિટીઓ સિવાય રાજ્યની તમામ યુનિવર્સિટીઓ માં લોકપાલની નિમણૂક કરશે.**

→ યુનિવર્સિટીઓમાં લોકપાલ રાખનારૂ મહારાષ્ટ્ર ભારતનું પ્રથમ રાજય બની જશે. લોકપાલ યુનિવર્સિટી સાથે સબંધિત વ્યક્તિ હશે જેનો દરજ્જો સેવા નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ અથવા નિવૃત્ત કુલપતિના હોદ્દાથી ઓછો નહીં હોય.

❖ **મેઘાલયના પૂર્વીય ખાસી હિલ્સ જિલ્લાના માસિનરામ ક્ષેત્રમાં દેશની સૌથી ઊંડી શાફ્ટ ગુફા 'ક્રેમ ઉમ લાડો' (krem um ladaw)ની શોધ કરવામાં આવી છે.**

→ આ ખોજ વિશ્વની સૌથી ઊંડી બલુઆ પથ્થર ગુફા ક્રેમ પુરી (krem puri)ની શોધના લગભગ એક વર્ષ બાદ કરાઈ છે. મેઘાલય એડવેન્ચર એસોએિશન (MAA)ના સંશોધકોના એક દળે 'કેવિંગ ઈન ધ અબોડ ઓફ ધ કલાઉડસ એકસ્પીડેશન' નામના અભિયાનની 28મી આવૃત્તિમાં આ શોધ કરી હતી. ક્રેમ ઉમ લાડોના પ્રવેશ માર્ગ પર 105 મીટર ઊંડી શાફટ મળી આવી હતી.

❖ **ઉત્તરાખંડ** સરકારે આંગણવાડી કેન્દ્રોમાં દૂધ ઉપલબ્ધ કરાવવા માટે **મુખ્યમંત્રી આંચલ અમૃત યોજના** લોન્ચ કરી છે.

→ આ યોજના હેઠળ ઉત્તરાખંડ સરકાર રાજ્યના 20000 આંગણવાડી કેન્દ્રોમાં સપ્તાહમાં બે વખત 2.5 લાખ બાળકો માટે 100 ML દૂધ ઉપલબ્ધ કરાવશે.

❖ **આસામના મુખ્યમંત્રી સર્બાનંદ સોનવાલે સરકારી કર્મચારીઓના માતાપિતાઓને લગતા મુદ્દે પ્રણામ પંચની રચના કરવાની ઘોષણા કરી છે.**

→ પેરન્ટ્સ રિસ્પોન્સિબિલિટી એન્ડ નોર્મ્સ ફોર એકાઉન્ટેબિલિટી એન્ડ મોનિટરિંગ (PRANAM) વિધેયક અંતર્ગત પ્રણામ પંચની રચના કરાશે. આ ખરડો રાજ્ય સરકારના કર્મચારીઓ માટે તેમના માતાપિતા તથા પોતાની આવકનો સ્ત્રોત ન ધરાવતા અપરિણીત અને દિવ્યાંગ ભાઈઓની સંભાળ લેવાનું ફરજિયાત બનાવશે. સરકારી કર્મચારીઓ આ મામલે બેદરકારી દાખવશે તો સરકાર તેમના પગારમાંથી 10 થી 15% રકમ કાપીને માતાપિતા તથા ભાઈઓને આપી દેશે.

❖ **પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ યુવાનોમાં ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપવા રાજ્યમાં એક નવી યોજના યુવાશ્રી પ્લાન II અથવા યુવાશ્રી અર્પણ લોન્ચ કરી છે.**

→ યુવાશ્રી અર્પણ યોજના અંતર્ગત ITI અથવા અન્ય પોલિટેકનિક ઈન્સ્ટિટ્યુટ પાસ થઈને બહાર નીકળેલા આશરે 50,000 વિદ્યાર્થીઓને તેમના ખુદના વેપારની શરૂઆત માટે રાજ્ય MSME વિભાગ તરફથી 1લાખ રૂપિયાની નાણાંકીય સહાય અપાશે. મમતા બેનરજીએ રાજ્યની પ્રથમ હિન્દી યુનિવર્સિટીની આધારશિલા હાવડાના અરુપારામાં રાખી હતી.

❖ **તાજેતરમાં કર્ણાટક સરકારે 'જલામૃત' (જલ+અમૃત) નામની જળ સંચય યોજના લોન્ચ કરી છે.**

→ આ યોજનાનો ઉદ્દેશ દુષ્કાળથી બચવા માટેના ઉપાય કરવાનો તથા જળસ્ત્રોતોનું સંરક્ષણ કરવાનો છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં જળ સંચય (સંગ્રહ)માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગમાં કરાશે. તે સિવાય સેટેલાઈટ દ્વારા પ્રાપ્ય બનતી તસ્વીરો અને ભૌગોલિક માહિતી પણ ઉપયોગમાં લેવાશે. 'જલામૃત' એક સામુદાયિક આંદોલન હશે. તેનો અમલ સરકારી વિભાગો, પંચાયતી રાજ સંસ્થાઓ તથા NGOS દ્વારા સંયુકત રીતે કરાશે. આ યોજનાના ચાર ભાગ છે. જળ સાક્ષરતા, જળ સ્ત્રોત જળસ્ત્રોતનું પુનર્જીવન, નવા જળ સંસાધનોનું નિર્માણ તથા વનીકરણ.

❖ **એસ્સાર ઓઈલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડકશન (EOGPL) ને પશ્ચિમ બંગાળના રાનીગંજ બ્લોકમાં રહેલા શેલ ગેસ ભંડારમાંથી એક્સપ્લોરેશન (સંશોધન) માટે પર્યાવરણ સંબધિત મંજૂરી મળી ગઈ છે.**

→ કંપની અગાઉ ઓઈલ અને કુદરતી ગેસ અથવા કોલ–બેડ મિથેન (CBM) પૈકી એક જ એકસ્પ્લોર કરી શકતી હતી. તાજેતરમાં 19મી જાન્યુઆરી, 2019ના રોજ મળેલી એકસપર્ટ અપ્રેઝલ કમિટી (EAC) ની બેઠકમાં એસ્સારને રાનીગંજ ઈસ્ટ સીબીએમ બ્લોકમાંથી થનારા તમામ ઉત્પાદનોને વેચવા માટે સરકારી ગેસ કંપની ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિ. (GAIL) સાથે સમજૂતી કરી છે. કંપનીના CEO અને MD વિલાસ તાવડેએ કહ્યું હતું કે કંપની પ્રારંભમાં પાંચ કૂવા ખોદશે અને તેના માટે એકાદ કિલોમીટર સુધી ડ્રિલિંગ કરવાની જરૂર પડશે.

❖ **કેન્દ્રીય રેલવે મંત્રી પીયૂષ ગોયલે આંધ્રપ્રદેશ માટે નવા રેલવે ઝોન દક્ષિણી તટીય રેલવે ઝોન' (સધર્ન કોસ્ટ રેલવે ઝોન) ના નિર્માણની ઘોષણા કરી છે. તેનું વડુમથક વિશાખાપટ્ટનમમાં હશે.**

▪ **દક્ષિણી તટીય રેલવે ઝોન....**

  → આ રેલવે ઝોનમાં ગુંતકલ, ગુંટૂર તથા વિજયવાડા ડિવિઝન સામેલ થશે. આ ડિવિઝનો હાલમાં દીક્ષણ કેન્દ્રીય રેલવે ઝોનને આધીન છે. દક્ષિણ કેન્દ્રીય રેલવે ઝોનમાં હૈદરાબાદ, સિકંદરાબાદ તથા નાંદેડ ડિવિઝન રહેશે.

  → પૂર્વી તટીય રેલવે ઝોનને આધીન વોલ્ટેર ડિવિઝનને બે ભાગોમાં વહેંચવામાં આવશે. આ વિભાગમાં આંધ્રપ્રદેશના ઉત્તરીય જિલ્લાઓ, છત્તીસગઢ તથા ઓડિશાના અમુક ક્ષેત્ર સામેલ છે.

  → આ દક્ષિણી તટીય રેલવે ઝોન દેશનું કુલ 18મું રેલ્વે ઝોન હશે. વર્તમાનમાં ભારતમાં 17 રેલવે ઝોન તથા 73ડિવિઝન છે.

❖ કેન્દ્રીય મંત્રીમંડળે **મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં** દિવ્યાંગ જનો માટે ખેલકૂદ કેન્દ્ર સ્થાપવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

→ તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન એકટ, 1860 અન્વયે કરાવાશે અને તેનું નામ દિવ્યાંગજન રમત ગમત કેન્દ્ર, ગ્વાલિયર રખાશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશમાં ગ્રેટર નોઈડા ખાતે નવી પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્સ્ટિટયૂટ ઓફ આર્કિયોલોજીનું ઉદ્‌ઘાટન કર્યુ છે.**

→ આ અવસરે, તેમણે કેમ્પસમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું અને દીનદયાળ મ્યુઝિયમની મુલાકાત પણ લીધી હતી.

→ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્સ્ટિટયૂટ ઓફ આર્કિયોલોજી સંસ્કૃતિ મંત્રાલય હેઠળના આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI)ની શૈક્ષણિક પાંખ છે.

❖ ગોવા પુરાત્વીય પ્રાચીન વસ્તુઓને સાફ કરવા ઈટાલીની **'સૂક્ષ્મ હવા ઘર્ષણ'** ટેકનિકનો ઉપયોગ કરનારૂ ભારતનું પ્રથમ રાજ્ય બનશે...

❖ **ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં 'ડિકશનરી ઓફ માર્ટયર્સ'નું વિમોચન કર્યું.**

→ તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં 'ડિકશનરી ઓફ માર્ટયર્સ'નું વિમોચન કર્યુ.

  → ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ભારતીય ઈતિહાસ અનુસંધાન પરિષદ પાસે આ શબ્દકોશ તૈયાર કરવામાં આવ્યો છે.

  → આ શબ્દકોશમાં 1857નો વિપ્લવ, જલિયાવાલા બાગ હત્યાકાંડ (1919), અસહકાર ચળવળ (1920-22), સવિનય કાનુન ભંગ (1930-44), હિંદ છોડો ચળવળ (1942-44), ક્રાંતિકારી ચળવળો (1915-34), ખેડૂત ચળવળ, આદિવાસી ચળવળ જેવી ઐતિહાસિક ક્રાંતિકારી ચળવળોના શહિદોના નામ અને તેમની વિગતોનું સમાવેશ કરવામાં આવ્યો છે.

  → આ શબ્દકોશનાં પાંચ ભાગ છે જેમાં ક્ષેત્રવાર વિવિધ પ્રદેશોના શહિદો વિશે માહિતી આપવામાં આવી છે જેમાંથી ત્રીજા ભાગમાં ગુજરાતના શહિદો વિશે માહિતી આપવામાં આવે છે.

- **ભારતીય ઐતિહાસિક અનુસંધાન પરિષદ :–**

  → આ સંસ્થાની સ્થાપના વર્ષ 1972માં સમાજ પંજીકરણ અધિનિયમ અંતર્ગત કરવામાં આવી.

  → આ સંસ્થાને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (University grant commission) દ્વારા નાણાની પૂર્તિ કરવામાં આવે છે.

  → આ સંસ્થાનું નિર્માણ ભારતના ઈતિહાસને સાચવવા તેમજ પ્રોત્સાહિત કરવાના ઉદેશ્યથી કરવામાં આવ્યું.

  → આ સંસ્થા ઈતિહાસકારો એક સાથે મળીને નવા વિચારો અને તેમના વર્તમાન કાર્ય પર ચર્ચા કરવા મંચ પ્રદાન કરે છે.

  → આ સંસ્થા અંગ્રે ભાષામાં 'Indian Historical Review' અને હિંદીમાં 'इतिहास' જેવી પત્રિકાઓ પ્રકાશિત કરે છે જેમાં ઈતિહાસ આધારિત લેખ આપેલા હોય છે.

  → આ સંસ્થાનું મુખ્યાલય નવી દિલ્હીમાં આવેલુ છે અને દક્ષિણમાં બેંગ્લોર અને પૂર્વોત્તરમાં ગુવાહાટી એમ બે ક્ષેત્રીય કેન્દ્રો આવેલા છે.

  → આ સંસ્થા માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

❖ **કર્ણાટકની જેડીએસ કોંગ્રેસ સરકારે 2019ને 'જળનું વર્ષ' ઘોષિત કર્યુ છે.**

→ આમ કરવાનો આશય જળના મહત્વ પર પ્રકાશ ફેંકવાનો તથા તેના સરંક્ષણ માટેના પ્રયાસો હાથ ધરવાનો છે. આ ઘોષણા બધા જ સરકારી વિભાગો પર લાગુ થશે. આ પહેલ દ્વારા પાણી અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે તથા જળના સદુપયોગને ઉત્તેજન અપાશે.

❖ **તાજેતરમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા # WWW : Web – Wonder Women નામથી એક અભિયાન લૉન્ચ કરવામાં આવ્યુ.**

→ આ અભિયાન પોતાની ક્ષમતાથી સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર હકારાત્મક અસર કરનારી મહિલાઓને સન્માન અને પ્રોત્સાહન આપે છે.

→ આ અભિયાન અંતર્ગત સમગ્ર વિશ્વમાંથી વેબ–વંડર વુમન તરીકે 30 ભારતીય મહિલાઓની પસંદગી કરવામાં આવી છે.

→ આ અભિયાન મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સાથે બ્રેક થ્રુ NGO અને ટવીટર ઈન્ડિયાના સહકારથી શરૂ કરવામાં આવ્યુ છે.

❖ **SIPRI દ્વારા પ્રસિદ્ધ કરાયેલ રિપોર્ટ અનુસાર સાઉદી અરેબિયા વિશ્વનો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ જાહરે થયો.**

→ આ રિપોર્ટ અનુસાર ભારત બીજા ક્રમાંકે છે.

→ વર્ષ 2014 થી 2018 સુધીમાં વૈશ્વિક હથિયારની આયાતમાં 9.5% હિસ્સો ભારતનો છે અને સાઉદી અરેબિયાનો હિસ્સો 12 ટકા છે.

→ ભારતમાં ચાલી રહેલા 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને કારણે હથિયારની આયાતમાં 2014-2018 દરમિયાન 24% નો ઘટાડો થયો છે.

→ વર્ષ 2014 થી 2018 દરમિયાન વિશ્વના સૌથી મોટા હથિયારોની નિકાસ કરતા દેશ ક્રમશઃ અમેરિકા, રશિયા, ફ્રાન્સ, જર્મની અને ચીન છે.

- **SIPRI (Stockholm International Peace Research Institute)**
  - ⇒ સ્થાપના : 6 મે, 1966
  - ⇒ હેતુ : નીતિ નિર્માતાઓ, સંશોધકો અને મિડિયામાં રસ ધરાવનાર લોકોને ખુલ્લા સ્ત્રોતો પર આધારિત માહિતી અને વિશ્લેષણ પુરી પાડવી.
  - ⇒ મુખ્યાલય : સોલના, સ્વીડન

❖ **તાજેતરમાં માનવ વિકાસ સંસાધનના કેન્દ્રિય મંત્રી પ્રકાર જાવેડકર દ્વારા યુવાઓના કૌશલ્ય વિકાસની મદદથી યુવાઓને સક્ષમ બનાવવા શ્રેયસ** (Scheme for higher education youth in Apprenticeship and skill) **યોજના શરૂ કરવામાં આવી.**

→ શ્રેયસ યોજના માનવ વિકાસ સંસાધન મંત્રાલય, શ્રમ મંત્રાલય અને કૌશલ વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સંયુકત પ્રયાસથી શરૂ કરવામાં આવી.

→ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક પ્રશિક્ષણ માટેની તકો પ્રદાન કરવાનો છે.

→ આ યોજના ડિગ્રી અભ્યાસક્રમો મુખ્યત્વે નોન ટેકનિકલ જેવા કે B.Sc / B.Com / B.A. ના વિદ્યાર્થીઓને ધ્યાનમાં લઈને બનાવામાં આવી છે.

→ વર્ષ 2022 સુધીમાં ભારતના 50 લાખ વિદ્યાર્થીઓને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવશે.

→ આ યોજનાનું સંચાલન રાષ્ટ્રીય પ્રશિક્ષણ સંવર્ધન યોજના (National Apprenticeship Promotional Scheme) સાથે કરવામાં આવશે જે બધા જ વ્યવસાય ઉદ્યોગમાં કુલ કાર્યબળના 10% પ્રશિક્ષકને રાખવાની જોગવાઈ કરે છે.

→ આ યોજના ક્ષેત્રીય કૌશલ્ય પરિષદો દ્વારા શરૂઆતમાં બેંકિંગ, વીમા સેવા, સ્વાસ્થય સંભાળ, લોજિસ્ટિક, મિડિયા જેવા ક્ષેત્રોમાં અમલીકરણ બનશે.

❖ **તાજેતરમાં સામાજિક ન્યાય અને સશકિતકરણના કેન્દ્રિય મંત્રી થાવરચંદ ગેહલોત દ્વારા ભારતીય ચિહ્ન ભાષા (Indian Sign Language) શબ્દકોષની બીજી આવૃત્તિનું વિમોચન કરવામાં આવ્યુ.**

→ આ શબ્દકોષ ભારતીય ચિહન ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા બનાવવામાં આવી. જે સામાજિક ન્યાય અને સશકિતકરણના વિકલાંગ વ્યકિતઓના સશકિતકરણ વિભાગ અંતર્ગત કાર્ય કરે છે.

→ શબ્દકોષની બીજી આવૃત્તિમાં શૈક્ષણિક, કાનુની, તબિબિ, તકનિકી અને રોજિંદા જીવનમાં વપરાતા શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે શબ્દકોષમાં શબ્દોની સંખ્યા 6000 થઈ.

❖ **તાજેતરમાં કર્ણાટક રાજ્યને પોતાની ખાસ પ્રકારની સીરસી સોપારી માટે વિશિષ્ટ ભૌગૌલિક નિર્દેશન (GI Tag - Geographical Indication Tag) મળ્યું. જે સોપારી આધારીત દેશનું પ્રથમ GI Tag છે.**

→ મધ્યમ કદ, ગોળ પરતું ચપટો આકાર, વિશિષ્ટ ડીઝાઈન, સ્વાદ વગેરેમાં શ્રેષ્ઠતમ એવી સીરસી સોપારીની ખેતી કર્ણાટકના યેલ્લાપુર, સિદ્ધાપુર અને સીરસી તાલુકા સિવાય બીજે કયાંય થતી નથી તથા આ સોપારી સફેદ અને લાલ એમ બન્ને રંગ ધરાવે છે.

→ ટોટગાર્સ કો–ઓપરેટિવ સેલ સોસાયટી (Totgars Cooperative Sale Society Ltd) આ સોપારીના રજીસ્ટર્ડ માલીક છે તથા આ સોપારીનો રજીસ્ટર્ડ GI નંબર 464 છે.

▪ **GI Tag વિશે....**

→ GI Tag એ કોઈપણ વસ્તુનુ ભૌગોલિક સ્થાન અથવા ઉત્પત્તિ સ્થાન દર્શાવે છે તે કોઈપણ ઉત્પાદન પર તે સ્થળની વિશેષ ઓળખ દર્શાવવા માટે લગાવવામાં આવે છે.

→ આ ટેગનો ફાયદો એ છે કે આ પ્રોડકટની નિકાસની પ્રાથમિકતા GI ટેગ ધરાવતા વિસ્તારને મળે છે.

→ ભારતમાં GI ટેગની શરૂઆત વર્ષ 2003 થી થઈ અને વર્ષ 2004માં ભારતમાં દાર્જીલિંગની ચા એવી પહેલી પ્રોડકટ છે જેને GI ટેગ મળ્યો છે.

→ GI Tag આપવાનું (નકકી કરવાનું) કાર્ય ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની અંતર્ગતના ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ (Dept. for Promotion Of Industry And Internal Trade)ની ઓફીસ "ભારતીય પેટન્ટ ઓફીસ (IPO Indian Patent Office) દ્વારા કરવામાં આવે છે.

❖ **તાજેતરમાં કોફીની 5 વિવિધતાઓ કુર્ગ અરેબીકા, વૈનાદ રોબુસ્ટા, ચીકમાગાલુર અરેબીકા, બાબા બુંદગીરી અરેબીકા અને અરાકુવેલી અરેબીકાને વિશિષ્ટ ભૌગૌલિક નિર્દેશન (GI-Geographic Indication) ટેગ મળ્યું.**

→ **કુર્ગ અરેબીકા**

→ આ પ્રકારની કોફી કર્ણાટકના કોડાગુ જિલ્લામાં ત્યાંની વિશિષ્ટ જૈવિક અને અજૈવિક પરિસ્થિતિઓના મિશ્રણને કારણે થાય છે, આ કોફી ગરમ થતાની સાથે જ એક મનમોહક સુગંધ અને સ્વાદ ધારણ કરે છે.

Banking Academy

→ **વૈનાદ રોબુસ્ટા**
- → કેરલના વૈનાદ વિસ્તારમાં આ કોફીની ખેતી મરી સાથે મિશ્ર પાક પદ્ધતિ મુજબ કરવામાં આવે છે.
- → કેરલમાં ઉત્પાદીત થતી કુલ કોફીના 90% કોફી આ વિસ્તારમાં ઉત્પાદિત કરવામાં આવે છે.

→ **ચીકમાગાલુર અરેબીકા**
- → આ પ્રકારની કોફીનું ઉત્પાદન કર્ણાટકના ચીકમાગાલુર જીલ્લામાં કરવામાં આવે છે અને આ એ જ જગ્યા છે જ્યાં ભારત ખાતે સૌપ્રથમ વખત કોફીની ખેતીની વ્યવસાયિક શરૂઆત કરવામાં આવી હતી.

→ **બાબાબુંદગીરી અરેબીકા**
- → કર્ણાટકના ચીકમાગ્લુર જીલ્લાના બાબાબુદંગીરી સ્થળ પર આ પ્રકારની કોફીનું ઉત્પાદન થાય છે. અહી કુદરતી રીતે સૌ પ્રથમ વખત કોફી ઉગી હોવાનું મનાય છે.
- → આ કોફી તેની સુગંધ અને ચોકલેટના પટ આધારિત સ્વાદને કારણે જાણીતી છે.

→ **અશકુવેલી અરેબીકા**
- → આ પ્રકારની કોફીનું ઉત્પાદન આંધ્રપ્રદેશના વીશાખાપટ્ટનમ્ તથા ઓડીશાના કોરાપુટ ખાતે થાય છે.
- → આ કોફી તેના ઓછા ખાટા અને દ્રાક્ષના પટવાળા સ્વાદને કારણે જાણીતી છે.

❖ **હાલમાં કેરળના કોઝીકોડ ખાતે ફરીવખત 7 વર્ષના એક બાળકમાં "વેસ્ટ નાઈલ વાઈરસ" (West Nile Virus) દેખાયો હોવાના અધિકૃત પુરાવા મળ્યા.**

→ આ એક પ્રકારનો ઝુનોટીક (માનવીને અસર કરતો પશુ આધારિત) રોગ છે. જેનો ફેલાવો મુખ્યત્વે પક્ષીઓ અને મચ્છરો દ્વારા થાય છે. જે મગજના જ્ઞાન તંતુઓને હાનિ પહોંચાડે છે અને પીડીતનું મૃત્યુ પણ નીવડી શકે છે.

→ આ વાઈરસ માટે હાલ સુધી કોઈ ચોકકસ રસી ન શોધાવાના કારણે તે ઘાતક નીવડી શકે છે અને તેથી ભારતમાં આ વાઈરસ પ્રસરે નહી તેની તકેદારી રૂપ કેરલના આ પીડીતને કેન્દ્ર સરકારની ખાસ ટીમની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે.

▪ **વેસ્ટ નાઈલ વાઈરસના લક્ષણો :**
- → સામાન્ય રીતે આ વાઈરસ કોઈપણ પ્રકારના લક્ષણો દર્શાવતું નથી અને તેથી જે તેની હાજરીની પીડિતને જાણ રહેતી નથી.
- → પરંતુ અમુક પરિસ્થિતિઓમાં આ વાઈરસ સખત માથું દુખવું, તાવ, થાક, ઉલટી વગેરે જેવા સામાન્ય લક્ષણો દર્શાવે છે અને ભયાવહરૂપ ધારણ કરે છે.

▪ **વેસ્ટ નાઈલ વાઈરસનો ફેલાવો:**
- → સામાન્ય રીતે આ વાઈરસ પક્ષીઓમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે અને જ્યારે કોઈ મચ્છર આવા વાઈરસ ધારક પક્ષીને કરડે અને લોહીના સંપર્કમાં આવે ત્યારે મચ્છર વાઈરસના સક્રીય પ્રસારક તરીકે વર્તવા લાગે છે.
- → આ પ્રકારનું પ્રસારક મચ્છર બાદમાં જેટલા પણ અન્ય પશુ, પક્ષી અથવા માનવીને કરડે તે દરેકને આ વાઈરસનો ભોગ બનાવે છે જેથી તે દરેક પશુ, પક્ષી અથવા માનવીમાં વાઈરસ સક્રીય બને છે અને તે દરેકમાંથી ફરી મચ્છર ધ્વારા આ વાઈરસને ફેલાવો થાય છે.
- → માણસથી માણસ આ વાઈરસના ફેલાવાના હાલ સુધી કોઈ નક્કર પુરાવા નથી મળ્યા પરંતુ શરીરના અંગોની અદલાબદલી (ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ) અને રકતદાનના કિસ્સામાં આ વાઈરસ ફેલાવાની સંભાવના પુરેપુરી રહેલ છે.

▪ **વેસ્ટ નાઈલ વાઈરસ વિશે...**
- → આ વાઈરસ સૌપ્રથમ વખત વર્ષ 1937માં આફ્રિકાના યુગાન્ડા ખાતે નાઈલ નદીની પશ્ચિમ (West) દિશાના એક ભાગમાં જોવા મળ્યો હતો જેથી તેનું નામ "વેસ્ટ નાઈલ વાઈરસ (West Nile Virus) રાખવામાં આવ્યું.
- → ત્યારબાદ વર્ષ 1999માં ઉત્તર અમેરિકામાં આ પ્રકારના વાઈરસ આધારિત કેસ ધ્યાનમાં આવ્યો અને સમય જતા ભારત સહીત દુનિયાના અન્ય દેશોમાં પણ તે જોવા મળ્યો.
- → ભારતમાં અગાઉ પણ ઘણી વખત આ વાઈરસની હાજરી જોવા મળી છે.
- → આ વાઈરસનું મુળ યુગાન્ડા જ માનવામાં આવે છે અને આફ્રિકામાંથી સૌથી વધુ પક્ષીઓ ઋતુ આધારિત સ્થળાંતર દરમિયાન અમેરિકા અને યુરોપમાં જાય છે, જેથી ત્યાં આ વાઈરસ વધુ વિકરાળ રૂપ ધારણ કરે છે.

## આંતરરાષ્ટ્રીય

❖ **મલેશિયાએ રોમ સ્ટેટયૂટનો સ્વીકાર કર્યો તે સાથે જ તે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)નું 124મું સભ્ય બની ગયુ છે.**

→ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એક આંતરસરકારી સંગઠન અને આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલ છે. તે નેધરલેન્ડના હેગમાં બેસે છે. ICCને માનવસંહાર, માનવતા વિરૂદ્ધના અપરાધો, યુદ્ધ અપરાધો જેવા આંતરરાષ્ટ્રીય ગુનાઓ બદલ અપરાધીઓને સજા કરવાની સત્તા છે. ICCએ 1જુલાઈ, 2002થી તેનું કાર્ય શરૂ કર્યુ છે. આ તારીખથી જ રોમ સ્ટેટયુટ અમલી બન્યું હતું. ICCના વડા ચિલી એબો–ઓસુજી છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના બાંગ્લાદેશી સમકક્ષ શેખ હસીના સાથે વીડિયો કોન્ફરન્સિંગ ના માધ્યમથી બાંગ્લાદેશમાં ચાર વિકાસલક્ષી પ્રકલ્પોનું સંયુકત રીતે ઉદ્ઘાટન કર્યુ હતું.**

→ બસો અને ટ્રકોનો પુરવઠો
→ 36 સામુદાયિક ક્લિનિકોનું ઉદ્ઘાટન
→ 11 જળ ઉપચાર પ્લાન્ટોનું ઉદ્ઘાટન
→ નેશનલ નોલેજ નેટવર્કનું વિસ્તરણ

▪ નેશનલ નોલેજ નેટવર્ક (NKN= રાષ્ટ્રીય જ્ઞાન નેટવર્ક) બધી જ રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ, કોલેજો અને સંશોધન સંસ્થાઓને ડિજિટલી જોડી દેશવ્યાપી વર્ચ્યુઅલ કલાસરૂમ્સની રચના કરવાનાં ઉદ્દેશ સાથેનું અત્યાધુનિક રાષ્ટ્રવ્યાપી સંસાધન વહેંચણી નેટવર્ક છે. NKN પ્રોજેકટ 2009માં 10 વર્ષના સમયગાળા માટે શરૂ કરાયો હતો. વર્તમાનમાં NKN કાર્યક્રમ ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામનો એક ઘટક છે. NKN એન્જિનિયરીંગ, વિજ્ઞાન, મેડિસન વગેરે જેવા વિશેષ ક્ષેત્રોમાં એડવાન્સડ, ડિસ્ટન્સ એજ્યુકેશનની સવલત કરી આપે છે. વિશ્વાસ નિર્માણના પગલાંના ભાગરૂપે, ભારતે NKN પ્રોજેકટને 6 SAARC સભ્ય દેશો અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ, નેપાળ અને શ્રીલંકા સુધી વિસ્તાર્યો છે પણ પાકિસ્તાનને તેમાંથી બાકાત રાખ્યું છે.

❖ ભારતે તાજેતરમાં ચીનમાં તેનું ત્રીજું IT કોરિડોર લોન્ચ કર્યુ છે. આ કોરિડોર ભારતીય અને ચાઈનીઝ કંપનીઓ વચ્ચે IT કોરિડોરના વિકાસમાં સહાય કરવા નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસીઝ કંપનીઝ (NASSCOM) એ ચીનના જિઆંગ્સુ પ્રાન્તના શુઝેઉ શહેર સાથે ભાગીદારી કરી છે. ભારતના અગાઉના બે કોરિડોર દલિયાન અને ગુઈયાંગ શહેરોમાં છે.

❖ **પુલાવામાં હુમલા પછી ભારતે પાકિસ્તાનને વૈશ્વિક ધોરણે દરેક રીતે એકલુ પાડી દીધું છે.**

→ આ અંતર્ગત ભારતે પાકિસ્તાનને સાઉથ એશિયા ફ્રી ટ્રેડ એરિયા (SAFTA) માં અલગ પાડવાની તૈયાર કરી લીધી છે. પુલવામાં હુમલા બાદ ભારતે 1996માં પાકિસ્તાનને આપેલો મોસ્ટ ફેવર્ડ નેશન (MFN)નો દરજ્જો પણ પાછો લઈ લીધો છે તથા પાકિસ્તાનની વસ્તુઓ પણ 200% ડ્યુટી લગાડી છે.

→ સાઉથ એશિયન ફ્રી ટ્રેડ એરિયા (SAFTA) સમજૂતી પાકિસ્તાનના ઈસ્લામાબાદ ખાતે યોજાયેલા 12માં સાર્ક (SAARC) સંમેલન દરમિયાન 6 જાન્યુઆરી, 2004ના રોજ કરવામાં આવી હતી. જે 1 જાન્યુઆરી, 2006 થી અમલમાં આવી છે. ભારત અને પાકિસ્તાન 2009માં સાફટામાં સામેલ થયા હતા. જેનો મુખ્ય ઉદ્દેશ દક્ષિણ એશિયામાં મુકત વ્યાપારને પ્રોત્સાહન આપવાનો છે.

→ **સાફટાના સભ્ય દેશો :** ભારત, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ, નેપાળ, શ્રીલંકા અને પાકિસ્તાન.

❖ **વિશ્વના મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગના સન્માનમાં યુનાઈટેડ કિંગ્ડમ (UK) એ 50 પેન્સનો નવો બ્લેક હોલ સ્મૃતિ સિક્કો જારી કર્યો છે.**

→ આ સિક્કાનું નામ જ 'બ્લેક હોલ સિક્કો' રાખવામાં આવ્યું છે. આ સ્મૃતિ સિક્કો સ્ટીફન હોકિંગ્સના બ્લેક હોલ અંગેના સીમાચિન્હરૂપ સંશોધનથી પ્રભાવિત છે. સિક્કાનું અનાવરણ મહાન ભૌતિક વિજ્ઞાનીના પુત્રી લ્યૂસી હોકિંગ તથા પુત્ર ટિમ હોકિંગે કર્યુ હતું. રોયલ મિન્ટ દ્વારા આ પૂર્વે સર આઈઝેક ન્યૂટન અને ચાર્લ્સ ડાર્વિનના સન્માનમાં પણ સિક્કા જારી કરાઈ ચૂક્યાં છે. બ્લેક હોલ સિક્કાની ડિઝાઈન બ્રિટિશ ડિઝાઈનર એડવિના એલિસે બનાવી છે. રોયલ મિન્ટની વેબસાઈટ પર આ સ્મારક સિક્કા સોના અને ચાંદીમાં અનુક્રમે 795 અને 55 પાઉન્ડસમાં ઉપલબ્ધ છે. સિક્કા ઉપર સ્ટીફન હોકિંગનું નામ કેપિટલ લેટર્સમાં લખોલું છે અને બાકીના ભાગમાં બ્લેક હોલનું પ્રતિનિધિત્વ કરતા વર્તુળો દોરવામાં આવ્યા છે.

❖ **નેપાળમાં ભારતીય દૂતાવાસે કોલેજો અને યુનિવર્સિટીઓ ખાતે વિવિધ અંડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો ચાલુ રાખવા પ્રભાવશાળી નેપાળી વિદ્યાર્થીઓ માટે 200 શિષ્યવૃત્તિની ઘોષણા કરી છે.**

→ આ શિષ્યવૃત્તિ ગોલ્ડન જ્યુબિલી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અપાશે. ભારત અને નેપાળના આર્થિક સહકારના 50 વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે નેપાળમાંના ભારતીય દૂતાવાસે ગોલ્ડન જ્યુબિલી સ્કોલરશિપ યોજના શરૂ કરી છે.

→ યોજના તળે MBBS/BDSના વિદ્યાર્થીને 5 વર્ષ સુધી દર મહિને રૂ.4,000, BEના વિદ્યાર્થીને ચાર વર્ષ સુધી પ્રતિ માસ રૂ.4,000 તથા અન્ય અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને 3 વર્ષ માટે પ્રતિ માસ રૂ.3,000 અપાશે.

❖ **ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં આયોજિત રિજનલ એન્ટિ–ટેરરિસ્ટ સ્ટ્રકચર (RATS)કાઉન્સિલની 34મી બેઠક દરમિયાન શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની પ્રથમ સંયુકત સૈન્ય કવાયત સારી–અર્કા એન્ટિ ટેરર 2019 યોજવાનો નિર્ણય લેવાયો હતો.**

→ બેઠકમાં પ્રથમ સંયુકત સરહદી કાર્યવાહી સોલિડારિટી 2019-2021 યોજવાનો નિર્ણય પણ લેવાયો હતો. SCOના સભ્ય દેશો–ચીન, કઝાખિસ્તાન, કિર્ગિઝ રિપબ્લિક, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત અને પાકિસ્તાન કઝાખિસ્તાનના સારી–અર્કા ક્ષેત્રમાં યોજાનારી આતંકવાદ વિરોધી સંયુકત કવાયત સારી–અર્કા એન્ટિ ટેરર 2019માં ભાગ લેશે.

▪ **RATS કાઉન્સિલ વિશે....**

→ શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)નું રિજનલ એન્ટિ–ટેરરિસ્ટ સ્ટ્રકચર (RATS=ક્ષેત્રીય આતંકવાદ વિરોધી માળખું) એક કાયમી અંગ છે, જે ત્રણ દુષણો આતંકવાદ, અલગાવવાદ અને ઉદ્દામવાદ વિરૂદ્ધ સભ્ય દેશોના સહકારને પ્રોત્સાહન આપે છે. જૂન 2004માં રચાયેલું RATS આતંકવાદ, સુરક્ષા, નશીલા દ્રવ્યોની હેરાફેરી, ગુનાખોરી અને સાયબર યુદ્ધની સમાન ચિંતાઓ અંગે SCOના સભ્ય દેશો વચ્ચેના સહકાર અને સંબંધોને વધુ સુદૃઢ બનાવવામાં વ્યસ્ત છે.

❖ **તાજેતરમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ અને સીરિયા વચ્ચેના વિવાદિત વિસ્તાર ગોલનની પહાડીઓને ઈઝરાયેલ પ્રદેશ તરીકે ઓળખાવ્યો છે.**

→ ગોલનની પહાડીઓ સીરિયાનો ભાગ હતી. જે ઈ.સ.1967ના યુદ્ધમાં ઈઝરાયેલે સીરિયા પાસેથી જીતી લઈ તેના પર પોતાનો કબજો જમાવ્યો છે. તાજેતરમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રંપે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની હાજરીમાં તે બાબત પર હસ્તાક્ષર કર્યા હતા. આમ, ગોલનની પહાડીઓને ઈઝરાયેલનો ભાગ દર્શાવનાર અમેરિકા પ્રથમ દેશ બન્યો છે.

❖ **પાકિસ્તાને POKમાં સ્થિત શારદા પીઠ કોરિડોરને હિન્દુ તીર્થયાત્રીઓ ખાસ કરીને ભારતના શ્રદ્ધાળુઓ માટે ખોલવાની અનુમતિ પ્રદાન કરી દીધી છે.**

→ પાકિસ્તાને ગુરુદ્વારા કરતારપુર સાહેબ અને ભારતના ગુરુદાસ પુર જિલ્લાના ડેરા બાબા નાનક વચ્ચે કોરિડોર અંગે સહમતિ સધાયા બાદ શારદા પીઠ કોરિડોરને ભારત માટે ખોલ્યો છે.

▪ **શારદાપીઠ અંગે જાણવા જેવુ....**

→ પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરમાં (POK)માં આવેલી શારદા પીઠ હિન્દુઓનું એક પ્રસિદ્ધ મંદિર છે. શ્રીનગરથી 130 કિ.મી. દૂર શારદા પીઠ દેવીની 18 મહાશક્તિ પીઠો પૈકીની એક છે.

→ હિન્દુ માન્યતાઓ અનુસાર, અહીંયા દેવી સતીનો જમણો હાથ પડયો હતો.

→ આ મંદિરને ઋષિ કશ્યપના નામથી કશ્યપપુર તરીકે પણ ઓળખવામાં આવતું હતું. શારદા પીઠમાં દેવી સરસ્વતીની આરાધના કરાય છે.

→ એવી માન્યતા છે કે ઋષિ પાણિનીએ અહીંયા તેમની અષ્ટાધ્યાયીની રચના કરી હતી. આ મંદિર વિદ્યા સાધનાનું મહત્વપૂર્ણ કેન્દ્ર હતું.

→ આ મંદિર લગભગ 5000 વર્ષ જૂનું છે અને મહારાજા અશોકના કાર્યકાળમાં ઈ.પૂ.237 માં તે મંદિરનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું.

❖ **ભારતે મહત્વાકાંક્ષી કલાદન ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા ભારતીય કર્મચારીઓને નિશાન બનાવવાની યોજના ઘડી રહેલા આંતકવાદીઓની છાવણીઓને નેસ્તનાબૂદ કરવા તાજેતરમાં મ્યાનમારના સૈન્ય સાથે મળીને 'ઓપરેશન સનરાઈઝ' હાથ ધર્યુ હતું.**

→ 'ઓપરેશન સનરાઈઝ' ફેબ્રુઆરી 2019ના મધ્યમાં કે માર્ચ 2019ના આરંભે કરાયું હોવાનું માનવામાં આવે છે. 'ઓપરેશન સનરાઈઝ' દરમિયાન પાડોશી મ્યાનમારમાં આંતકી જૂથના ઓછામાં ઓછા 10કેમ્પો પર હુમલો કરાયો હતો. 'ઓપરેશન સનરાઈઝ' નો મુખ્ય લક્ષ્યાંક ચીન દ્વારા તાલીમબદ્ધ કરવામાં આવતું આંતકવાદી જૂથ અરાકન આર્મી હતું.

→ આ પ્રોજેકટનો ઉદ્દેશ ભારતના કોલકત્તામાં આવેલા બંદરને મ્યાનમારમાં સ્થિત દરિયાઈ બંદર સિત્તવે સાથે જોડવાનો છે. પ્રોજેકટ અંતર્ગત સિત્તવે બંદર મ્યાનમારમાં જ કલાદન નદી મારફત બોટ માર્ગથી લાશિઓને જોડશે તથા લાશિઓ ભારતમાં મિઝોરમ સાથે સડક પરિવહનથી જોડાશે. પ્રોજેકટના કારણે કોલકત્તાથી મિઝોરમનું અંતર અંદાજે 1000 કિ.મી. ઘટી જશે. આથી ત્રણથી ચાર દિવસનો પ્રવાસ સમય બચશે.

❖ **તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપએ અમેરિકાની સંસદ કોંગ્રેસમાં ભારત અને તુર્કી પરથી Generalized System of Preference (GSP)નો દરજ્જો સમાપ્ત કરવા સુચવ્યુ.**

▪ GSP શું છે ?

→ GSP અમેરિકાના વ્યાપાર કાર્યક્રમ તરીકે 1976માં શરૂ કરવામાં આવ્યું

→ GSP વિકાસશીલ દેશોની આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા 129 નિયુકત લાભાર્થી દેશોમાંથી 4800 ઉત્પાદનોને અમેરિકામાં ડયુટી–ફ્રિ–એન્ટ્રી પુરી પાડે છે.

▪ GSP થી થતા લાભ :

→ GSP વિશ્વના ગરીબ દેશો તેમજ વિકાસશીલ દેશોને વેપાર દ્વારા પોતાની ગરીબી દૂર કરી આર્થિક વૃદ્ધિમાં પ્રોત્સાહન પૂરું પાડે છે.

→ અમેરિકન કંપનીઓ દ્વારા અમેરિકામાં માલ–સામાનના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવતી બીજા દેશોથી આયાત કરાયેલ ઈનપુટના ખર્ચમાં ઘટાડો કરીને GSP અમેરિકન સ્પર્ધાત્મકતાને પણ પ્રોત્સાહન આપે છે.

▪ GSP અને ભારત :

→ ભારત GSPનો સૌથી મોટો લાભાર્થી દેશ છે. ભારત એ 2017માં GSP હેઠળ 5.58 બિલિયન ડોલરની નિકાસ અમેરિકાને કરી હતી જે દ્વારા અમેરિકાને 2017માં થયેલ કુલ નિકાસના 12% જેટલી હતી.

→ ભારત દ્વારા GSP હેઠળ સૌથી વધુ નિકાસ કાર્બનિક રસાયણની કરવામાં આવે છે તેમજ ત્યારબાદ વાહનના ભાગ, ફર્નિચર, વિજળીના સાધનો પણ મુખ્યત્વે છે.

→ ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય અનુસાર, GSP હેઠળ નિકાસ પામતા 5.6 બિલિયન ડોલરના વેપારમાં 190 મિલિયન ડોલરની નિકાસમાં GSPની સમાપ્તિના કારણે અસર થશે.

→ ભારત સરકારના વિદેશ મંત્રાલયના સ્ત્રોત મુજબ, GSPની સમાપ્તિ અગાઉ ભારત પાસે 60 દિવસનો સમયગાળો છે આ સમય દરમિયાન ભારત સરકાર અમેરિકા સાથે વાતચીત કરીને GSPની સમાપ્તિ વિચાર રોકી શકે છે.

→ ભારત દ્વારા GSPની વૈકલ્પિક નિતી : ભારતનુ વેપાર બજાર લેટીન અમેરિકા અને આફ્રિકા સાથે સુમેળભર્યું હોવાથી GSPની સમાપ્તિ પછી ભારતના વેપાર બજારમાં માઠી અસર જોવા મળશે નહી.

❖ **તાજેતરમાં કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથ સિંહે આસામના ધુબી જિલ્લા ખાતે ભારત–બાંગ્લાદેશ સરહદ પર 'Smart Fence' ઉદ્‌ઘાટન કર્યું.**

→ ભારત પોતાની સૌથી લાંબી સરહદ બાંગ્લાદેશ સાથે ધરાવે છે જેની લંબાઈ 4096 કિમી છે. આ સાથે આસામ રાજ્ય બાંગ્લાદેશ સાથે 263 કિમી લાંબી સરહદ ધરાવે છે જેમાંથી મોટા ભાગની સરહદ પર વાડ (Fence) બાંધવામાં આવી હતી પરંતુ આસામના ધુબી જિલ્લામાં બ્રહ્મપુત્રા નદી અને તેની સહાયક નદીઓના કારણે બનતા 61 કિમી ભૂપ્રદેશમાં નદીઓમાં આવતા અવાર–નવાર પૂરના કારણે વિસ્તાર ખુલ્લો હતો જેનાથી ઘુસણખોરી થતી હતી. જે 'Smart-Fence' ના નિર્માણથી અટકાવી શકાશે.

▪ **BOLD – QIT :-**

→ આ Smart Fence ને Border Electronically Dominated QRT interception Technique – (BOLD-QIT) તરીકે ઓળખવામાં આવે છે.

→ જેનો વિકાસ વ્યાપક સંકલિત સરહદ વ્યવસ્થાપન પદ્ધતિ (Comprehansive Intergrated border management system – CIBMS) હેઠળ કરવામાં આવે છે.

▪ **Comprehansive Intergrated border management system :-**

→ CIBMS સીમા સુરક્ષાની વર્તમાન પદ્ધતિમાં માનવ સંસાધનો, હથિયારો અને ઉચ્ચ તકનિકી દેખરેખના સાધનોથી સજ્જ એક મજબૂત અને સંકલિત પદ્ધતિ છે.

→ જેનો ઉદ્દેશ દેશમાં ઘુસણખોરી અને સરહદી હુમલાને અટકાવવાનો છે.

→ આ પદ્ધતિ નવીનતમ તકનીકનો ઉપયોગ કરીને જમીન, પાણી ને હવા તમામ દ્વારા થતી ઘુસણખોરી શોધી શકે છે.

→ CIBMSના ઉપયોગ આધારિત મુખ્ય ત્રણ ઘટકોમાં (1) Virtual Fence (2) આદેશ અને નિયંત્રણ (Command & Control) અને CIBMS ને ચલાવવા (3) ઊર્જા વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.

## અર્થતંત્ર

❖ **વિશ્વમાં ખાંડના ઉત્પાદનમાં બીજો ક્રમ ધરાવતા ભારત સામે બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયાએ વિશ્વ વેપાર સંગઠન (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝશેન–WTO)માં ફરિયાદ કરી છે.**

→ બન્ને દેશોએ આક્ષેપ કર્યો છે કે ભારતમાં ખેડૂતોને સતત અપાતી સબસિડીના કારણે સમગ્ર વિશ્વમાં ખાંડના ભાવોમાં હતાશા જોવા મળે છે અને ભાવોમાં ખૂબ વધારો થયો છે. ઓસ્ટ્રેલિયા સરકારના વેપાર, પ્રવાસન અને મૂડી રોકાણ મંત્રી સિમાને બર્મિંગહામે કહ્યું હતું કે ભારતની ખેડૂતોની સબસિડી આપવાની પ્રથા WTOથી વિપરીત છે.

❖ **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના વૈશ્વિક ઊર્જા સંક્રાંતિ સૂચકાંકમાં ભારત 76માં સ્થાને છે.**

→ ભારતે ગત સૂચકાંકની તુલનામાં બે સ્થાનની છલાંગ લગાવી છે. WEF ના વાર્ષિક સૂચકાંકમાં 115 દેશોને રેન્કિંગ અપાયા હતા. જેમાં પ્રથમ ક્રમે સ્વીડન, બીજા સ્થાને સ્વિત્ઝરલેન્ડ અને ત્રીજા ક્રમે નોર્વે છે. આ સૂચિમાં વિવિધ દેશોને ઊર્જા સુરક્ષા તથા પર્યાવરણીય સ્થિરતા અને સામર્થ્ય માર્ગને સંતુલિત કરવામાં તેઓ કેટલા સક્ષમ છે એ આધારે સ્થાન અપાયું છે.

❖ **તાજેતરમાં નવી દિલ્હી ખાતે મળેલી GST કાઉન્સિલની 34 મી બેઠકમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને લગતા કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.**

➜ જે અંતર્ગત રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે GST દરમાં સુધારાઓ કરવામાં આવ્યા છે. જે 1 એપ્રિલ, 2019થી લાગુ પડશે. GST કાઉન્સિલે બિલ્ડરોને નિર્માણધીન મકાનો પર જૂના અથવા નવા ટેકસ સ્લેબ બન્નેમાંથી કોઈપણ એક ટેકસ સ્લેબ પસંદ કરવાનો વિકલ્પ આપ્યો છે. નવા દરો મુજબ નિર્માણાધીન એફોર્ડેબલ મકાનો ઉપર લાગુ કરાયેલા 8%ના દરને ઘટાડીને 1% કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય મકાનો પર લાગુ કરાયેલા 12%ના દરને ઘટાડીને 5% કરવામાં આવ્યા છે.

- **GST કાઉન્સિલે બિલ્ડરને આપેલા બે વિકલ્પો....**
  - ➜ **વિકલ્પ–1 :** જે પ્રોજેકટ 31 માર્ચ, 2019 સુધી પુરાં ન થયા હોય એટલે કે બાંધકામ અથવા બુકિંગ 1 એપ્રિલ, 2019 પહેલા શરૂ થઈ ગયું હોય તેમણે જૂના દરો પ્રમાણે GST ચૂકવવાનો રહેશે. જે અનુસાર, એફોર્ડેબલને 8% અને અન્ય મકાનોને 12% ચૂકવવાના રહેશે. તેમાં ઈનપુટ ટેકસ ક્રેડિટ (ITC) પણ લઈ શકાશે.
  - ➜ **વિકલ્પ–2 :** જો બિલ્ડર્સ નવા સ્લેબ મુજબ ટેકસ ભરવા ઈચ્છતો હોય તો તેણે એફોર્ડેબલ મકાનોમાં **1%**જ્યારે અન્ય ઉપર **5%** ટેકસ ભરવાનો રહેશે. તેમાં બિલ્ડર્સને ઈનપુટ ટેકસ ક્રેડિટ **(ITC)** મળશે નહી.
- **1% સ્લેબ અંતર્ગત આવતા મકાનો....**
  - ➜ જે મકાનો GST કાઉન્સિલની એફોર્ડેબલ હાઉસિંગની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા હોય તથા મકાનની કિંમત 45 લાખથી ઓછી હોય.
  - ➜ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ સાથે જોડાણ કરીને વર્તમાન સમયમાં બની રહેલા મકાનો કે જેમની નોંધણી 8% GST હેઠળ થઈ હોય.
- **5% સ્લેબ અંતર્ગત આવતા મકાનો....**
  - ➜ એફોર્ડેબલ ન ગણી શકાય તેવા તમામ મકાનો જેનું બાંધકામ અથવા બુકિંગ 1 એપ્રિલ, 2019 પહેલાં શરૂ થઈ ગયું હોય.
  - ➜ તે મકાનો જેનું બુકિંગ 1એપ્રિલ, 2019 પહેલા શરૂ થયું હોય પણ 1 એપ્રિલ, 2019 પછીના તમામ ઈન્સ્ટોલમેન્ટ ઉપર નવા દરો લાગુ થશે.
  - ➜ તેવા તમામ કોમર્શિયલ એપાર્ટમેન્ટ જેનો કાર્પેટ એરિયા કુલ કાર્પેટ એરિયાના 15% થી વધુ ન હોય.
- **એફોર્ડેબલ હાઉસિંગ એટલે શું?**
  - ➜ જે મકાનોનો વિસ્તાર મેટ્રો શહેરમાં **60** ચો.મીટર અને નોન મેટ્રો શહેરોમાં **90** ચો.મીટર સુધીનો હોય તથા તેની કિંમત 45 લાખ સુધીની હોય તે મકાનોનો સમાવેશ એફોર્ડેબલ હાઉસિંગમાં કરવામાં આવે છે.

❖ **ઓકટોબર–ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતનો આર્થિક વિકાસ ઘટીને 6.6% થયો છે.**

➜ જે છેલ્લા પાંચ ત્રિમાસિકનો સૌથી ઓછો છે. ગત નાણાંકીય વર્ષમાં આ જ સમયગાળાનો GDP 7% રહ્યો હતો.

➜ નાણાંકીય વર્ષ 2018-19ના પ્રથમ અને દ્વીતીય માસિકમાં GDP ક્રમશઃ 8 અને 7% રહ્યો હતો. તેમ સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકસ ઓફિસ (CSO) એ એક નિવેદનમાં જણાવ્યું હતું.

❖ **આઝાદ ભારતના ઈતિહાસમાં પ્રથમવાર કેન્દ્ર સરકાર રૂા.20નો સિક્કો બહાર પાડયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજ્ઞાચક્ષુ લોકો માટે સુવિધારૂપ રૂા.1,2,5,10 તથા 20ના સિક્કાની નવી સીરિઝ જારી હતી હતી. આ તમામ સિક્કમાં રૂા.20ના સિક્કા સિવાયના સિક્કાઓ વર્તુળાકાર રાખવામાં આવ્યા છે.**

➜ સિક્કાની હેડ સાઈડ પર અશોક સ્તંભ અને તેની નીચે સત્યમેવ જયતે લખેલું છે. સિક્કાના પરિઘની ડાબી બાજુએ હિન્દીમાં ભારત અને જમણી બાજુએ અંગ્રેજીમાં ઈન્ડિયા લખેલું છે.

➜ સિક્કાના પરિઘની ડાબી બાજુએ હિન્દીમાં ભારત અને જમણી બાજુએ અંગ્રેજીમાં ઈન્ડિયા લખેલું છે.

➜ સિક્કાના પરિઘની ડાબી બાજુએ કૃષિ પ્રધાન ભારતની કૃષિના પ્રતિક છે.

- **રૂા.20ના સિક્કા વિશે.....**
  - ➜ **કુલ ખુણા : 12**
  - ➜ **સિક્કાનું વજન : 8.54** ગ્રામ
  - ➜ આઉટર રિંગ : **65%** તાંબુ, **15%** ઝિંક, **20%** નિકલ
  - ➜ **ઈનર રિંગ : 75%** તાંબુ, **20%** ઝિંક, **5%** નિકલ

❖ **તાજેતરમાં જ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ જારી કરેલા જાહેરનામા મુજબ દરેક બિઝનેસ કંપનીઓએ આધારના ઉપયોગ થકી કસ્ટમર વેરિફિકેશન માટે રૂા.20 ચુકવવા પડશે.**

➜ આ ઉપરાંત દરેક વ્યવહારની ચકાસણી માટે પડપૈસા ચૂકવવા પડશે. UIDAI એ જણાવ્યુ હતું કે આધાર ઓથેન્ટિકેશન સર્વિસ હેઠળ દરેક ઈ–કેવાયસી વ્યવહાર માટે રૂા.20 **ચ**કવવા પડશે. જો કે સરકારી વિભાગો અને ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટને આ ચાર્જીસમાંથી મુકત રાખવામાં આવ્યા છે. UIDAIએ જાહેરનામામાં જણાવ્યું છે કે વેરિફીકેશન કર્યાના 15 દિવસમાં ચાર્જીસની આ રકમ જમા કરાવવી પડશે. જો 15 દિવસમાં આ રકમ જમા કરાવવામાં નહિ આવે તો તેના પર 1.5 ટકાના દરે વ્યાજ વસૂલવામાં આવશે.

❖ **તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે જર્મન ઓટોમોબાઈલ કંપની ફોકસવેગનને 500કરોડનો દંડ ફટકાર્યો છે.**

➜ ફોકસવેગને ભારતમાં રહેલી ડીઝલ કારમાં ચીટ ડિવાઈસનો ઉપયોગ કરી પર્યાવરણને નુકશાન પહોંચાડયું છે. NGTના ચેરમેન જસ્ટિસ આદર્શ ગોયલના વડપણ હેઠળની બેંચે આ રકમ બે મહિનામાં જમા કરાવવાનો આદેશ કર્યો હતો. જો કે કાર ઉત્પાદન કંપનીએ કહ્યું હતું કે તેમણે BS-5ના કોઈપણ નિયમનો ભંગ કર્યો નથી. આ પહેલા ટ્રિબ્યુનલે પર્યાવરણના નુકશાન બદલ કાર ઉત્પાદક કંપનીને સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડમાં વચગાળાના 100 કરોડ જમા કરાવવા કહ્યું હતું. પ્રદૂષણ પર નિયંત્રણ રાખતી દેશની સર્વોચ્ચ સંસ્થા આ દંડની રકમનો ઉપયોગ દેશના પાટનગર અને વધુ પ્રદૂષિત શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કરશે.

❖ **તાજેતરમાં જાહેર ક્ષેત્રની બેંક ઓફ બરોડાએ 'બરોડા કિસાન' નામના કૃષિ ડિજિટલ પ્લેટફોર્મના વિકાસ અંગે ઘોષણા કરી હતી.**

➜ આ પ્લેટફોર્મ દ્વારા કૃષિ સંબંધી જરૂરિયાતો માટે સમાધાનો પ્રદાન કરાશે. આ પ્રોજેકટનો ઉદ્દેશ કૃષિ ઉપકરણો ભાડે લેવા, વિશ્વાસ પાત્ર માહિતી તથા કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે માર્કેટ લિકેજ વગેરેની જાણકારી આપવાનો છે.

❖ **નેશનલ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA)એ કેન્સરની 390 નોન–શિડયુલ્ડ દવાઓની કિંમતમાં 87% સુધીનો ઘટાડો કર્યો છે. આ ભાવ ઘટાડાથી ભારતમાં કેન્સરના અંદાજે 22 લાખ દર્દીઓના વર્ષે 800 કરોડ રૂપિયા બચશે.**

➔ નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA)ની સ્થાપના 1997માં કરાઈ છે. તે ભારતમાં દવાઓના ભાવો માટેની એક સ્વતંત્ર નિયામક છે. દર્દીઓને કિફાયતી ભાવે દવાઓ સરળતાથી ઉપલબ્ધ બની રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી NPPA બની છે. તે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલય અંતર્ગત કાર્યરત છે. NPPAનેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ પોલિસી 2012નો અમલ કરાવે છે.

❖ **કેન્દ્રીય મંત્રીમંડળે 28 ફેબ્રુઆરી, 2019ના સોફટવેર ઉત્પાદનો અંગેની રાષ્ટ્રીય નીતિ–2019ને લીલી ઝંડી આપી દીધી છે. જેથી ભારતને સોફટવેરનું ઉત્પાદન કરતા દેશ તરીકે વિકસિત કરી શકાય.**

➔ કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, આ નીતિના અમલીકરણથી વર્ષ 2025 સુધીમાં 65 લાખ નોકરીઓનું સર્જન થશે.

➔ આ નીતિ મારફત ભારતીય સોફટવેર ઉત્પાદન ઉદ્યોગના નિર્માણને પ્રોત્સાહન અપાશે. 2025 સુધીમાં વૈશ્વિક સોફટવેર ઉત્પાદન બજારમાં ભારતની હિસ્સેદારીમાં 10 ગણો વધારો કરવાનો લક્ષ્યાંક રખાયો છે.

➔ સોફટવેર ઉત્પાદન ઉદ્યોગમાં 10000 ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સને તૈયાર કરવામાં આવશે, જેમાં ટિયર–2 તથા ટિયર–3 નગરોમાં 1000 ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સ પણ સામેલ થશે. તેનાથી 2025 સુધીમાં 35 લાખ લોકો માટે રોજગારના નવા અવસરો સર્જાશે.

➔ દેશભરમાં 28 સેકટોરલ સોફટવેર ઉત્પાદન વિકાસ કલસ્ટર સ્થાપવામાં આવશે.

➔ આ નીતિના અમલીકરણ પર દેખરેખ રાખવા સરકાર, શિક્ષણ સંસ્થાઓ તથા ઉદ્યોગની સહાયતાથી રાષ્ટ્રીય સોફટવેર ઉત્પાદન મિશનની સ્થાપના કરાશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં આયોજિત કન્સ્ટ્રકશન ટેકનોલોજી ઈન્ડિયા–2019 એકસ્પો–કમ–કોન્ફરન્સ ખાતે એપ્રિલ 2019થી માર્ચ 2020ને કન્સ્ટ્રકશન ટેકનોલોજી વર્ષ જાહેર કર્યુ છે.**

➔ કન્સ્ટ્રકશન ટેકનોલોજી વર્ષ ઘોષિત કરવાનો ઉદ્દેશ વિશ્વમાં ઉપલબ્ધ છેલ્લામાં છેલ્લી ટેકનોલોજીઓનો ઉપયોગ કરીને આવાસ નિર્માણ ક્ષેત્રને નવી ગતિ આપવાનો છે.

➔ ભારતે એફોર્ડેબલ હાઉસિંગને ફાસ્ટ ટ્રેક પર મૂકવા અને 2022 સુધીમાં 1.2 કરોડ મકાનોના નિર્માણનો લક્ષ્યાંક મકાનોના નિર્માણનો લક્ષ્યાંક પૂર્ણ કરવા ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ (GHTC) પણ લોન્ચ કરી છે.

➔ ઊર્જા દક્ષતા બ્યૂરો (બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી–BEE) એ ભારતમાં ઉર્જા દક્ષતામાં ઝડપ લાવવા એક રાષ્ટ્રીય રણનીતિ દસ્તાવેજ વિકસિત કર્યો છે. UNNATEE (અનલોકિંગ નેશનલ એનર્જી એફિશિયન્સી પોટેન્શિયલ) નામક રણનીતિ દસ્તાવેજ ઊર્જા પુરવઠા–માંગ પરિદૃશ્યો અને ઊર્જા દક્ષતા અવસરો વચ્ચે એક સ્પષ્ટ સંબંધ સ્થાપિત કરવા માટે એક સાદા માળખા અને ક્રિયાન્વયન રણનીતિનું વર્ણન કરે છે.

❖ **તાજેતરમાં ક્ષેત્રીય વ્યાપક આર્થિક ભાગીદારી (રિજનલ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ–RCEP)ની 7મી આંતરસત્રીય મંત્રીસ્તરીય બેઠકનું આયોજન કંબોડિયાના સીયેમ રીપમાં 2જી માર્ચ, 2019ના કરાયું હતું.**

➔ આ બેઠકમાં વસ્તુઓ, સેવાઓ, મૂડીરોકાણ, આર્થિક તથા ટેકનિકલ સહયોગ, પ્રતિસ્પર્ધા તથા બૌદ્ધિક સંપદા અધિકાર વગેરે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં ભારત વતી કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ તથા નાગરિક ઉડ્ડયન મંત્રી સુરેશ પ્રભુએ ભાગ લીધો હતો.

➔ રિજનલ કોમ્પ્રેહેન્સિવ ઈકોનોમિક પાટર્નરશિપ (RCEP)10 આસિયાન દેશો (બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપુર, થાઈલેન્ડ અને વિયતનામ) તથા તેના 6 મુકત વ્યાપાર સમજુતી (FTA) ભાગીદારો (ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા) વચ્ચે એક પ્રસ્તાવિત મુકત વ્યાપાર સમજુતી (ફ્રી ટ્રેડ એગ્રમેન્ટ) છે.

➔ આ વ્યાપારિક સમજૂતી માટે મંત્રણાનો દોર કંબોડિયામાં 2012ના આસિયાન શિખર સંમેલનમાં શરૂ થયો હતો.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ઓફશોર રૂપી માર્કેટ્સ સાથે સંબધિત બાબતો ચકાસવા તેના પૂર્વ ડેપ્યુટી ગવર્નર ઉષા થોરાટની અધ્યક્ષતા હેઠળ એક સમિતિની રચના કરી છે. ઉષા થોરાટ સમિતિને ઘરેલું ચલણના બાહ્ય મૂલ્યની સ્થિરતાને સુનિશ્ચિત કરવાના નીતિ વિષયક પગલાંઓની ભલામણ કરવા જણાવાયું છે.**

➔ ઉષા થોરાટ સમિતિ ઓફશોર રૂપી માર્કેટના વિકાસ પાછળના કારણનો અભ્યાસ કરશે તથા ઘરઆંગણાના બજારમાં રૂપિયાના વિનિમય દર અને બજારની પ્રવાહિતા (તરલતા) પર ઓફશોર બજારોની અસરો ચકાસશે.

➔ સમિતિ ઓફશોર રૂપી ટ્રેડિંગથી જો કોઈ ચિંતા ઉભી થાય તેમ જણાશે તો તેના ઉકેલના પગલાની પણ ભલામણ કરશે તથા ઘરેલું બજારમાં પ્રવેશવા બિનનિવાસીઓ માટેના પ્રોત્સાહનો પેદા કરવાના પગલાં પણ સૂચવશે.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI)એ 14 માર્ચ, 2019ના IDBI બેંકને ખાનગી ક્ષેત્રની બેંકની શ્રેણીમાં રાખી દીધી છે.**

➔ LIC દ્વારા IDBI બેંકમાં 51 ટકા હિસ્સેદારી હસ્તગત કરાયા બાદ RBIએ આ પગલું ભર્યુ છે. RBI એ નિયમનકારી ઉદ્દેશથી IDBI બેંકને ખાનગી ક્ષેત્રની બેંકની શ્રેણીમાં રાખી છે.

▪ **RBI નો નિર્ણય....**

  ➔ IDBI બેંકને RBIના PCA ફ્રેમવર્ક અંતર્ગત રાખવામા આવી છે.

  ➔ RBIનું PCA ફ્રેમવર્ક બેંક દ્વારા કંપનીઓને આપવામાં આવનારૂ ધિરાણ તથા તેની શાખાઓનું વિસ્તરણ, પગાર વધારા તથા અન્ય નિયમિત પ્રવૃત્તિઓ પણ પ્રતિબંધ લાદે છે.

  ➔ RBIએ તેના નવા શેરધારક LIC સાથે મળીને બેંક તથા વીમાને એક છત નીચે લાવવા માટે પુનરુદ્ધાર રણનીતિ તૈયાર કરી છે.

  ➔ IDBI બેંકમાં માલિકી હક સરકારના સ્થાને LICના હાથમાં ગયા બાદ બેંક હવે ખાનગી ક્ષેત્રનું સાહસ બની ગઈ છે.

Banking Academy

❖ **ભારતની કિફાયતી ભાડાની એરલાઈન કંપની સ્પાઈસજેટ તાજેતરમાં ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) માં જોડાઈ છે.**

→ 290 એરલાઈન્સના સભ્યો તરીકે સમાવેશ કરતાં IATA માં સામેલ થનારી સ્પાઈસજેટ ભારતની પ્રથમ બજેટ કેરિયર કંપની છે.

→ IATAમાં સામેલ થયા બાદ સ્પાઈસજેટ અન્ય આંતરરાષ્ટ્રીય સદસ્ય એરલાઈન્સ સાથે સહકાર સાધી શકશે. જેથી સ્પાઈસજેટને તેના નેટવર્કનું વિસ્તરણ કરવાની તક મળશે.

→ IATA આંતરરાષ્ટ્રીય એરલાન્સ માટે એક વ્યાપાર સંઘ છે. તેની સ્થાપના ઈ.સ.1945માં કરાઈ હતી. IATAનું વડુમથક કેનેડાના મોન્ટ્રિયલમાં છે. IATAમાં 280 એરલાઈન્સ સામેલ છે. આ સંગઠન હવાઈ યાત્રા ક્ષેત્ર સાથે સંબંધિત નીતિઓ તથા માપદંડો નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

❖ **તાજેતરમાં નીતિ આયોગ અને વાણિજ્ય મંત્રાલય મળીને એક્ષ્પોર્ટ ઈન્ડેકસ બનાવવાની કવાયત પર કામ કરી રહ્યા છે.**

→ જેથી ભારતીય રાજ્યોમાં નિકાસ માટે સ્પર્ધા ઉત્પન્ન કરી શકાય અને ભારતીય નિકાસમાં વધારો કરી શકાય. ઈન્ડેકસ તૈયાર કરવામાં રાજ્યના અલગ અલગ માપદંડો ધ્યાનમાં લેવામાં આવશે.

→ જેમકે, રાજ્યોની વ્યવસાયિક નીતિઓ, વ્યાપારિક માળખાગત સુવિધાઓ, લોનની ઉપલબ્ધતા, કુલ મળીને નિકાસ બજાર તથા અન્ય કોઈપણ રાજ્યથી મળનારી કુલ નિકાસ.

→ આ ઈન્ડેકસમાં કુલ છ સબહેડ હશે. અમુક આંતરરાષ્ટ્રીય માપદંડો હશે. નિકાસ ઈન્ડેકસ તૈયાર કરવામાં નીતિ આયોગ આયાત–નિકાસ બેંક (Exim બેંક) ભારતીય વિદેશ વ્યપાર સંસ્થા તથા વાણિજ્ય મંત્રાલયના વિવિધ વિભાગો સાથે વિચારણા કરશે.

→ ભારત સરકારના અનુમાન મુજબ, નાણાંકીય વર્ષ 2018–2019 માં નિકાસ 7.3% વધીને 325 અબજ ડોલર થઈ જશે.

❖ **તાજેતરમાં લંડન સ્થિત ધ ઈકોનોમીસ્ટ ઈન્ટેલીજન્સ યુનિટ (The Economist Intelligence Unit) દ્વારા વૈશ્વિક સ્તરે વસવાટ કરવાના ખર્ચ આધારિત એક સર્વે જાહેર કરવામાં આવ્યો.**

→ આ સર્વે અનુસાર પ્રથમ વખત વિશ્વના સૌથી વધુ મોંઘા શહેરોની યાદીમાં પ્રથમ ક્રમે 3 શહેરો (સિંગાપુર, હોંગકોંગ અને પેરિસ) રહેવા પામ્યા.

→ જ્યારે વિશ્વના સૌથી સસ્તા 10 શહેરોની યાદીમાં ભારતના 3 શહેરો બેંગ્લોર, ચેન્નાઈ અને દિલ્હી સમાવિષ્ટ છે.

▪ **The Economic Intelligence Unit વિશે....**

→ આ સંસ્થા વૈશ્વિક સ્તરે મીડીયાના ક્ષેત્રમાં પ્રસિદ્ધ 'The Economist'ના અંતર્ગતની જ એક સંસ્થા છે. જેની સ્થાપના વર્ષ 1946માં કરવામાં આવી.

→ આ સંસ્થાનો ધ્યેય વૈશ્વિક સ્તરે થતા વ્યાપારના નવા સંસોધનો અને વિશ્લેષણોના આધારે સેવા પુરી પાડવાનું તથા ભવિષ્યની નીતિઓ બનાવવાનું છે.

→ લંડન ખાતે મુખ્યાલય ધરાવતી આ સંસ્થા વિશ્વમાં અન્ય 24 કેન્દ્રો સાથે 25ભાષામાં વૈશ્વિક સ્તરે કાર્ય કરે છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રી મંડળે એર ઈન્ડિયા અને તેની સબડિયરીઝ/સંયુકત સાહસોના વિનિવેશ માટે સ્પેશિયલ પર્પઝ વેહિકલ(SPV)ની રચના અને સંલગ્ન પ્રવૃત્તિઓ હાથ ધરવાની અનુમતિ આપી દીધી છે.**

▪ **એર ઈન્ડિયા એસેટ્સ હોલ્ડિંગ લિ...**

→ એર ઈન્ડિયા એસેટ્સ હોલ્ડિંગ લિ.નું રૂા.29,464 કરોડનું દેવું એર ઈન્ડિયા એસેટ્સ, હોલ્ડિંગ લિ. ને હસ્તાંતરિત કરાશે. હસ્તાંતરિત કરાશે.

→ એર ઈન્ડિયાના વ્યૂહાત્મક વિનિવેશનો ભાગ નથી તેવી સબસિડિયરીઝ (સહાયોગી કંપનીઓ) જેવી કે એર ઈન્ડિયા એર ટ્રાન્સપોર્ટ સર્વિસ લિ. (AIATSL), એરલાઈન એલાઈડ સર્વિસીઝ લિ. (AASL), એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીઝ લિ. (AIESL) અને હોટલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. (HCL) ને SPVમાં ખસેડાશે.

→ એર ઈન્ડિયા લિ.ની નોન–કોર–એસેટસ, પેઈન્ટિંગ અને આર્ટફેકટ્સ તથા અન્ય નોન–ઓપરેશનલ એસેટ્સ પણ SPVને તબદીલ કરાશે.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) તથા બેંક ઓફ જાપાને તાજેતરમાં 75 અબર ડોલરના દ્વિપક્ષીય સ્વેપ એરેન્જમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે.**

→ તેની શરૂઆત 29ઓકટોબર, 2018ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાપાન પ્રવાસ દરમિયાન થઈ હતી.

→ આ પગલાથી દેશના વિદેશી મુદ્રા ભંડાર તથા મૂડી બજારમાં મજબૂતી આવશે. આ સમજૂતીથી બન્ને દેશ તેમના ચલણોની અદલબદલ કરી શકે છે.

→ કરન્સી સ્વેપ (મુદ્રા વિનિમય) સમજૂતી એક વિદેશી વિનિમય સમજૂતી છે તે બે પક્ષે વચ્ચે એક ચલણના બદલે બીજા ચલણ માટે એક નિશ્ચિત સમય સુધી કરવામાં આવે છે.

→ કરન્સી સ્વેપથી ભારતને આયાતની ચૂકવણી કરવામાં સરળતા રહેશે. તેનાથી અવમૂલ્યનની સમસ્યા પણ દૂર થઈ જશે.

→ કરન્સી સ્વેપથી સ્થાનિક ચલણમાં વ્યાપાર કરી શકાતો હોવાથી બન્ને દેશો આયાત તથા નિકાસ માટે પોત–પોતાના ચલણોથી ચુકવણી કરી શકે છે. આના કારણે ત્રાહિત પક્ષના ચલણની જરૂર પડતી નથી તથા મુદ્રા વિનિમય પર ખર્ચ પણ કરવો પડતો નથી.

→ મુદ્રા વિનિમયથી તરલતાને બહેતર બનાવવામાં સહાયતા થાય છે.

→ મુશ્કેલ સમયમાં મુદ્રા વિનિમય ખૂબ ઉપયોગી થાય છે.

❖ **તાજેતરમાં ભારતીય મધ્યસ્થ બેંક (RBI-Reserve Bank Of India) દ્વારા વર્ષ 2018ના આંકડા મુજબ SBI, ICICI અને HDFC ને સ્થાનિક સુવ્યવસ્થિત મહત્વની બેન્ક (D-Sibs–Domestic Systemically Important Bank) તરીકે દરજ્જો ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી.**

D-SIBS અંતર્ગતની બેન્કોની નિષ્ફળ જવાની શકયતાઓ નહીવત હોય છે આવી બેન્કો સ્થાનિક રીતે ઘણી મહત્વની બની રહે છે. જેથી તેની નિષ્ફળતા સંપુર્ણ દેશના અર્થતંત્રને ખોરંભે ચઢાવી શકે છે. જેના નિવારણ રૂપ આ પ્રકારની બેન્કો પોતાના આર્થિક રીતે નબળા સમય દરમિયાન સરકાર પાસેથી સહાયતાની આશા રાખે છે.

❖ **તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર ટકાઉ વિકાસ સૂચન સંગઠન (United Nations Sustainable Development Solution Network) (UN-SDSN)દ્વારા વૈશ્વિક પ્રસન્નતા રીપોર્ટ (World Happiness Report) 2019 જાહેર કરવામાં આવ્યો.**

→ આ રીપોર્ટ જે તે દેશના નાગરિકો પોતાને પોતાના દેશમાં કેટલી પ્રસન્નતા(ખુશી) અનુભવે છે તે દર્શાવે છે. જેના અંતર્ગત આ રિપોર્ટમાં ફીનલેન્ડ બીજી વખત પ્રથમ ક્રમે રહેવા પામ્યું છે.

→ આ રીપોર્ટ વૈશ્વિક સ્તરે વિવિધ 6 માપદંડો આવક, સ્વતંત્રતા, વિશ્વાસ, સ્વસ્થ જીવનની આંકાક્ષા, સામાજીક ટેકો અને ઉદારતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે.

→ ફીનલેન્ડ બાદ ડેન્માર્ક અને નૉર્વે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહેવા પામ્યા જ્યારે ભારત કુલ 156દેશોના રીપોર્ટમાં 140માં સ્થાને રહયું જે ગત વર્ષ 2018ના 133માં સ્થાન કરતા પણ ઘણું નીચું છે.

▪ **UN SDSN વિશે :**

→ **UN-SDSNનીસ્થાપના વર્ષ 2012માં સંયુકત રાષ્ટ્રો (Uinited Nations)ના અંતર્ગત કરવામાં આવી.**

→ આ સંસ્થા વૈશ્વિક સ્તરે ટકાઉ વિકાસના નિર્ધારણોના અમલીકરણ અને તેને પાર પાડવા માટે વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતાઓ એકત્ર કરવાનું કાર્ય કરે છે.

→ આ સંસ્થાનું લક્ષ્ય આર્થિક, સામાજીક અને પર્યાવરણીય સમસ્યા જેવા આંતરરાષ્ટ્રીય પડકારોને નાથવા માટે વિશ્વના રાષ્ટ્રો વચ્ચે શિક્ષણ અને સંકલિત અભિગમોને પ્રોત્સાહન આપવાનું છે.

→ UN-SDSN દ્વારા વાર્ષિક ધોરણે વૈશ્વિક પ્રસન્નતા ક્રમાંક જાહેર કરવામાં આવે છે.

## સાયન્સ અને ટેક્નોલોજી

❖ **તાજેતરમાં ભારતીય મૂળના બ્રિટિશ તબીબ રવિન્દ્ર ગુપ્તાના નૈતૃત્વમાં તેમની ટીમે એક HIVગ્રસ્ત દર્દીનો ઈલાજ સ્ટેમસેલ ટેકનોલોજીથી કરી દર્દીને HIV મુકત કર્યા હતા.**

→ આ દર્દીને 'લંડન પેશન્ટ' તરીકે ઓળખ આપવામાં આવી છે. સ્ટેમ સેલ થેરાપીથી કોઈને એઈડ્સ મટાડયો હોય તેથી આ દુનિયાની માત્ર બીજી ઘટના છે. આ અગાઉ જર્મન નાગરિક ટિમોથીર બ્રાઉનના શરીરમાંથી HIV દૂર કરવામાં સફળતા મળી હતી. વર્તમાન વિશ્વમાં કુલ 3.7 કરોડ લોકો HIV ગ્રસ્ત છે.

▪ **<u>સ્ટેમસેલ વિશે...</u>**

→ સ્ટેમસેલ એટલે એવા પ્રકારના કોષો જે સ્વયં જ પોતાનું નવિનીકરણ કરી શકે તથા શરીરના જે તે અંગની જરૂરીયાત મુજબ કોષોમાં પરિણમી શકે છે.

→ આ કોષને ઈ.સ.1908માં રશિયાના એલેકઝેન્ડર મેકિસમોલ દ્વારા 'સ્ટેમસેલ' એવું નામ અપાયું હતું.

→ સ્ટેમસેલના ક્ષેત્રમાં વાસ્તવિક સંશોધન 1960ના દાયકામાં કેનેડાના સંશોધકો અર્નેસ્ટ મેક્કુલોહ તથા જેમ્સ ટિલ દ્વારા હાથ ધરાયું હતું.

→ સ્ટેમસેલને મુખ્ય બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે. 1 એમ્બ્રિયોનિક સ્ટેમસેલ અને 2 એડલ્ટ સ્ટેમસેલ.

❖ **વિશ્વની સૌથી મોટી સર્ચ એન્જિન કંપની ગૂગલે બાળકોને હિન્દી અને અંગ્રેજી શીખવવા માટે 'બોલો' એપ લોન્ચ કરી છે.**

→ આ એપ પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓને હિન્દી અને અંગ્રેજી ભાષા શીખવવામાં સહાયક બનશે. આ એપ અવાજ ઓળખવાની ટેકનિક તથા ટેક્સ્ટ–ટુ–સ્પીચ ટેકનિક પર આધારિત છે. આ એપની મદદથી બાળકો બહેતર અંગ્રેજી શીખી શકશે. ગ્રામ્ય તથા શહેરી બાળકોને ભણાવવાના ઉદ્દેશથી 'બોલો' એપ લોન્ચ કરી છે.

▪ **'બોલો' એપ વિશે...**

→ આ એપમાં 'દિયા' નામનું એક એનિમેટેડ પાત્ર છે જે બાળકોને વાર્તા વાંચવા પ્રોત્સાહિત કરે છે અને બાળકોને કોઈ શબ્દના ઉચ્ચારણમાં તકલીફ પડે તો મદદ કરે છે.

→ ઉત્તરપ્રદેશના 200ગામોમાં પ્રાયોગિક ધોરણે 'બોલો' એપ શરૂ કરી દેવાઈ છે.

❖ **તાજેતરમાં 12 માર્ચ, 2019ના રોજ વર્લ્ડ વાઈડ વેબને 30 વર્ષ પૂરા થતા ગૂગલે, ડૂડલ બનાવીને તેની ઉજવણી કરી હતી.**

→ 12 માર્ચ, 1989ના રોજ 33 વર્ષના એન્જિનિયર સર ટીમ બર્નર્સ લીએ 'ઈન્ફર્મેશન મેનેજમેન્ટ : અ પ્રપોઝલ' નામનો એક પ્રોજેક્ટ CERN (ધ યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યુક્લિયર રિસર્ચ) લેબ સમક્ષ રજૂ કર્યો. જેને હવે આપણે વર્લ્ડ વાઈડ વેબ (WORLD WIDE WEB-www) તરીકે ઓળખીએ છીએ. તેમનો ઉદ્દેશ અનેક કમ્પ્યુટરોની માહિતીની આપ–લે એક કમ્પ્યુટરમાંથી કરી શકાય તેવી પદ્ધતિ વિકસાવવાનો હતો.

→ ઈ.સ.1991 સુધી એકસટર્નલ વેબ સર્વર પ્રખ્યાત બની જતા WWW પણ પ્રખ્યાત થયું હતું. WWWએ HTML(હાયપર ટેક્સ્ટ માર્કઅપ લેંગ્વેજ) જેવી ભાષાના આધારે બનાવેલી એક એવી સુવિદ્યા છે કે જેમાં URLની મદદથી માહિતી મેળવી શકાય છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 3 માર્ચ,2019 ના ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લાના કોરવામાં ભારત અને રશિયાના સંયુકત શસ્ત્ર કારખાનાનો શિલાન્યાસ કર્યો હતો.**

→ ઈન્ડો–રશિયા રાઈફલ પ્રાઈવેટ લિ. ભારતની શસ્ત્ર ફેકટરી અને રશિયાના એકમનો સંયુકત પ્રોજેક્ટ છે.

→ AK-203 રાઈફલો ભારત અને રશિયા વચ્ચેના એક સંયુકત સાહસ તરીકે અમેઠી ખાતે બનાવવામાં આવશે.

→ અમેઠી ખાતેના ઉત્પાદન એકમમાં વિશ્વવિખ્યાત કાલાશ્નિકોવ એસોલ્ટ રાઈફલોની સૌથી નવી શ્રેણીનું ઉત્પાદન કરાશે.

→ ભારતીય સેનાની જૂની ઈન્સાસ રાઈફલોને રિપ્લેસ કરાશે અને તેના સ્થાને AK-47 રાઈફલની અત્યાધુનિક આવૃત્તિ **AK-203** અપાશે.

❖ **ભારત અને ઓમાન વચ્ચે 12 થી 25 માર્ચ, 2019 દરમિયાન ઓમાન ખાતે દ્વિપક્ષીય સંયુકત કવાયત અલ નગાહ-III યોજાઈ હતી. ઓમાનના જાબેલ અલ અસખદર પર્વતો પર અલ નગાહ III યોજવામાં આવી હતી.**

→ સંયુકત યુદ્ધાભ્યાસનો ઉદ્દેશ અર્ધશહેરી પર્વતીય વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીઓમાં આંતરસંચાલન ક્ષમતા વધારવાનો હતો. સંયુકત સૈન્ય કવાયત અલ નગાહ IIIમાં ભારતીય દળનું પ્રતિનિધિત્વ ગઢવાલ રાઈફલ્સની **10** મી બટાલિયને કર્યું હતુ.

❖ **તાજેતરમાં જ ભારતીય એર ફોર્સે (IAF) સુખોઈ–30 ફાઈટર વિમાનોને પણ ઈઝરાયેલી બનાવટના સ્પાઈસ–2000 બોમ્બથી સજ્જ કરવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકાર સમક્ષ મૂકયો છે.**

→ આ બોમ્બ મિરાજ–2000 વિમાનોમાં પહેલેથી ફિટ થયેલા છે પણ જો તેને સુખોઈને અપગ્રેડ કરી તેમાં ફિટ કરવામાં આવે તો તે વધુ કારગત નીવડી શકે છે.

→ સુખોઈ મૂળ રશિયન બનાવટનું હિન્દુસ્તાન એરોનોટિકસમાં નિર્મિત ફાઈટર પ્લેન છે. જેમાં સુખોઈ–MKI નો સમાવેશ મોડર્ન ફાઈટર જેટસમાં થાય છે.

→ સ્પાઈસ 2000 નું પૂરું નામ 'સ્માર્ટ, પ્રિસાઈઝ ઈમ્પેકટ કોસ્ટ ઈફેકટીવ' છે. આ બોમ્બનું વજન સો, સાડા ચારસો અને નવસો કિલોગ્રામ એમ ત્રણ કેટેગરીમાં હોય છે. આ બોમ્બ GPS ગાઈડેડ બોમ્બ છે. જે તેમાં લક્ષ્યાંક ફિટ કરી દેવાયા બાદ ત્યાં જઈને જ વિસ્ફોટ પામે છે. ઈઝરાયેલ તેનો ઉપયોગ 2003 થી કરી રહ્યું છે.

❖ **તાજેતરમાં જ ભારત અને રશિયાના વચ્ચે એક સમજૂતી થઈ જે મુજબ ભારત રશિયા પાસેથી ન્યૂકિલયર પાવરથી સંચાલિત એક સબમરીન લીઝ (ભાડાપટ્ટે)લેશે જેના માટે ભારતે રશિયાને ત્રણ બિલિયન ડોલર ચૂકવવા પડશે.**

→ આ કરાર અંતર્ગત રશિયા ભારતીય નેવીને 2025 સુધીમાં અકુલા કલાસ સબમરીન પૂરી પાડશે. જેને ચક્ર–3 તરીકે ઓળખવામાં આવશે.

→ આ પહેલા પણ રશિયાએ ભારતને ઈ.સ.1988માં INS ચક્ર સબમરીન 3 વર્ષ માટે અને 2012માં ચક્રશ્રેણીની અકુલા–II સબમરીન 10 વર્ષ માટે લીઝ પર આપી હતી. 2022માં અકુલ–II સબમરીનની અવધિ પૂરી થઈ જતાં ચક્ર–3 સબમરીન ભાડે લેવામાં આવશે.

❖ **ભારતીય સૈન્યમાં 26 માર્ચ, 2019ના સ્વદેશમાં નિર્મિત ધનુષ તોપો સામેલ કરી દેવાઈ છે.**

→ જબલપુરમાં **26 માર્ચ, 2019**ના આયોજિત એક સમારોહમાં ધનુષ તોપોને વિધિવત્ ભારતીય સૈન્યમાં સામેલ કરાઈ હતી. ધનુષ **155 mm × 45 mm** ની એક આર્ટિલરી ગન છે. તેને ભારતીય સૈન્યની જરૂરિયાત મુજબ કોલકાત્તાના ઓર્ડનન્સ ફેકટરી બોર્ડ **(OFB)** દ્વારા વિકસિત કરાઈ છે તથા મધ્યપ્રદેશના જબલપુર સ્થિત ગન કેરેજ ફેકટરી **(GCF)** દ્વારા બનાવાઈ છે. તે સ્વીડિશ **155MM** બોફોર્સ હોવિત્ઝરની ઉન્નત આવૃત્તિ હોવાથી તેને 'દેશી બોફોસ' પણ કહેવાય છે.

❖ **કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ડૉ.હર્ષ વર્ધને તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહમાં ઈન્ડિયા કૂલિંગ એકશન પ્લાન (ICAP) જારી કર્યો છે.**

→ ICAનો મુખ્ય ઉદ્દેશ કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન, ઘટાડીને પર્યાવરણ અને સામાજિક આર્થિક લાભો હાંસલ કરવા માટે કાર્યોમાં તાલમેળ સાધવાનો પ્રયાસ કરવાનો છે. તે સિવાય આ એકશન પ્લાનનો ઉદ્દેશ સમાજને પર્યાવરણીય અને સામાજિક–આર્થિક લાભ પૂરો પાડતાં બધા લોકો માટે કાયમી ઠંડક અને ઉષ્માની સવલત કરી આપવાનો પણ છે.

→ ICAPને વિવિધ ક્ષેત્રોની કૂલિંગ (ઠંડક, શીતળતા) જરૂરિયાતોને નજર સમક્ષ રાખીને 20 વર્ષ માટે તૈયાર કરાયો છે. તેમાં સતત ઠંડક પ્રદાન કરવા માટેની પદ્ધતિઓ સૂચવવામાં આવી છે.

→ આ એકશન પ્લાન અંતર્ગત સરકારે રૂમ AC તથા પંખા કોલ્ડ ચેઈનના કાર્યમા દક્ષતા લાવીને કૂલિંગ માટે જોઈતી ઊર્જાના વપરાશમાં ઓછામાં ઓછો 30% ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

❖ **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ 11 માર્ચ, 2019ના સ્વદેશમાં નિર્મિત પિનાકા નિર્દેશિત (ગાઈડેડ) શસ્ત્ર પ્રણાલીનું રાજસ્થાનમાં પોખરણના રણમાં સફળ પરીક્ષણ કર્યુ હતું.**

→ પિનાકા ગાઈડેડ વેપન્સ સિસ્ટમ એક એડવાન્સ્ડ નેવિગેશન અને કન્ટ્રોલ સિસ્ટમ ધરાવતી ગાઈડન્સ કિટથી સુસજ્જ છે. આ શસ્ત્ર પ્રણાલીના બે પરીક્ષણો હાથ ધરાયા છે જે બન્ને સંપૂર્ણ સફળ રહ્યા છે.

→ પિનાકા ગાઈડેડ વેપન્સ સિસ્ટમ પૂણેના આર્મામેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ, **RCI** અને હૈદરાબાદની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી તથા **DRDO** એ સ્વદેશી ઢબે વિકસાવી છે. ભગવાન શિવના ધનુષ પિનાક પરથી તે શસ્ત્ર પ્રણાલીનું નામ રાખવામાં આવ્યું છે. પિનાકા શરૂઆતમાં **30** થી **40** કિમી.ની રેન્જની પિનાકા માર્ક–II સાથે તેની રેન્જ વધારીને **70** થી **80** કિ.મી. કરાઈ છે. પિનાકા શસ્ત્ર પ્રણાલીનો ઉપયોગ પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં કરાયો હતો. આ તેના નાનામાં નાના લક્ષ્યાંકને સચોટતાથી ભેદી શકે છે. આ વખતના પરીક્ષણ દરમિયાન પણ લાંબી દૂરી પર એક નાનકડો લક્ષ્યાંક રખાયો હતો.

→ ડૉ.કે.એમ.રાજન પિનાકા શસ્ત્ર પ્રણાલીના પ્રમુખ ડિઝાઈનર છે. તેમના દ્વારા બનાવાયેલી પિનાકા સિસ્ટમને ભારતીય સૈન્ય માટે એક માઈલસ્ટોન માનવામાં આવે છે.

❖ **ભારતીય નૌકાદળની ન્યુક્લિયર, બાયોલોજિકલ અને કેમિકલ ટ્રેઈનિંગ ફેસિલિટી (NBCTF) અભેદ્યનું નૌકાદળના વડા સુનિલ લાંબાએ INS શિવાજી ખાતે તાજેતરમાં ઉદ્દઘાટન કર્યુ હતું.**

→ NBCTF અભેદ્ય પરમાણું, જૈવિક તથા રાસાયણિક શોધ અને સુરક્ષા સિસ્ટમથી સુસજ્જ નૌકાદળ જહાજોના કર્મચારીઓને તાલીમ આપવામાં મદદ કરશે.

→ NBCTF અભેદ્ય પરમાણું, જૈવિક અને રાસાયણિક તત્વોને શોધી કાઢવાની, તેની સામે રક્ષણ આપવાની તથા વિશુદ્ધિકરણની વાસ્તવિક તાલીમ નૌકાદળના કર્મચારીઓને પૂરી પાડશે.

→ અભેદ્ય ભારતીય નૌકાદળનું પ્રથમ પરમાણું, જૈવિક તથા રાસાયણિક સિમ્યુલેટર છે.

▪ **INS શિવાજી વિશે...**

  → **સ્થળ :** લોનાવાલા, મહારાષ્ટ્ર

  → INS શિવાજી ભારતીય નૌકાદળની અગ્રણી ટેકનિકલ તાલીમ સવલત છે. INS શિવાજી વર્ષ 2019-20ને પ્લેટિનમ જયંતી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે.

  → **1945**માં HMIS શિવાજી તરીકે કાર્યરત સંસ્થા ભારતીય નૌકાદળ, ભારતીય તટરક્ષક દળ અને કેટલાય મિત્ર દેશોના કર્મચારીઓને તાલીમ આપે છે.

  → INS શિવાજીની પ્લેટિનમ જયંતીની ઉજવણી કરવા નૌકાદળના અધ્યક્ષ સુનિલ લાંબાએ ભારતીય નૌકાદળના પોર્ટલ પર INS શિવાજીની વેબસાઈટ પણ લોન્ચ કરી હતી અને 'પ્રોપેલિંગ ધ ઈન્ડિયન નેવી સિન્સ 1945 'થીમ સાથે પ્લેટિનમ જ્યુબિલી લોગો પણ જારી કર્યો હતો.

❖ **ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે AUSINDEX-2019 સંયુકત નૌકાદળ અભ્યાસની ત્રીજી આવૃત્તિનું આયોજન 2 થી 16 એપ્રિલ, 2019 સુધી વિશાખાપટ્ટનમ્ માં કરાશે.**

→ આ સંયુકત કવાયતમાં એન્ટિ સબમરીન યુદ્ધ પર ફોકસ કરવામાં આવશે. આનો ઉદ્દેશ હિન્દ મહાસાગર ક્ષેત્રમાં દ્વિપક્ષીય નૌકાદળીય વ્યૂહાત્મક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. ભારત તરફથી કિલો–કલાસ સબમરીન જમીન આધારિત હોક એરક્રાફટ એર એટેક, કમોર્તા શ્રેણીનું એન્ટિ સબમરીન વેસેલ, સ્ટીલ્ધ ડિસ્ટ્રોયર ભાગ લેશે.

❖ **પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે ઘન પ્લાસ્ટિક કચરાની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવા હેઝાર્ડસ એન્ડ અધર વેસ્ટ્સ (મેનેજમેન્ટ એન્ડ ટ્રાન્સબાઉન્ડરી મૂવમેન્ટ)રૂલ્સ,2016માં સુધારો કર્યો છે.**

→ આ સુધારા દ્વારા કેન્દ્રીય પર્યાવરણ, વન તથા જળવાયુ પરિવર્તન મંત્રાલયે અગાઉના નિયમોમાં જે છટકબારીઓ હતી તે બંધ કરી દીધી છે. ઘન પ્લાસ્ટિક કચરાની આયાત પર પ્રતિબંધ સતત વિકાસના સિદ્ધાંતોને અનુકૂળ છે.

❖ **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(NGT)એ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ને ધ્વનિ પ્રદૂષણને નકશો તૈયાર કરવા તથા સમગ્ર દેશને પરેશાન કરતા આ મુદ્દાને ઉકેલવા સુધારાત્મક એકશન પ્લાન ઘડી કાઢવાનો આદેશ આપ્યો છે.**

→ NGTના ચેરપર્સન જસ્ટિસ આદર્શકુમાર ગોયલની અધ્યક્ષતા હેઠળની બેન્ચે CPCB ને ધ્વનિ પ્રદૂષણનો નકશો તૈયાર કરવા તથા જ્યાં સૌથી વધુ ધ્વનિ પ્રદૂષણ હોય તેવા હોટસ્પોટની ઓળખ કરવા તથા ચોક્કસ હોટસ્પોટસ્ સાથેના શહેરોની વર્ગીકૃત કરવા તેમજ સુધારાત્મક એકશન પ્લાન બનાવવા માટે 3 મહિનાને સમય આપ્યો છે.

❖ **યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા 13માર્ચ, 2019ના વૈશ્વિક પર્યાવરણ આઉટલુક રિપોર્ટ (ગ્લોબલ એન્વાયર્નમેન્ટ આઉટલુક–GEOની છઠ્ઠી આવૃત્તિ જારી કરવામાં આવી છે.**

→ GEOમાં ભારતના સંદર્ભમાં વિવિધ આંકડા રજૂ કરાયા છે. જેમ કે વર્ષે 2018માં વાયુ પ્રદૂષણના કારણે ભારતમાં 12.40લાખ લોકોના મોત થયા છે, જે તમામ મૃત્યુના લગભગ 12.5% છે.

❖ **ઓસ્ટ્રેલિયાની સરકારે 19 ફેબ્રુઆરી, 2019ના રોજ સત્તાવાર રીતે 'બ્રેમ્બલ કે મેલોમીઝ' નામના ઊંદર જેવા સસ્તન જીવના લુપ્ત પ્રાયઃથવાની ઘોષણા કરી હતી. આ રીતે માનવજનિત જળવાયુ પરિવર્તનનો શિકાર થનારૂ વિશ્વનું આ પ્રથમ સસ્તન પ્રાણી બની ગયું છે.**

→ ઓસ્ટ્રેલિયાના પર્યાવરણ પ્રધાને ઘોષણા કરી હતી કે ગ્રે બેરિયર રીફનો આ ઉંદર જેવો જીવ સત્તાવાર રીતે વિલુપ્ત પ્રજાતિની યાદમાં સામેલ થઈ ગયો છે. અંતરિયાળ ઉત્તર ઓસ્ટ્રેલિયાના રેતાળ ટાપુ પર મળી આવતું બ્રેમ્બલ કે મેલોમીઝ છેલ્લા એક દશકથી જોવામાં આવ્યું નથી.

❖ **સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ સભાનું ચોથું સત્ર (UNEA-4) તાજેતરમાં કેન્યાના નૈરોબીમાં સંપન્ન થયું.**

→ આ સત્રનો ઉદ્દેશ પર્યાવરણ સાથે સંબધિત વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ સંબંધી ઉપાયોની ચર્ચાવિચારણા કરવાનો હતો. UNEA-4 નો વિષય હતો. 'પર્યાવરણના પડકારો તથા સતત ઉત્પાદન તથા વપરાશ માટે નવોન્મેષી સમાધાન' (ઈનોવેટિવ સોલ્યુશન્સ ફોર એન્વાયર્નમેન્ટલ ચેલેન્જીસ અને સસ્ટેનેબલ કન્ઝમ્પશન એન્ડ પ્રોડકશન).

❖ **IIT ખડગપુરના વિદ્યાર્થીઓએ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2019મા જાલી ભારતીય ચલણી નોટને ઓળખવાની સમસ્યાનું સમાધાન સ્માર્ટફોન એપ્લિકેશન માટેના એક કોડને વિકસાવીને શોધી કાઢયું છે.**

→ IIT ખડગપુરના વિદ્યાર્થીઓએ એક ઈમેજ પ્રોસેસિંગ એપ્લિકેશન વિકસાવી છે જે નકલી ચલણી નોટ પકડી પાડે છે.

→ મોબાઈલ ફોન યુઝરે આ એપ ધરાવતા સ્માર્ટફોનમાં કરન્સી નોટની ઈમોજ અપલોડ કરવી પડે છે જેને મોબાઈલ એપ કરન્સી નોટની આગળ અને પાછળની બાજુઓ પરથી તારવાયેલા 25 લક્ષણોનો ઉપયોગ કરી તે અસલી કે નકલી તે શોધી કાઢે છે.

→ જો એપને લાક્ષણિકતાઓમાં કોઈ વિસંગતિઓ ધ્યાનમાં આવે તો તે નકલી નોટ વિશેની માહિતી આપી દે છે. આ એપનો વિકાસ કરનારા 6 વિદ્યાર્થીઓ T.Y.S.S. સંતોષ, સતીષકુમાર રેડ્ડી, વિપુલ તોમર, સાઈ કૃષ્ણા, દૃષ્ટિ તુલસી અને ડી.વી.સાઈ સૂર્ય છે.

❖ **દૂરસંચાર સચિવ અરૂણા સુંદરરાજને 27 ફેબ્રુઆરી, 2019ના નવી દિલ્હીમાં બેંગ્લુર સ્થિત સેમિ કન્ડકટર કંપની 'સિગ્નલ ચિપ' દ્વારા 4G/ LTE અને 5G NR મોડમ્સ માટે ભારતની પ્રથમ સ્વદેશી ટેકનિકથી નિર્મિત સેમિ કન્ડકટર ચિપ જારી કરી છે.**

→ ભારત માટે આ ઘટનાક્રમ ખૂબ મહત્વનો છે. વર્તમાનમાં માત્ર ટકંપનીઓ અને અમુક જ દેશો સેમિ કન્ડકટર ચિનું નિર્માણ કરી શકે છે. આવામાં સ્વદેશી ટેકનોલોજીથી નિર્મિત ચિપ જારી કરવી તે વિશ્વ સમસ્ત માટે વાસ્તવમાં મેક ઈન ઈન્ડિયા છે.

❖ **તાજેતરમાં અમેરિકાએ અત્યારસુધીના ઈતિહાસમાં સૌથી ઝડપી સુપરકમ્પ્યુટર બનાવવાનો નિર્ણય લીધો છે. જેને ઓરોરા (AURORA) નામ અપાયું છે.**

→ સુપર કમ્પ્યુટરના નિર્માણ માટે ઈન્ટેલ અમેરિકી ઊર્જા વિભાગ તથા કે (CRAY) એ સમજૂતી કરી છે. આ તમામ લોકો મળીને 2021 સુધીમાં 'ઓરોરા'ની ડિલિવરી કરવાનો પ્રયાસ કરશે.

→ આ સૂચિત સુપરકમ્પ્યુટર આર્ટિફિશિયલ ઈન્ટેલિજનસ (AI) તથા સાધારણ HPC વર્કલોડ હેન્ડલ કરવામાં સક્ષમ હશે.

→ આ વિશ્વનું પ્રથમ સુપર કમ્પ્યુટર હશે. જે એકઝાસ્કેલ અર્થાત પ્રતિ સેકન્ડ એક અબજ ગણતરી કરવામાં સક્ષમ હશે.

→ અત્યારે IBM નું OLCF-4 (સમિટ) વિશ્વનું સૌથી ઝડપી સુપર કમ્પ્યૂટર છે. જેની ઝડપ 143.5 પેટાફલોપ્સ છે.

❖ **નોર્વેની રાજધાની ઓસ્લો ઈલેકટ્રિક ટેકસીઓ માટે વાયરલેસ ચાર્જિંગ સુવિધા ઉપલબ્ધ કરાવનારુ વિશ્વનું પ્રથમ શહેર બની ગયું છે.**

→ નોર્વે સરકારે આ પ્રોજેકટ અંતર્ગત ઓસ્લો શહેરનાં માર્ગો પર ઈન્ડકશન ટેકનોલોજી સાથે ચાર્જિંગ પ્લેટ ઈન્સ્ટોલ કરી છે. જ્યાં ઈલેકટ્રીક કારને ચાર્જ કરી શકાય છે.

❖ **બાંગ્લાદેશના ટંગાઈલમાં સંયુકત સૈન્ય કવાયતની આઠમી આવૃત્તિનુ આયોજન કરાયું**

→ તાજેતરમાં બાંગ્લાદેશના ટંગાઈલ જિલ્લામાં ભારત–બાંગ્લાદેશ વચ્ચે થતી સંપ્રતિ સંયુકત સૈન્ય કવાયતની આઠમી આવૃત્તિનું આયોજન કરાયુ

→ સૈન્ય કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય પરસ્પર સહકાર, મિલનસાર પ્રકૃતિ અને ભાઈચારાની ભાવનામાં વધારો કરવાનો છે.

→ સંપ્રતિ સૈન્ય કવાયતની પ્રથમ આવૃત્તિ 2011માં આસામમાં થઈ હતી.

Banking Academy

❖ **જીયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ–GSI) એ દેશભરમાં 22 GPS સ્ટેશનોની સ્થાપના કરી છે.**

→ આ GPS સ્ટેશનોનો ઉપયોગ ભૂકંપની દ્રષ્ટિએ જોખમી વિસ્તારોની ઓળખ કરવા માટે કરાશે.

→ **GSI**ની સ્થાપના સન **1851**માં કરાઈ હતી. પ્રારંભે તેની સ્થાપના રેલવે માટે કોલસાના ભંડાર શોધવા માટે કરાઈ હતી. વર્ષો પછી હવે **GSI** ભૂવિજ્ઞાન માહિતીનો એક વિશાળ ભંડાર બની થયા છે. તે એક આંતરરાષ્ટ્રીય સ્તરના ભૂવૈજ્ઞાનિક સંગઠન તરીકે ઉભરી આવ્યું છે.

❖ **ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) અને ફ્રાન્સની અંતરિક્ષ એજન્સી (ધ નેશનલ સેન્ટર ફોર સ્પેસ સ્ટડીઝે–CNES) એ બે મામલે સહયોગ કર્યો છે.**

→ 1. મેરીટાઈમ સર્વેલન્સ (દરિયાઈ દેખરેખ):ISRO અને CNES એ ભારતમાં એક સમુદ્રી દેખરેખ કેન્દ્ર સ્થાપવા માટેની એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.

→ આ સમજૂતીના આશય હિન્દ મહાસાગરમાં જહાજોને શોધી કાઢવા, તેની ઓળખ કરવા અને તેનો પીછો પકડવા ઓપરેશનલ સિસ્ટમ સપ્લાય કરવાનો છે. ISRO અને CNES દરિયાઈ દેખરેખ માટે ઉપગ્રહોનું નિર્માણ પણ કરશે.

→ 2.ગગનયાન પ્રોજેક્ટ માટે તાલીમ : ISRO અને CNES એ ફ્રાન્સમાં ટોઉલોઉસ સ્પેસ સેન્ટર ખાતે ભારતીય વૈજ્ઞાનિકોને 'ગગનયાન' પ્રોજેક્ટ માટે તાલીમ આપવા એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

→ ભારતીય વૈજ્ઞાનિકોને માઈક્રોગ્રેવિટી એપ્લિકેશન્સ અને સ્પેસ ઓપરેશન્સના વિકાસ માટેના કેન્દ્ર CAD-MOS અને MEDES સ્પેસ ક્લિનિકમાં પણ તાલીમ અપાશે. ભારતે ગગનયાન પ્રોજેક્ટ માટે રશિયા સાથે પણ સમજૂતી કરી છે.

❖ **તાજેતરમાં સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત્ ભારતની સંસ્થા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ની લેબોરેટરીમાં એક મહત્વપૂર્ણ દવાની શોધ થઈ છે.**

→ કોમ્બેટ કેઝ્યુલિટી ડ્રગ્સ નામની આ દવા જવાનોના શરીરમાંથી નીકળતા લોહીને અટકાવશે. તેથી જો હોસ્પિટલ પહોંચતા વાર લાગશે તો પણ ઘાયલ સૈનિકોના જીવ બચાવી શકાશે. DRDO એ જણાવ્યું હતું કે ડિફેન્સ ક્ષેત્રમાં આ દવાનું તાત્કાલિક ઉત્પાદન કરાશે તથા તેને ફર્સ્ટ એડમાં સામેલ કરાશે. આ શોધથી કેઝ્યુલિટીમાં 70% જેટલો ઘટાડો કરી શકાશે.

❖ **દ્રીપક્ષીય અસૈનિક પરમાણું ઊર્જા સહકારને બળ આપવાના પ્રયાસરૂપ ભારતમાં 6 અમેરિકન પરમાણું ઊર્જા મથકો સ્થાપવા ભારત અને અમેરિકા સંમત થયા છે.**

→ 13 માર્ચ, 2019ના વોશિંગ્ટન DC માં આયોજિત ભારત–અમેરિકા વ્યૂહાત્મક સુરક્ષા સંવાદના ઠમાં ચરણના સમાપન વખતે જારી એક સંયુકત નિવેદન મારફત આ ઘોષણા કરાઈ હતી. સંવાદની સહ–અધ્યક્ષતા ભારતના પ્રતિનિધિ મંડળનું નૈતૃત્વ કરી રહેલા વિદેશ સચિવ વિજય ગોખલે અને શસ્ત્ર નિયંત્રણ તથા આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટેના નાયબ વિદેશ મંત્રી એન્ડ્રી થોમ્પ્સને કરી હતી.

→ અગાઉ 12માર્ચ, 2019ના ભારત અમેરિકા અંતરિક્ષ સંવાદ પણ યોજાયો હતો. જેમાં બન્ને દેશોએ અંતરિક્ષ સહયોગને લગતા વિવિધ મુદ્દાઓ વિશે વિચાર વિમર્શ કર્યો હતો.

❖ **દુષ્કાળની સ્થિતિનો સામનો કરી રહેલી કર્ણાટકની સરકારે આગામી ચોમાસામાં વરસાદી વાદળોમાંથી શકય તેટલું પાણી મેળવવા કલાઉડ સીડિંગનો ઉપયોગ કરવાની યોજના ઘડી કાઢી છે.**

→ કર્ણાટક સરકારે 2019 અને 2020ના ચોમાસા દરમિયાન વરસાદ વધારવા કલાઉડ સીડિંગ કામગીરીઓ માટે ટેન્ડરો મંગાવ્યા છે. તેનો ખર્ચ પ્રતિ વર્ષ રૂ.50 કરોડ આવશે.

▪ **શું છે કલાઉડ સીડિંગ ? ....**

→ કલાઉડ સીડિંગ એ વાદળોમાં રાસાયણિક હસ્તક્ષેપ થકી વરસાદ અથવા તો બરફ મેળવવાની પદ્ધતિ છે. વરસાદ એ સમયે થાય છે જ્યારે વાયુમાં ઉપસ્થિત ભેજ એ સ્તરે પહોંચી જાય છે જ્યારે તેને હવામાં રાખી ન શકાય. કલાઉડ સીડિંગનો ઉદ્દેશ ઘનીકરણ માટે રસાયણ ન્યૂકલેઈ ઉપલબ્ધ કરાવીને પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે. ન્યૂકલેઈ તરીકે ઉપયોગમાં લેવાતા રસાયણોમાં આયોડાઈટ્સ ઓફ સિલ્વર અથવા પોટેશિયમ, સૂકો બરફ (ઘન કાર્બન ડાયોકસાઈડ) અથવા પ્રવાહી પ્રોપેનનો ઉપયોગ થાય છે.

❖ **ભારતીય રેલવે અંતર્ગતની ઈન્ડીયન રેલવે કેટરીંગ એન્ડ ટુરીઝમ કોર્પોરેશન (IRCTC – Indian Railway Catering And Tourism Corporation) દ્વારા નાણાંકીય લેવડ–દેવડ માટે પોતાની નવી પોર્ટલ પદ્ધતિ "IRCTCiPay" લોન્ચ કરવામાં આવી.**

→ આ પદ્ધતિ દ્વારા કોઈપણ જાતના મધ્યસ્થી વીના ગ્રાહકથી રેલવે સુધી સીધી જ તમામ નાણાંકીય સેવાઓ શકય બનશે.

❖ **તાજેતરમાં રાજસ્થાનના પોખરણ ખાતે સંપૂર્ણ ભારતીય તકનીકથી નિર્મીત અને માણસ દ્વારા સરળતાથી ઓછી મહેનતે વહન કરી શકાય તેવી એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું DRDO દ્વારા સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.**

→ DRDO દ્વારા મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મીસાઈલ (MPATGM-Man-Portable Anti Tank Guided Missle) નું નિર્માણ હૈદરાબાદ સ્થિત ક્ષેત્રના હથિયારો માટે નવી તકનીકોનું સંશોધન અને વિકાસ કરતી સંસ્થા VEM Technologies Ltd. સાથે સંયુકત રીતે કરવામાં આવ્યું

→ ઉચ્ચ વિસ્ફોટક ક્ષમતા ધરાવતી આ મિસાઈલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલની ત્રીજી પેઢી (3RD GENERATION) પર આધારિત છે. જે 2.5 કિ.મી.ના વિસ્તારમાં દિવસ અને રાત બન્ને સમયે ઈન્ફ્રારેડ ઈમેજ (કોઈપણ વસ્તુ પરથી પરાવર્તિત થતા પ્રકાશની અલગ અલગ તરંગ લંબાઈ પર આધારીત ઈમેજ)મેળવીને નિશાનને અચુક રીતે ભેદી શકે છે.

▪ **Defence Research And Development Organisation (DRDO) વિશે**

→ DRDO ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય અંતર્ગતની લશ્કરી શસ્ત્ર સામગ્રીના ઉત્પાદન, વિકાસ અને સંશોધન માટેની સર્વોચ્ચ સંસ્થા છે.

→ સ્થાપના–1958
મુખ્યાલય– નવી દિલ્લી
મુદ્રાલેખ–બલસ્થ મુલં વિજ્ઞાનમ

❖ પ્રમુખ (Chairman) – જી.સતીષ રેડ્ડી**તાજેતરમાં મહારાષ્ટ્રના પૂણાના 2 જુદા જુદા સ્થળો ઔંધ લશ્કરી મથક અને લશ્કરી ઈજનેરી કોલેજ ખાતે ભારત અને 16 આફ્રીકન દેશો વચ્ચે AFINDEX-19 નામની સંયુકત લશ્કરી કવાયત યોજવામાં આવી.**

→ 10 દિવસ સુધી યોજવામાં આવેલ આ કવાયતમાં દરેક ભાગીદાર દેશોમાંથી 10 અધિકારીઓ ભારતીય પાયદળ (Indian Army)ના સહભાગી બન્યા.

→ ભાગીદાર દેશોમાં ઈજીપ્ત, ઘાના, નાઈજીરીયા, સેનેગલ, સુદાન, દક્ષિણ આફ્રીકા, તાન્ઝાનીયા, નામીબીયા, મોઝામ્બીક, યુગાન્ડા, નાઈઝર અને ઝામ્બીયાએ કવાયતમાં ભાગ લીધો જ્યારે રવાંડા, કોંગો અને મડાગાસ્કર માત્ર નીરિક્ષક દેશો તરીકે હાજર રહયા.

→ માનવતાવાદી ખાણ સહાયક અને શાંતિ સ્થાપક કામગીરીના ઉદ્દેશથી યોજવામાં આવેલ આ કવાયત બધા દેશો વચ્ચે પરસ્પર લશ્કરી કામગીરી માટેનો સુમેળ વધારશે, નવા પ્રયોજનોને પ્રોત્સાહન આપશે અને પરસ્પર શાંતિ સ્થાપિત કરવામાં મદદ કરશે.

→ આ કવાયતના અંતિમ 2 દિવસોમાં ભારતીય પાયદળ દ્વારા ભારતીય વાણીજ્ય અને ઔદ્યોગિક સંઘ (Fedreration Of Indian Chambers Of Commerce And Industries) (FICCI)સાથે સયુંકત રીતે સંપૂર્ણ સ્વદેશી તકનીકથી નિર્મિત ભારતીય લશ્કરી શસ્ત્રોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું. જેના થકી વૈશ્વિક સ્તરે ભારતીય લશ્કરનું શકિત પ્રદર્શન કરવામાં આવ્યું.

→ આ કવાયતનું આયોજન સંયુકત રાષ્ટ્રોની આફ્રીકા ખંડમાં શાંતિ સ્થાપવાના અને પરસ્પર સહયોગ વધારવાની અપીલને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું.

▪ **માનવતાવાદી ખાણ સહાયક (Humanitraian Mine Assistance) વિશે...**

→ માનવતાવાદી ખાણ સહાયકના લક્ષ્યને ધ્યાનમાં રાખીને આ કવાયતના અંતે Mine Action Teams નામના દળની રચના કરવામાં આવી જે ખનન પ્રવૃત્તિમાં વધી રહેલા દુષણોને અંકુમાં લેશે.

▪ **ભારતીય વાણીજ્ય અને ઔદ્યોગિક સંબંધ (FICCI- Federation Of Indian Chambers Of Commerce And Industries) વિશે.**

→ FICCIની સ્થાપના વર્ષ 1927માં ભારતના 2 વ્યવસાયીઓ (મુડીવાદી) ઘનશ્યામદાસ બીરલા અને પુરૂષોત્તમદાસ ઠાકુરદાસની ગાંધીજીને કરવામાં આવેલ વિનંતીના ફળ સ્વરૂપ કરવામાં આવી છે.

→ FICCIએક બીન–સરકારી, બીન નફાકારક સંગઠન છે જે ભારતના વેપાર વાણીજ્યનું નિયમન કરતું દેશનું સૌથી જુનુ અને વિશ્વસનીય સંગઠન છે. જે વેપારની નીતિઓ નકકી કરે છે. તેનું મુખ્યાલય દિલ્લીમાં સ્થિત છે તથા અન્ય 12 રાજ્યો અને 8 વિદેશી દેશોમાં પણ કચેરી છે.

→ જેમના હાલના અધ્યક્ષ સંદિપ સોમાની છે.

❖ **તાજેતરમાં આફ્રિકા ખંડના દેશ કેન્યાની રાજધાની નૈરોબી ખાતે યોજાયેલ ચોથી સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ સભા (UNEA- United Nations Environment Assembly)મા પ્રથમ વખત ભારત દ્વારા પર્યાવરણને લગતા 2 પ્રસ્તાવો એકલ ઉપયોગ પ્લાસ્ટીક (Single-Use Plastic) અને ટકાઉ નાઈટ્રોજન વ્યવસ્થાપન (Sustainable Nitrogen Management)ની આગેવાની કરવામાં આવી અને સભા દ્વારા આ બન્ને પ્રસ્તાવોને વૈશ્વિક રીતે અગત્યના જાહેર કરીને તેને મંજુર પણ કરવામાં આવ્યા.**

→ **UNEAની આ ચોથી સભાની થીમ :** પર્યાવરણની સમસ્યાઓ અને ટકાઉ ઉત્પાદન તથા ખપત માટેના અદ્યતન ઉપાયો.

▪ **એકલ ઉપયોગ પ્લાસ્ટીક માટેનો ઠરાવ :**

→ આ ઠરાવ અંતર્ગત વૈશ્વિક સ્તરે થતા પ્લાસ્ટીકના બગાડને ધ્યાને લેવામાં આવ્યું છે. એક અંદાજ મુજબ વૈશ્વિક સ્તરે 9 અબજ ટન જેટલા પ્લાસ્ટીક કચરામાંથી માત્ર 9% જ પ્લાસ્ટીક પુનઃપ્રક્રિયા ધ્વારા ફરી વખત ઉપયોગમાં લેવાય છે અને બાકીનો બધો કચરો જળ અથવા જમીનમાં દફન પાસે છે જે પર્યાવરણ અને જળવાયુ પરીવર્તનની અસરોને વધુ નકારાત્મક બનાવે છે.

→ જેથી આ ઠરાવ અંતર્ગત પ્લાસ્ટીક કચરા સામે દરેક વ્યકિતને જાગૃત કરવા, જાણકારી ફેલાવવા તથા પ્લાસ્ટીકના પુનઃઉપયોગને પ્રોત્સાહન આપવાનો ધ્યેય સેવવામાં આવ્યો છે.

▪ **ટકાઉ નાઈટ્રોજન વ્યવસ્થાપન માટેનો ઠરાવ....**

→ વૈશ્વિક સ્તર પર નાઈટ્રોજનના ઉપયોગની કાર્યક્ષમતાનો અભાવ જોવા મળે છે. જેના પરીણામ સ્વરૂપ પ્રતિક્રિયાશીલ નાઈટ્રોજન જળ અને જમીન પ્રદુષણ તથા ઓઝોન સ્તરમાં ગાબડા જેવી પર્યાવરણની વિષમ અસરો માટે જવાબદાર બને છે.

→ જેથી આ ઠરાવ અંતર્ગત વૈશ્વિક સ્તરે નાઈટ્રોજન ચક્રના વ્યવસ્થિત વ્યવસ્થાપન સંદર્ભે કેટલીક નીતિઓ ઘડવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.

▪ **સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ સભા (UNEA- United Nations Environment Assembly) :**

UNEAની સ્થાપના વર્ષ 2012માં સંયુકત રાષ્ટ્રો અંતર્ગત પર્યાવરણને સમગ્ર વિશ્વની માનવ જાતના કેન્દ્રમાં લાવવા તથા શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સલામતીમાં વધારો કરવાના ઉદ્દેશથી કરવામાં આવી.

❖ **તાજેતરમાં શ્રીલકાં ખાતે ભારત અને શ્રીલંકાના લશ્કર વચ્ચે સંયુકત યુદ્ધ અભ્યાસ 'મીત્ર શકિત-6'યોજવામાં આવ્યો.**

→ આ યુદ્ધ અભ્યાસમાં ભારત તરફથી બિહાર રેજીમેન્ટ અને શ્રીલંકા તરફથી ગેમુનુ વોચ બટાલીયને ભાગ લીધો.

→ આ યુદ્ધ અભ્યાસ અંતર્ગત આંતરીક બળવાઓ અને આંતકવાદ સામે લડવા તથા તેને નાથવા માટેના વ્યુહાત્મક સ્તરના પગલાઓની પ્રેકટીસ કરવામાં આવી.



Banking Academy

❖ **આંદામાન–નિકોબારના પાટનગર પોર્ટ બ્લેર ખાતે Ind-Indo Corpat (India-Indonesia Co-orinated Patrol) ની 33મી આવૃત્તિની શરૂઆત કરવામાં આવી.**

→ આ અંતર્ગત ભારત અને ઈન્ડોનેશિયા બન્ને દેશોના નૌકાદળ દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ જાળવી રાખવા અને સુરક્ષિત વેપાર માટેના પરીવહનોને પ્રોત્સાહન આપવા લગભગ 236 નોટીકલ માઈલના ક્ષેત્રમાં નીગરાની (Patroling) કવાયત કરવામાં આવે છે.

→ આ સંપૂર્ણ નીગરાની કવાયત ત્રણ તબક્કાઓમાં પસાર થઈ ઈન્ડોનેશિયાના બેલવાન ખાતે પૂર્ણ થઈ.

→ આ પ્રકારની કવાયત બન્ને દેશોના નૌકાદાળ દ્વારા વર્ષ 2002 થી અર્ધવાર્ષિક ધોરણે કરવામાં આવે છે.

## નિમણૂક, વ્યકિત વિશેષ અને રમત–જગત

❖ **ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિપદે અંગ્રેજી વિષયના અધ્યાપિકા ડો.અમી ઉપાધ્યાયની નિમણૂક કરાઈ છે.**

→ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગે તેમની નિમણૂકની ઘોષણા કરી હતી. અગાઉના કુલપતિ ડો.પંકજ જાનીનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ડો.અમીબેનને ઈન્ચાર્જ કુલપતિ તરીકેનો ચાર્જ સોંપાયો હતો. ડો.આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના 1994માં કરાઈ હતી.

❖ **જાણીતા શિક્ષણવિદ તથા લેખક ગોવિંદ પ્રસાદ શર્માને નેશનલ બુક ટ્રસ્ટ (NBT)ના ચેરમેન નિયુકત કરાયા છે.**

▪ **નેશનલ બુક ટ્રસ્ટ (NBT) અંગે...**
  → નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના ભારત સરકારે 1957માં કરી છે. NBT માનવ સંસાધન વિકાસ મંત્રાલયને આધીન ઉચ્ચ શિક્ષણ વિભાગ અંતર્ગત કાર્ય કરે છે.

❖ **તાજેતરમાં જ કુમ્માનમ રાજશેખરને મિઝોરમના રાજ્યપાલ પદેથી રાજીનામું આપી દીધું છે.**

→ કુમ્માનમ રાજશેખરન કેરળ ભાજપના વરિષ્ઠ નેતા છે. જેની મિઝોરમના ગવર્નરપદે નિયુક્તિ ચેન્ગાનુર પેટાચૂંટણી સમયે કરવામાં આવી હતી. કુમ્માનમ રાજશેખરનનું રાજીનામું આપવાનું કારણ તેઓ કોંગ્રેસના સાંસદ શશિ થરૂર સામે તિરુવનંતપુરમમાંથી લોકસભાની ચૂંટણી લડશે તેવું માનવામાં આવે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કુમ્માનમ રાજશેખરનું રાજીનામું સ્વીકારી લઈ મિઝોરમના રાજ્યપાલનો વધારાનો હવાલો આસામના રાજ્યપાલ જગદીશ મુખીને સોંપ્યો છે.

❖ **ભારતીય ચૂંટણી પંચ (ECI)એ આવી રહેલી લોકસભાની ચૂંટણી માટે બે પ્રતિષ્ઠિત પૂર્વ સિવિલ સર્વન્ટ્સ શૈલેન્દ્ર હાંડા અને સુશ્રી મધુ મહાજનને વિશેષ ખર્ચ નિરીક્ષકો તરીકે નિયુકત કર્યા છે.**

→ શૈલેન્દ્ર હાંડાને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અને મધુ મહાજનને તમિલનાડુમાં તૈનાત કરાયા છે. આ બન્ને અધિકારીઓને ઈન્કમ ટેકસ વિભાગની ઈન્વેસ્ટિગેશન વિંગમાં કામ કરવાનો સમૃદ્ધ અનુભવ છે. વિશેષ નિરીક્ષકો ચૂંટણી મશીનરી દ્વારા કરવામાં આવતા કાર્યો પર દેખરેખ રાખશે.

❖ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તાજેતરમાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ શરદ અરવિંદ બોબડે (એસ.એ.બોબડે)ને નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NALSA)ના કાર્યકારી અધ્યક્ષ (એક્ઝિક્યુટિવ ચેરમેન નિયુકત કર્યા છે.**

→ ન્યાયમૂર્તિ એસ.એ.બોબડેએ આ પદ પર 6માર્ચ,2019ના નિવૃત્ત થયેલા, ન્યાયમૂર્તિ એ.કે.સિકરીનું સ્થાન લીધું છે.

▪ **નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NALSA) અંગે**
  → NALSA કસ્ટડી (હિરાસત)માં રહેલી વ્યક્તિને મફત કાનૂની સહાયતા ઉપલબ્ધ કરાવે છે. તેની સ્થાપના લીગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ, 1987 અંતર્ગત કરાઈ છે. NALSA દીવાની તથા ફોજદારી કેસમોં ગરીબ વ્યકિતઓને વિનામૂલ્યે કાનૂની સહાયતા પ્રાપ્ય કરાવે છે. NALSA વિવાદોના મૈત્રીપૂર્ણ તથા ત્વરિત સમાધાન માટે લોક અદાલતનું આયોજન પણ કરે છે. NALSAની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે.
  → બંધારણની કલમ 39Aમાં સમાજના નબળાં વર્ગો માટે મફત કાયદાકીય મદદની વ્યવસ્થા છે. આ જોગવાઈને પૂરી કરવા NALSA અસ્તિત્વમાં આવ્યું છે.
  → NALSAનું એક કામ કાનૂની સાક્ષરતા તથા જાગૃતિ ફેલાવવાનું પણ છે.
  → ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ નાલ્સાના પેટ્રન–ઈન–ચીફ તરીકે કાર્ય કરે છે, જ્યારે સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ આ સંસ્થાના કાર્યકારી અધ્યક્ષ હોય છે.

❖ **કેન્દ્ર સરકારે 23 માર્ચ, 2019ના વાઈસ એડમિરલ કરમવીરસિંઘની નિમણૂક નૌકાદળના અગામી વડા તરીકે કરી છે.**

→ વાઈસ એડમિરલ કરમવીરસિંઘ નૌકાદળના 24માં વડા બનશે અને તેઓ 31 મે, 2019ના નિવૃત્ત થઈ રહેલા નૌકાદળના વર્તમાન અધ્યક્ષ સુનીલ લાંબાનું સ્થાન લેશે.

→ વાઈસ એડમિરલ કરમવીરસિંઘ સિનિયર મોસ્ટ નેવલ એવિયેટર છે અને નૌકાદળના વડા બનનારા પ્રથમ હેલિકોપ્ટર પાઈલટ છે.

❖ **કેબિનેટની નિમણૂક સમિતિઓ તાજેતરમાં પી.વી.રમેશ ને નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાના વડા (ડાયરેકટર જનરલ) નિયુકત કર્યા છે.**

→ નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાની સ્થાપનામાં સેન્ડમેનનો અહેવાલ ખૂબ મહત્વપૂર્ણ હતો. તેઓ સિવિલ ઓડિટર હતા. તેમણે મહત્વપૂર્ણ દસ્તાવેજોને 'ગ્રાન્ડ સેન્ટ્રલ આર્કાઈવ્ઝ'માં સ્થાનાંતરિત કરવાના મહત્વ પર ભાર મૂકયો હતો.

→ 1889માં એલ્ફિન્સ્ટન કોલેજ, બોમ્બેના પ્રો.જી.ડબલ્યુ. ફોરેસ્ટને ભારત સરકારના વિદેશ વિભાગના રેકોર્ડસની તપાસ કરવાનું કાર્ય સોંપાયું હતું. તે પછી 11 માર્ચ, 1891માં કલકત્તામા ઈમ્પીરિયલ સેક્રેટરિએટ ભવનમાં ઈમ્પીરિયલ રેકોર્ડ્સ ડિપાર્ટમેન્ટ (IRD)ની સ્થાપના કરાઈ હતી. 1911માં IRDને દિલ્હી ખસેડવામાં આવ્યું હતું. આઝાદી પછી ભારત સરકારે તેનું નામ બદલીને નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા કરી દીધું વર્તમાનમાં તે સંસ્કૃતિ મંત્રાલય સાથે જણોડાયેલું છે. તેનું ક્ષેત્રીય કાર્યાલય મધ્યપ્રદેશના પાટનગર ભોપાલમાં છે, જ્યારે તેના ત્રણ રેકોર્ડ કેન્દ્રો જયપુર, પુડુચેરી તથા ભુવનેશ્વરમાં છે.

❖ **ભારતે નીતિ આયોગના સદસ્ય રમેશ ચંદને અન્ન તથા કૃષિ સંગઠન (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન FAO)ના વડા પદ માટે નોમિનેટ કર્યા છે.**

→ અન્ન અને કૃષિ સંગઠનના વડાપદે ચૂંટાવા માટે ઉમેદવારે 194 સભ્ય દેશોની સાધારણ બહુમતી મેળવવી પડે છે. અન્ન તથા કૃષિ સંગઠનનું નેતૃત્વ કરનારા એકમાત્ર ભારતીય બિનય રંજન સેન છે. તેઓ 1956 થી 1967 સુધી FAOના ડાયરેક્ટર જનરલ (વડા) રહ્યા હતા.

- **ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) અંગે....**
  - → તે FAO સંયુકત રાષ્ટ્રની એક સંસ્થા છે. તે સંયુકત રાષ્ટ્ર આર્થિક તથા સામાજિક પરિષદને આધીન કાર્ય કરે છે. FAOની સ્થાપના 16 ઓકટોબર, 1945ના રોજ કરાઈ છે. તેનું મુખ્યાલય ઈટાલીના રોમમાં છે. શરૂઆતમાં તેનું વડુમથક અમેરિકાના વોશિંગ્ટનમાં હતું પરંતુ 1951માં રોમ ખાતે ખસેડાયું હતું. વર્તમાનમાં FAOના કુલ 194 સભ્યો છે.

❖ **આર્થિક બાબતોના સચિવ સુભાષચંદ્ર ગર્ગને નવા નાણાં સચિવ નિયુકત કરાયા છે.**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળની નિમણૂક સમિતિએ આ આદેશને બહાલી આપી છે. નાણાં સચિવ અજય નારાયણ ઝા 28 ફેબ્રુઆરી, 2019ના નિવૃત્ત થતા નાણાં સચિવનો હોદ્દો ખાલી પડયો હતો. રાજસ્થાન કેડરના 1983 ની બેચના IAS અધિકારી સુભાષચંદ્ર ગર્ગ (58) જૂન 2017થી આર્થિક બાબતોના વિભાગમાં સચિવ તરીકે કાર્યરત્ છે. હાલની પરંપરા મુજબ, નાણાં મંત્રાલયમાં 5 સચિવોમાંથી સૌથી સિનિયરની નિમણૂક નાણાં સચિવ તરીકે કરવામાં આવે છે.

❖ **વર્લ્ડ હેલ્થ આર્ગેનાઈઝેશન (WHO)ના નાયબ વડા (ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ) સૌમ્યા સ્વામીનાથનને WHOના મુખ્ય વૈજ્ઞાનિક નિયુકત કરાયા છે.**

→ ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ પ્રોગ્રામ્સ (DDP) તરીકે સૌમ્યા સ્વામીનાથન WHOના વડા (ડાયરેક્ટર જનરલ) ટેડ્રોસ એધાનોમ ઘેબ્રીયેસુસની સહાયતા કરનારા ત્રણ ડેપ્યુટી ડાયરેક્ટર જનરલો પૈકીના એક હતા. તેઓ હવે WHOના કાર્યને મજબુત બનાવવા રચવામાં આવેલા નવા વિભાગનું વડપણ સંભાળશે. તેઓ સ્વિત્ઝરલેન્ડમાં જીનિવા બહાર કામ કરશે.

❖ **એમ.આર.કુમારને LIC ના ચેરમેન નિયુકત કરાયા છે.**

→ એમ.આર.કુમાર LICના ચેરમેનપદે 5 વર્ષ સુધી કાર્યરત્ રહેશે.

→ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC)ની સ્થાપના 1 સપ્ટેમ્બર, 1956 માં કરાઈ હતી. તેનું વડુમથક મહારાષ્ટ્રના પાટનગર મુંબઈમાં છે. LIC એક જાહેર ક્ષેત્રની વીમા તથા રોકાણકાર કંપની છે. તે ભારતની સૌથી મોટી વીમા કંપની છે. LICનું આદર્શ વાકય 'યોગક્ષેમ વહામ્યહમ્' છે.

❖ **તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચે મુંબઈના સામાજિક કાર્યકર ગૌરી સાવંતને ચૂંટણી એમ્બેસેડર નિયુકત કર્યા છે.**

→ ગૌરી સાવંત મહારાષ્ટ્રના 12 ચૂંટણી એમ્બેસેડર પૈકીના એક છે. ભારતમાં એવું પ્રથમવાર બન્યુ છે કે કોઈ ટ્રાન્સજેન્ડરને ચૂંટણી એમ્બેસેડર બનાવાયા હોય. ચૂંટણી પંચ અનુસાર, ગૌરીની નિમણૂકથી તૃતીય લિંગ શ્રેણીના મતદારોને નોંધણી માટે પ્રોત્સાહન મળશે. 2004 તથા 2009 માં ટ્રાન્સજેન્ડર લોકોના મતદાન અંગે કોઈ રેકોર્ડ ન હતો. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ 2014માં ટ્રાન્સજેન્ડર લોકોને પહેલીવાર મતદાન કરવાનો અધિકાર મળ્યો હતો. 2014 માં ત્રીજી પેઢીમાં 918 મતદારો નોંધાયેલા હતા. છેલ્લા 5 વર્ષોમાં આ આંકડો વધીને 2086 થઈ ગયો છે.

❖ **ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) ના મેનેજિંગ ડાયરેક્ટર (ME) ડો.આઈ.પી.ગૌતમને ભારત સરકાર દ્વારા લોકપાલના સભ્ય નિયુકત કરવામાં આવ્યા છે.**

→ આથી, તેમણે GMRCના MD પદેથી રાજીનામું આપી દીધું છે. આથી, તેમના સ્થાને GMRCના વધારાનો હવાલો શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના મુખ્ય સચિવ IAS મૂકેશ પુરીને સોંપવામાં આવ્યો છે.

→ છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલી જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલે એરલાઈન્સના ચેરમેન પદેથી અને તેમના પત્ની અનિતા ગોયલે કંપનીના બોર્ડમાંથી રાજીનામું આપી દીધું છે. આથી, હવે બેંકોનું કોન્સોર્ટિયમ તાત્કાલિક રૂા.1,500 કરોડ આપીને એરલાઈન્સને ઉગારવાનો પ્રયાસ કરશે. બેંકોએ નરેશ ગોયલ અને તેમના પત્ની બોર્ડમાંથી હટે તો મદદ કરવાની શરત મૂકી હતી. જેટ એરવેઝમાં 24% હિસ્સો ધરાવતા ઈતિહાદ–એરવેઝના નોમિની ડિરેક્ટર કેવિન નાઈટ પણ રાજીનામું આપશે.

❖ **તાજેતરમાં કઝાખસ્તાનના રાષ્ટ્રપતિ નૂરસુલ્તાન નઝરબાયેવે 3 દાયકા બાદ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના સ્થાને સંસદના ઉપલા ગૃહના અધ્યક્ષ કાસીમ જોમાર્ત તોકાયેવ કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરશે.**

- **નૂરસુલ્તાન નઝરબાયેવ....**
  - → નૂરસુલ્તાન નઝરબાયેવ કઝાખસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ છે. તેઓ 24 એપ્રિલ, 1990 થી 19 માર્ચ, 2019 સુધી કઝાખસ્તાનના રાષ્ટ્રપતિ રહ્યા છે. તેમને 1989માં કમ્યુનિસ્ટ પાર્ટીના પ્રથમ સચિવ ચૂંટી કઢાયા હતા. બાદમાં સોવિયેત સંઘમાંથી કઝાખસ્તાનની આઝાદી પછી નૂરસુલ્તાન નઝરબાયેવને કઝાખસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ ચૂંટી કઢાયા હતા.
- **કઝાખસ્તાન વિશે....**
  - → કઝાખસ્તાન વિશ્વનો સૌથી મોટો લેન્ડલોકડ (ચારેય બાજુથી ભૂમિથી ઘેરાયેલો) દેશ છે. ક્ષેત્રફળની દૃષ્ટિએ આ વિશ્વનો 9મો સૌથી મોટો દેશ છે. કઝાખસ્તાનનો મોટો ભાગ એશિયામાં જ્યારે તેનો પશ્ચિમી હિસ્સો યુરોપમાં છે. તે મધ્ય એશિયાના સૌથી મહત્વપૂર્ણ દેશો પૈકીનો એક છે. કઝાખસ્તાનમાં તેલ અને ગેસના વિપુલ ભંડારો છે. તેને 16 ડિસેમ્બર, 1991માં પૂર્વ સોવિયત સંઘમાંથી સ્વતંત્રતા મળી હતી.

❖ **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ 35 વર્ષમાં દેશભરમાં 79,000 કિ.મી.નો પ્રવાસ કર્યો હતો.**

→ આ અંતર ધરતીની બે વાર પરિક્રમા કરવા જેટલું થાય. મહાત્મા ગાંધીની 150મી જયંતીની ઉજવણીના આ વર્ષમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા 'GANDHI AND HEALTH@150' નામના પુસ્તકનું હિમાચલ પ્રદેશના ધરમશાળા ખાતે દલાઈ લામા દ્વારા વિમોચન કરાયું હતું. મહાત્મા ગાંધી રોજનું 18 કિ.મી. ચાલતા હતા. 1913 થી 1948 સુધીમાં તેમણે 79,000 કિ.મી.નો પ્રવાસ કર્યો હતો. તેમને 1925, 1936 અને 1944માં મેલેરિયા પણ થયો હતો. આ ઉપરાંત 1919માં પાઈલ્સની સર્જરી પણ કરાઈ હતી. 1924માં તેમનું એપેન્ડિકસનું ઓપરેશન ડો.મૈડોકે કર્યુ હતું. 1939ના રેકોર્ડ પ્રમાણે ગાંધીજીનું વજન માત્ર 46.7 કિલો અને ઊંચાઈ 5.5 ફૂટ હતી.

Banking Academy

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં લોકપાલ પસંદગી સમિતિએ ભારતના સૌપ્રથમ લોકપાલ તરીકે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ પિનાકીચંદ્ર ઘોષના નામ પર મંજુરીની મહોર મારી દીધી છે.**

→ જેને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 19 માર્ચ, 2019ના રોજ મંજૂર રાખતા ન્યાયમૂર્તિ પિનાકીચંદ્ર ઘોષ દેશના પહેલા લોકપાલ બની ગયા છે. 23 માર્ચ, 2019ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમને પદ અને ગોપીનીયતાના શપથ લેવડાવ્યા હતા. 66 વર્ષીય જસ્ટિસ પિનાકીચંદ્ર ઘોષ મે 2017માં સુપ્રિમ કોર્ટમાંથી નિવૃત્ત થયા હતા અને વર્તમાનમાં તેઓ રાષ્ટ્રીય માનવાધિકાર પંચ (NHRC) ના સભ્ય છે.

- **લોકપાલ પસંદગી સમિતિ....**
  - → **અધ્યક્ષ :** નરેન્દ્ર મોદી
  - → **સદસ્યો :** મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) રંજન ગોગોઈ, લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજન, ન્યાયવિદ મુકુલ રોહતગી, લોકસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે.
- **લોકપાલ કાનૂન 2013ની આગવી લાક્ષણિકતાઓ....**
  - → લોકપાલ કાનૂનમાં કેન્દ્ર ખાતે એક ભ્રષ્ટાચાર વિરોધી ઓમ્બુડ્સમેન અથવા લોકપાલ તથા રાજ્યસ્તરે લોકાયુકત નીમવાની જોગવાઈ કરાયેલી છે.
  - → લોકપાલમાં એક અધ્યક્ષ અને વધુમાં વધુ આઠ સભ્યો હોય છે, જે પૈકીના 50% અર્થાત 4 સદસ્યો ન્યાયતંત્રના હોવા જોઈએ, જ્યારે બીજા 50% એટલે કે 4 સભ્યો SC/ST/OBC (લઘુમતીઓ અને મહિલાઓ હશે.
  - → લોકપાલના તપાસ/ચકાસણીના દાયરામાં સશસ્ત્ર દળોને બાદ કરતાં વડાપ્રધાન સહિત બધી જ કેટેગરીના જાહેર સેવકોને સમાવી લેવાયા છે.
  - → લોકપાલ કાયદામાં રાજ્યોને કાયદાના અમલીકરણના એક વર્ષની અંદર લોકાયુકતની નિમણૂક કરવાનો આદેશ અપાયેલો છે.
  - → લોકપાલને તેણે CBI સહિતની તપાસ સંસ્થાઓને કોઈ કેસો સોંપ્યા હોય તો તેના નિરીક્ષણ અને નિર્દેશની પણ સત્તા હશે.
  - → લોકપાલની નિમણૂક વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ, વિપક્ષના નેતા, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાષ્ટ્રપતિએ નિયુકત કરેલા એક અગ્રણી ન્યાયવિદનો સમાવેશ કરતી 5 સભ્યોની ભલામણના આધારે કરવામાં આવે છે.

→ રાષ્ટ્રપતિ અગ્રણી ન્યાયવિદની નિમણૂક સમિતિના અન્ય સભ્યોની ભલામણના આધારે કરે છે.

→ ભારતનાં પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તો સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂતિ આ પદ માટે લાયક છે.

→ ચેરપર્સન (અધ્યક્ષ) અને સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ અથવા વય મર્યાદા 70વર્ષ જે વહેલું તે પહેલું.

→ લોકપાલને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જેટલું જ વેતન અપાશે.

→ લોકપાલના અન્ય સભ્યોનો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેટલો હશે.

- કેન્દ્ર સરકારે વિપક્ષના નેતાની ગેરહાજરીમાં પસંદગી સમિતિના સભ્ય તરીકે સૌથી મોટા વિપક્ષના નેતાને સામેલ કરવા લોકપાલ એક્ટ, 2013માં સુધારો સૂચવ્યો હતો. વિપક્ષના નેતા તરીકે કોઈ નેતાને નિયુકત કરવા સૌથી મોટા વિરોધપક્ષ પાસે ગૃહમાં કુલ સાંસદોની ઓછામાં ઓછી 10% સભ્ય સંખ્યા હોવી જોઈએ.
- **લોકપાલ કોની સામે તપાસ કરી શકે?**
  - → વર્તમાન અને પૂર્વ વડાપ્રધાનો, વર્તમાન અને પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ, સંસદ સભ્યો, સરકારી અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓ, 10 લાખથી વધુ રકમનું વિદેશી દાન મેળવતી NGOના કર્મચારીઓ વિરૂદ્ધ.
- **વિશ્વમાં સૌથી પહેલાં લોકપાલ કયાં દેશમાં?**
  - → વિશ્વમાં સૌથી પહેલા સ્વીડનમાં ઉચ્ચ કક્ષાએ વ્યાપ્ત ભ્રષ્ટાચારની સમસ્યા માટે 1809માં ઓમ્બુડ્સમેનની નિમણૂક કરાઈ હતી. ભારતમાં સૌથી પહેલાં 1971માં લોકપાલની નિયુક્તિ કરવાનો ખરડો રજૂ કરાયો હતો પણ લોકસભા ભંગ થતા તે પસાર થઈ શકયો ન હતો.
- **જસ્ટિસ (સેવા નિવૃત્ત) પિનાકીનચંદ્ર ઘોષ વિશે...**
  - → પિનાકીચંદ્ર ઘોષનો જન્મ 28 મે, 1952માં પશ્ચિમ બંગાળના કોલકાત્તામાં થયો હતો. તેઓ B.Com.LL.B એટર્ની એટ લૉ છે. તેઓ બઢતી પામીને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ બન્યા તે પૂર્વે આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ હતા. બાબરી ધ્વંસ કેસમાં ભાજપના નેતાઓ સામે કેસ ચલાવવાનો આદેશ ન્યાયમૂર્તિ પિનાકીચંદ્ર ઘોષે જ આપ્યો હતો.

❖ **તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા નવનિર્મિત રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (National Commission For Backward Classes)ના સૌપ્રથમ અધ્યક્ષ પદે મુળ બિહારના ભગવાનલાલ સાહનીની પસંદગી કરવામાં આવી.**

→ વધુમાં અન્ય ત્રણ સભ્યો તરીકે ઉત્તરપ્રદેશના કૌશલેન્દ્રસીહ, હરીયાણાના સુધા યાદવ અને તેલંગણાના આચાર્ય તલ્લેજુની પણ પસંદગી કરવામાં આવી.

- **રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (National Commission For Backward Classes) વિશે....**
  - → ગત વર્ષ 2018માં બંધારણીય સુધારા બીલ, 123 અને બંધારણીય સુધારો, 102ને મંજૂરી મળતા રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ એક બંધારણીય સંસ્થા તરીકે અસ્તિત્વમાં આવી. જેની જોગવાઈ બંધારણની અનુચ્છેદ 338-B (ભાગ–16)માં કરવામાં આવી છે તથા બંધારણમાં અનુચ્છેદ 342-A નવી ઉમેરવામાં આવી.
  - → આ આયોગને હેતુ રાષ્ટ્રીય પછાત વર્ગોમાં સમાવિષ્ટ જાતિઓ સાથે થતાં અન્યાય વગેરેની તપાસ કરવાનો, તેઓના આર્થિક તેમજ સામાજીક વિકાસ પર ધ્યાન આપવાનો, અને સરકાર દ્વારા લાગુ કરવામાં આવતી યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો છે.
  - → વધુમાં આ આયોગની તમામ કામગીરી વખતો–વખત રાષ્ટ્રપતિ દ્વારા નકકી કરવામાં આવશે.
  - → આ આયોગની રચનામાં એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ અને ત્રણ અન્ય સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

❖ કઝાખસ્તાને તેમના વિદાય લઈ રહેલા નેતા નૂરસુલ્તાન નઝરબાયેવના સન્માનમાં તેની રાજધાની અસ્તાનાનું નામ બદલીને નૂરસુલ્તાન કરી નાંખ્યું છે. આ ઘોષણા નવા રાષ્ટ્રપતિ કાસીમ જોમાર્ત તોકાયેવે કરી હતી અને કઝાખસ્તાનની સંસદ દ્વારા તેને મંજૂરી પણ આપી દેવાઈ હતી.

Banking Academy

❖ **તાજેતરમાં પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબીનેટ દ્વારા પરિવર્તનશીલ ગતિશીલતા અને બેટરી સ્ટોરેજ માટેના રાષ્ટ્રીય અભિયાનને મંજુરી આપવામાં આવી. જેની અધ્યક્ષતા નીતી આયોગના CEO અમિતાભ કાંત કરશે.**

→ આ અભિયાન અંતર્ગત દેશમાં વીજળી સંચાલિત વાહનોના ઉપયોગ, ઉત્પાદન ક્ષેત્રે હકારાત્મક પરીવર્તન લાવવા માટે સરકારને સુચનો કરવામાં આવશે તથા નીતિઓ ઘડવામાં આવશે.

→ આ માટેની નીતિઓ ભારત સરકારના 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમને લક્ષ્યમાં રાખીને નકકી કરવામાં આવશે જેમાં વિજળીથી સંચાલિત વાહનો અને વિજળી સંગ્રહ માટે બેટરીઓના ઉત્પાદન અને વેચાણને પણ ધ્યાનમાં લેવાશે.

→ આ ઉપરાંત પરંપરાગત બળતણ પરની નીર્ભરતા ઘટાડવા તથા તેના લીધે થતા પર્યાવરણના પ્રદુષણને અટકાવવા સરકાર ધ્વારા આ દિશામાં ત્વરીત નિર્ણયો લેવાયા છે.

## રમત–જગત

❖ **એશિયન ઓલિમ્પિક કાઉન્સિલ (OCA) એ વર્ષ 2022માં ચીનના હાંગઝુમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ક્રિકેટને સામેલ કરવાની મંજૂરી આપી દીધી છે.**

→ અગાઉ 2010 તથા 2014 ની એશિયન ગેમ્સમાં ક્રિકેટનો સમાવેશ કરાયો હતો પરંતુ વળી, 2018ની એશિયન ગેમ્સમાંથી તેને બાકાત રખાઈ હતી.

→ 2022ની એશિયન ગેમ્સમાં 2010 તથા 2014 ની જેમ T20 ક્રિકેટને પણ સામેલ કરાય તેવી સંભાવના છે.

→ જો કે, ભારતીય ક્રિકેટ ટીમે 2010તથા 2014 ની એશિયન ગેમ્સમાં ભાગ લીધો ન હતો.

→ ઉપરોકત નિર્ણય સિવાય OCAએ આગામી એશિયન ગેમ્સમાં ઓશનિયા દેશોને પણ ભાગ લેવા આંમત્રિત કર્યા છે. ઓશનિયા દેશોમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, પાપુઆ ન્યૂ ગિની, ફિજી વગેરે દેશોનો સમાવેશ થાય છે.

▪ **<u>એશિયન ગેમ્સ અંગે...</u>**

→ એશિયન ગેમ્સમાં એશિયા ખંડનાં ખેલાડીઓ ભાગ લે છે. એશિયન ગેમ્સનું આયોજન દર ચાર વર્ષે કરવામાં આવે છે. એશિયન ગેમ્સને એશિયાડ પણ કહેવામાં આવે છે.

→ ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ રશિયા (OCA) દ્વારા 1982 થી તેનું આયોજન કરાય છે. તેની પહેલાં એશિયન ગેમ્સ ફેડરેશન (AGF) દ્વારા એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવતું હતું.

→ એશિયન ગેમ્સનું પ્રથમવાર આયોજન ઈ.સ.1951માં નવી દિલ્હીમાં કરાયું હતું. અત્યાર સુધીમાં નવ દેશો દ્વારા એશિયન ગેમ્સનું આયોજન થઈ ચૂકયુ છે. ભારતે બે વખત 1951 અને 1982માં એશિયન ગેમ્સની યજમાની કરેલી છે.

❖ ભારતે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ 5 માર્ચ, 2019ના નાગપુર ખાતે રમાયેલી 5 વન–ડે પૈકીની બીજી વન–ડેમાં 8 રનથી રોમાંચક વિજય મેળવવા સાથે પોતાની 500મી વન–ડે જીત હાંસલ કરી હતી. ભારતીય ટીમ આ સિદ્ધિ પ્રાપ્ત કરનારી દુનિયાની માત્ર બીજી ટીમ બની ગઈ છે. ઓસ્ટ્રેલિયા 558 મેચ સાથે પ્રથમ સ્થાને છે. ભારતે 963 વન–ડે મેચ રમી છે. જેમાંથી 500 મેચમાં વિજય મેળવ્યો છે.

❖ **તાજેતરમાં ફિનલેન્ડના પાટનગર હેલસિંકી ખાતે યોજાયેલી ગ્રેટ બ્રિટન(GB)બોકિસંગમાં ભારતના કવિન્દરસિંહ બિષ્ટે અન્ય ભારતીય ખેલાડી હુસામુદ્દીનને પરાજય આપીને 56 કિ.ગ્રા.માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.**

→ જ્યારે હુસામુદ્દીને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો. બંને બોકસર આર્મી સ્પોર્ટસ કન્ટ્રોલ બોર્ડ (ASCB)ના બોકસર છે. 60 કિ.ગ્રા. વજન વર્ગમાં શિવા થાપાની અર્સલાન ખાતે વે સામે 4-1 થી હાર થતાં સિલ્વર મેડલ મળ્યો હતો.

❖ **તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતના સૌરભ ચૌધરી તથા હંગેરીની વેરોનિકા મેજરને બેસ્ટ શૂટર તરીકે પસંદ કરવામાં આવ્યા.**

→ સૌરભ તથા વેરોનિકાએ ડો.કરણસિંઘ શૂટિંગ રેન્જ ખાતે યોજાયેલા ISSF વર્લ્ડ કપમાં બે–બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

→ ભારત વતી અન્ય એક ગોલ્ડ મેડલ 10મી એર રાઈફલ ઈવેન્ટમાં અપૂર્વી ચંદેલાએ જીત્યો હતો. 2020માં જાપાનમાં આયોજિત ઓલિમ્પિક માટે અપૂર્વી અને અંજુમ મૌદ ગીલે કવોલિફાય કરી લીધું છે.

❖ **ભારતે યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ની રાજધાની અબુધાબીમાં આયોજિત સ્પેશ્યલ ઓલિમ્પિક વર્લ્ડ ગેમ્સમાં 85 ગોલ્ડ, 154 સિલ્વર અને 129 બ્રોન્ઝ સહિત કુલ 368 મેડલ્સ જીત્યા છે.**

→ આ ભારતનું ગેમ્સમાં અત્યારસુધીનું સર્વાધિક શ્રેષ્ઠ પ્રદર્શન છે. પાવરફિલ્ટિંગમાં ભારતીય ખેલાડીઓએ સૌથી વધારે 20ગોલ્ડ, 33 સિલ્વર અને 43 બ્રોન્ઝ સમેત 96 મેડલ્સ હાંસલ કર્યા છે.

→ સ્પેશિયલ ઓલિમ્પિકસ વર્લ્ડ ગેમ્સ 2019નું ઉદ્દઘાટન અબુધાબી ખાતે તાજેતરમાં કરાયું હતું. સ્પેશિયલ ઓલિમ્પિકસ વર્લ્ડ ગેમ્સ 2019ની મેજબાની સંયુકત આરબ અમીરાત (UAE)માં અબુધાબી અને દુબઈ શહેરોએ કરી હતી.

→ સ્પેશિયલ ઓલિમ્પિકસ સૌપ્રથમવાર મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા ક્ષેત્રમાં યોજાઈ હતી.

→ યજમાન UAE એ દિવ્યાંગો માટે એક નવી રાષ્ટ્રીય રણનીતિના ભાગરૂપે 'પીપલ ઓફ ડિર્ટર્મિનેશન' શબ્દ દાખલ કર્યો હતો.

→ ગુજરાતના મંત્રી હરખાણીએ સ્વિમિંગમાં ડબલ ગોલ્ડ મેડલ જીત્યા છે. તેણે 50 મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટ બાદ 50 મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં પણ ગોલ્ડન સફળતા મેળવી હતી.

→ સ્પેશિયલ ઓલિમ્પિકસએ નવી સમાવેશી દુનિયાની રચના કરી રહેલા લોકોનું વૈશ્વિક આંદોલન છે જેમાં પ્રત્યેક વ્યક્તિનો તેની સમર્થતા કે અસમર્થતાને ગણકાર્યા વગર સ્વીકાર અને આવકાર છે.

→ સ્પેશિયલ ઓલિમ્પિકસ દર બે વર્ષે ઉનાળા અને શિયાળામાં વૈકલ્પિક રીતે યોજાય છે. ગત સ્પેશિયલ ઓલિમ્પિકસ ઓસ્ટ્રિયા (2017)માં યોજાઈ હતી અને આગામી સ્પેશિયલ ઓલિમ્પિકસ ઓસ્ટ્રિયા (2017)માં યોજાઈ હતી અને આગામી સ્પેશિયલ ઓલિમ્પિકસ 2021માં સ્વીડનમાં યોજાશે.

→ 2019ની સ્પેશિયલ ઓલિમ્પિકસનો મુદ્રાલેખ 'લેટ મી વિન. બટ ઈફ આઈ કેનનોટ વિન, લેટ મી બ્રેવ ઈન ધ એટેમ્પટ' છે. આ મુદ્રાલેખ એ બાબતનું પ્રતિનિધિત્વ કરે છે કે દરેક રમતવીર એવી ગેરમાન્યતાને દૂર કરીને જીવનમાં આગળ વધવા માંગે છે કે બૌદ્ધિક અસર્થતા ધરાવતા બાળકોને અનોખા અને અસામાન્ય સમાજોની દીવાલો પાછળ પૂરી રાખવા જોઈએ.

❖ **ઈન્ટરનેશનલ ઈવેન્ટ ખાતે ગોલ્ડ મેડલ જીતનારી ભારતની પ્રથમ જિમ્નાસ્ટ બનેલી દીપા કર્માકરને બાર્બી ડોલની રોડ મોડલ બનાવવામાં આવી છે.**

→ મેટલ કંપની બાર્બી ડોલની 60મી વર્ષગાંઠ ઉવી રહી હોવાથી તેણે દીમા કર્માકર જેવી જ એક બાર્બી ડોલ પણ તેણીને આપી હતી.

→ બાર્બી ડોલની રમકડા ઉત્પાદક કંપની મેટલે 2015માં લોન્ચ કરેલા 'શેરો' (SHERO) કાર્યક્રમની પણ દીમા કર્માકર એક ભાગ હતી.

→ બાર્બીની 60 વર્ષગાંઠે કંપનીએ કારકિર્દીના વિવિધ ક્ષેત્રોમાં છવાયેલી વૈશ્વિક મહિલા રોલ મોડલ્સના સન્માનમાં બાર્બી ડોલની એક નવી રેન્જ લોન્ચ કરી છે.

❖ **ફીફા 2020 અંડર–17 મહિલા વર્લ્ડ કપનું આયોજન ભારતમાં કરાશે. આ ઘોષણા તાજેતરમાં ફીફાના વડા ગિયાની ઈન્ફન્ટિનોએ કરી હતી.**

→ આ નિર્ણય અમેરિકાના મિયામીમાં આયોજિત ફીફા પરિદષદની બેઠકમાં લેવાયો હતો. આ પૂર્વે ભારતે 2012ના અંડર–17 ફૂટબોલ વર્લ્ડકપનું સફળ આયોજન કર્યુ હતું. અંડર–17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપનો આરંભ 2008માં કરાયો છે.

▪ **ફેડરેશન ઈન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસિએશન અથવા ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એસોસિએશન ફૂટબોલ FIFA વિશે.**

  → ફીફા વિશ્વની મુખ્ય આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધાઓનું આયોજન કરે છે. ફીફાની સ્થાપના 1904માં કરાઈ હતી. તેનું મુખ્યાલય સ્વિત્ઝરલેન્ડના ઝ્યુરિકમાં છે. અલબત્ત, ફૂટબોલના નિયમો ફીફા દ્વારા નહી પરંતુ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સંઘ બોર્ડ દ્વારા બનાવવામાં આવે છે.

→ **ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)**ની સ્થાપના 23જૂન, 1937ના કરાઈ હતી. તે ભારતમાં ફૂટબોલ સ્પર્ધાઓના આયોજનની મંજૂરી આપે છે તથા તેનું આયોજન પણ કરે છે. વર્તમાનમાં ભારતમાં યોજાનારી ફૂટબોલની મુખ્ય સ્પર્ધાઓમાં ઈન્ડિયન સુપર લીગ, આઈ લીગ તથા ફેડરેશન કપનો સમાવેશ થાય છે. AIFFને FIFA સાથે 1948માં એફિલિએટ કરાયું હતું.

❖ **ભારતીય મહિલા ફૂટબોલ ટીમે તાજેતરમાં નેપાળને પરાજિત કરી લાગલગાટ 5મી વાર સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન(SAFF) ચેમ્પિયનશિપ જીતી લીધી છે.**

→ નેપાળના વિરાટનગરમાં શહીદ રંગશાલા સ્ટેડિયમમાં 22 માર્ચ, 2019ના રમાયેલી ફાઈનલ મેચમાં ભારતીય મહિલા ફૂટબોલ ટીમે નેપાળની મહિલા ટીમને 3-1 થી પરાજય આપી ટાઈટલ જીતી લીધું હતું.

→ ગત વર્ષે ભારતે બાંગ્લાદેશને હરાવી SAFF ફૂટબોલ કપ ખિતાબ કબજે કર્યો હતો. આ ચેમ્પિયનશીપ વર્ષ 2010થી શરૂ થઈ ત્યારથી ભારતની આ લગાતાર 23મી જીત છે અને 5 ટાઈટલ સાથે ભારત સૌથી સફળ ટીમ છે.

→ SAFF ની સ્થાપના 1997માં કરાઈ હતી. આ ફૂટબોલ સંઘમાં દક્ષિણ એશિયાના 7 ફૂટબોલ સંઘો સામેલ છે. તેના સંસ્થાપક સદસ્યો બાંગ્લાદેશ, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા છે. ભૂટાન SAFFમાં ઈ.સ.2000માં જોડાયું હતું. SAFF નું મુખ્યાલય નવી દિલ્હીમાં છે.

❖ **તાજેતરમાં ICC દ્વારા ટેસ્ટ ક્રિકેટમાં ખેલાડીઓને 142 વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ટીશર્ટની પાછળ નામ અને પસંદગીના નંબરો લખવાની છૂટ આપવામાં આવી છે.**

→ ખેલાડીઓ 1 થી 99 નંબરમાંથી કોઈપણ નંબરની પસંદગી કરી શકશે. આ નવી શરૂઆત ઓગષ્ટમાં રમાનારી ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પ્રતિષ્ઠિત એશીઝ સીરિઝથી થશે. એશીઝ સીરિઝ ICC ટેસ્ટ ચેમ્પિયનશીપની પ્રથમ સીરિઝ હશે.

▪ **ICC ટેસ્ટ ચેમ્પિયનશીપ.....**

ICC દરેક દ્વિપક્ષીય ટેસ્ટ ક્રિકેટ સીરિઝ ભેગી કરીને એક ટેસ્ટ ચેમ્પિયનશીપ રમાડવા જઈ રહી છે. આ ચેમ્પિયનશિપ અંતર્ગત દરેક સીરિઝના પરિણામને આધારે બંને ટીમોને પોઈન્ટસ આપવામાં આવશે અને અંતે સૌથી વધુ પોઈન્ટ્સ ધરાવતી ટીમને ટેસ્ટ ચેમ્પિયનશિપ વિજેતા જાહેર કરવામાં આવશે. આ એશીઝથી શરૂ થઈ 2021માં ઈંગ્લેન્ડમાં રમાનારી ફાઈનલમાં પૂર્ણ થશે. જે દરમિયાન કુલ 9 ટીમો એકબીજા સામે ટકરાશે.

❖ **ભારતીય પહેલવાનોએ તાજેતરમાં બલ્ગેરિયાના રુસમાં આયોજિત ડેન કોવલોવ 2019 કુસ્તી સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ સહિત 5 મેડલ જીત્યા છે.**

→ **બજરંગ પુનિયાઃ** ગોલ્ડમેડલ, 65 કિગ્રા. શ્રેણીમાં પુરુષોની ફ્રી સ્ટાઈલ કુસ્તી

→ **પૂજા ઢાંડાઃ** ગોલ્ડમેડલ, મહિલાઓની 59 કિ.ગ્રા. શ્રેણીમાં

→ **સાક્ષી મલિકઃ** સિલ્વર મેડલ, મહિલાઓની 65 કિ.ગ્રા. શ્રેણીમાં

→ **સંદીપ તોમર :** સિલ્વર મેડલ, પુરુષોની 61 કિ.ગ્રા. શ્રેણીમાં
**વિનેશ ફોગાટ :** સિલ્વર મેડલ, મહિલાઓની 53 કિ.ગ્રા. શ્રેણીમા

## એવોર્ડ

❖ **બ્રાઝિલના જાણીતા ભૌતિક વૈજ્ઞાનિક અને ખગોળવિદ્ માર્સેલો ગ્લીસરને જ્હોન ટેમ્પલટન ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2019ના ટેમ્પ્લટન પુરસ્કારથી સન્માનિત કરાયા છે.**

→ આ પુરસ્કાર દર વર્ષે એ વ્યક્તિને આપવામાં આવે છે. જેણે અંતદૃષ્ટિ, ખોજ અથવા વ્યવહારિક કાર્યોના માધ્યમથી જીવનના આધ્યાત્મિક આયામની પુષ્ટિમાં અસાધારણ યોગદાન આપ્યું હોય.

→ માર્સેલો ગ્લીસરને ટેમ્પલ્ટન પ્રાઈઝના ઈનામ તરીકે 14 લાખ ડોલર અપાશે. તેઓ ટેમ્પલ્ટન પ્રાઈઝ જીતનારા પ્રથમ લેટિન અમેરિકી વૈજ્ઞાનિક છે.

▪ **ટેમ્પ્લટન પ્રાઈઝ વિશે...**

  → ટેમ્પલ્ટન પ્રાઈઝ પ્રતિ વર્ષ કોઈ જીવિત વ્યક્તિને પ્રાયોગિક કાર્ય દ્વારા જીવનના આધ્યાત્મિક આયામના ક્ષેત્રમાં યોગદાન બદલ પ્રદાન કરાય છે. તેની સ્થાપના જ્હોન ટેમ્પલટને 1972માં કરી હતી. મધર ટેરેસા આ પુરસ્કારના પ્રથમ વિજેતા હતા. તેમને 1973માં આ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. 1987 થી આ પુરસ્કાર જ્હોન ટેમ્પ્લટન ફાઉન્ડેશન દ્વારા પ્રદાન કરાય છે.

❖ તાજેતરમાં જારી કરવામાં આવેલા ટોપ–100 ખેલાડીઓમાં પોર્ટુગલનો સ્ટાર ફૂટબોલ ખેલાડી **ક્રિસ્ટિયાનો રોનાલ્ડો** 100ના સ્કોર સાથે પ્રથમ ક્રમે રહ્યો હતો. જ્યારે બાસ્કેટબોલ ખેલાડી લેબ્રો જેમ્સ બીજા સ્થાને રહ્યો હતો. આ યાદીમાં ભારતીય ક્રિકેટ ખેલાડી વિરાટ કોલી 7માં ક્રમે તથા મહેન્દ્રસિંઘ ધોની 13માં ક્રમે રહ્યો હતો. આ પસંદગી સર્ચ સ્કોર, વિજ્ઞાપન કરાર તથા સોશિયલ મીડિયા ફોલોઈંગના આધારે કરવામાં આવી હતી.

❖ **જાપાનીઝ આર્કિટેકટ અરાતા ઈસોઝાકીએ વર્ષ 2019નું પ્રિત્ઝકર પ્રાઈઝ પ્રાપ્ત કર્યુ છે.**

→ તેઓ પ્રિત્ઝકર પ્રાઈઝ હાંસલ કરનારા એકંદર 46માં અને જાપાનના 8માં સ્થપતિ છે. ફ્રાન્સમાં પેલેસ ઓફ વર્સેલ્સ ખાતે આગામી મે મહિનામાં યોજાનારા એક સમારોહમાં અરાતા ઈસોઝાકીને 1 લાખ ડોલર અને એક કાંસ્ય પદક પ્રદાન કરાશે.

→ અરાતા ઈસોઝાકીના કેટલાક બેનમૂન અને આલા દરજ્જાના સ્થાપત્યોમાં લોસ એન્જલસમાં મ્યુઝિયમ ઓફ કન્ટેમ્પરરી આર્ટ, બાર્સેલોનામાં પલાઉ સેન્ટ જોર્ડી ઈન્ડોર સ્પોર્ટિંગ અરીના, ઈટાલી ખાતેના મિલાનમાં એલિયાન્ઝ ટાવર, કતારનું નેશનલ કન્વેન્શન સેન્ટર, જાપાનમાં કિતાક્યુશુની સેન્ટ્રલ લાઈબ્રેરી, ગ્રીસમા M2 તથા જાપાનમાં નારા સેન્ટેનિયલ હોલનો સમાવેશ થાય છે.

▪ **પ્રિત્ઝકર પ્રાઈઝ વિશે....**

→ પ્રિત્ઝકર પ્રાઈઝ એક વાર્ષિક પુરસ્કાર છે જે જીવિત સ્થપતિ કે એક કરતા વધુ સ્થપતિઓને તેમણે નિર્માણ કરેલા સ્થાપત્યમાં પ્રતિભા, દૃષ્ટિ અને પ્રતિબદ્ધતા જેવા ગુણોનું સંયોજન પ્રદર્શિત થતું હોય, માનવતાને સાતત્યપૂર્ણ અને મહત્વનું યોગદાન આપતું હોય અને સ્થાપત્ય કળા મારફત પર્યાવરણની કાળજી પણ લેતું હોય તે બદલ એનાયત કરાય છે.

→ પ્રિત્ઝકર પુરસ્કારની સ્થાપના 1979માં શિકાગોના પ્રિત્ઝકર પરિવારે તેમના હયાત ફાઉન્ડેશન મારફત કરી છે. પ્રિત્ઝકર પ્રાઈઝને આર્કિટેકચરના નોબલ અને વ્યવસાયના સર્વોચ્ચ સન્માન તરીકે ઓળખવામાં આવે છે.

→ આ પૂર્વે ભારતના બાલકૃષ્ણ દોશી (પ્રિત્ઝકર પ્રાઈઝના પ્રથમ અને એકમાત્ર ભારતીય વિજેતા) પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત થઈ ચૂકયા છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દિલ્હી ખાતે ભટનાગર પુરસ્કાર એનાયત કરાયું.**

→ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્હી ખાતે છેલ્લા ત્રણ વર્ષ 2016, 2017 અને 2018 માટે શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર એનાયત કરવામાં આવ્યું.

→ આ પુરસ્કાર વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસંધાન પરિષદ (Council of Scientific and Industrial research – CSIR) દ્વારા રજુ કરવામાં આવે છે.

→ વર્ષ 1958થી દર વર્ષે આ પુરસ્કારથી CSIR ના સ્થાપક ડૉ. શાંતિ સ્વરૂપ ભટનાગરની યાદમાં 45 વર્ષથી ઓછી ઉંમરના ભારતીય વૈજ્ઞાનિકોને છેલ્લા પાંચ વર્ષમાં કરેલા તેમના ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક કાર્ય બદલ સન્માનિત કરવામાં આવે છે.

→ વર્ષ 2016ના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર 11 ભારતીય વૈજ્ઞાનિકોને એનાયત થયો જેમાં IISCના ડૉ.ઋષિકેશ નારાયણ,મુંબઈ સ્થિત ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચના ડૉ.અમાલેન્દુ ક્રિષ્ણા નો સમાવેશ થાય છે.

→ વર્ષ 2017માં 10 વૈજ્ઞાનિકોને આ પુરસ્કાર એનાયત થયો. જેમાં દિલ્હી સ્થિત જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીના ડૉ. દિપક ગૌર અને વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના વૈજ્ઞાનિક ડૉ. એસ સુરેશ બાબુનો સમાવેશ થાય છે.

→ વર્ષ 2018માં આ પુરસ્કાર માટે 13 વૈજ્ઞાનિકોની પસંદગી કરાઈ.

▪ **વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક અનુસંધાન પરિષદ (CSIR)**

→ CSIRની સ્થાપના એક સ્વાયત સંસ્થા તરીકે 1942માં થઈ

→ આ સંસ્થા વિજ્ઞાન અને તકનીકી મંત્રાલય હેઠળ કાર્યરત છે.

→ ભારતના પ્રધાનમંત્રી હોદ્દાની રૂએ આ સંસ્થાના અધ્યક્ષ બને છે.

❖ **હિન્દી ભાષાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર લીલાધર જગુડીને તેમના કાવ્યસંગ્રહ 'જિતને લોગ ઉતને પ્રેમ' માટે વ્યાસ સન્માન અપાશે.**

→ વ્યાસ સન્માન પ્રતિ વર્ષ ભારતીય ભાષાઓના લેખકો અને કવિઓને અપાય છે. ડો. વિશ્વનાથ પ્રસાદ તિવારીની અધ્યક્ષતામાં 5 સભ્યોની પસંદગી સમિતિએ વ્યાસ સન્માન માટે લીલાધર જગુડીની પસંદગી કરી હતી.

→ વ્યાસ સન્માન ભારતીય સાહિત્યમાં કરાયેલા પ્રદાન બદલ અપાતા જ્ઞાનપીઠ પુરસ્કાર બાદ બીજું સૌથી મોટું સાહિત્ય સન્માન છે. વ્યાસ સન્માન ઈ.સ.1991માં કે.કે.બિરલા ફાઉન્ડેશને શરૂ કર્યુ હતું. પ્રથમ વ્યાસ સન્માન વર્ષ 1991માં રામવિલાસ શર્માને તેમની કૃતિ 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર ઓર હિન્દી' બદલ એનાયત કરાયું હતું. વ્યાસ સન્માન છેલ્લા 10વર્ષોમાં પ્રકાશિત રચનાના લેખકને પ્રદાન કરાય છે. વર્ષ 2017નું વ્યાસ સન્માન હિન્દી ભાષાના પ્રસિદ્ધ લેખિકા મમતા કાલિયાને એનાયત કરાયું હતું.

❖ **નામાંકિત ભારતીય નાટય લેખક મહેશ એલ્કુચવારને 12માર્ચ,2019ના મહિન્દ્રા રંગ મહોત્સવ દરમિયાન મેટા (META) લાઈફટાઈમ એચીવમેન્ટ એવાર્ડ 2019ની સન્માનિત કરાયા હતા.**

→ મરાઠી તથા ભારતીય રંગભૂમિના ક્ષેત્રમાં મહેશ એલ્કુંચવાર એક મહત્વની હસ્તી છે. તેમના નામે 'સુલતાન', 'હોલી','ગરબો', 'યાતનાઘર' અને 'આત્મકથા' સહિત 30થી વધુ નાટકો તથા નિબંધો છે.

▪ **META એવોર્ડ વિશે....**

→ મહિન્દ્રા એકસેલેન્સ ઈન થિયેટર એવાર્ડ્સ (META)નો ઉદ્દેશ રંગભૂમિમાં સૌથી સુંદર, સારું હોય તેને બિરદાવવાનો છે. META ની સ્થાપના 14 વર્ષ પૂર્વે મહિન્દ્રા સમૂહે આ કલાને ઉજવણી માટેના એક મહતવના મંચ બનાવાના હેતુ સાથે કરી છે. META નાટયલેખન, સેટ, વેશભૂષા અને લાઈટ ડિઝાઈનિંગ દિગ્દર્શન અને પ્રદર્શન જેવા રંગભૂમિના વિવિધ તત્વોની કદર કરે છે.

❖ **ક્રોએશિયા, બોલિવિયા અને ચિલીના એક સપ્તાહના સત્તાવાર પ્રવાસે ગયેલા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું તાજેતરમાં ક્રોએશિયાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ધ ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ કિંગ ઓફ ટોમિસ્લાવ' થી સન્માન કરાયું હતું.**

→ રામનાથ કોવિંદ ક્રોએશિયાની યાત્રા કરનાર પ્રથમ ભારતીય રાષ્ટ્રપતિ છે. ક્રોએશિયા અને તેના સંબંધિત દેશો વચ્ચે સંબંધોના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ રાષ્ટ્ર પ્રમુખોને 'ધ ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ કિંગ ઓફ ટોમિસ્લાવ' થી નવાજવામાં આવે છે.

❖ **ત્રિપુરાના નાયબ મુખ્યમંત્રી જિષ્ણુદેવ વર્માએ તાજેતરમાં રાજધાની અગરતલા ખાતે વયોવૃદ્ધ લોક સંગીતકાર થંગા દારલોંગને પ્રથમ અટલબિહારી વાજપેયી લાઈફટાઈમ એચીવમેનટ એવોર્ડ પ્રદાન કર્યો હતો.**

→ 37માં અગરતલા પુસ્તક મેળના સમાપન સમારોહમાં 99 વર્ષીય થંગા દારલોંગને સન્માનિત કરાયા હતા. વાંસળી જેવા લોકસંગીત વાદ્યયંત્ર 'રોસેમ'ના વિકાસમાં થંગા દારલોંગે યોગદાન બદલ તેમને આ વર્ષના પદ્મશ્રીથી પણ નવાજવામાં આવ્યા છે.

Banking Academy

❖ **ઈન્ફોસિસ ફાઉન્ડેશને સામાજિક ક્ષેત્રને સમસ્યાઓના સમાધાન કાજે પ્રશંસનીય કાર્ય કરનારી વ્યક્તિઓ, ટીમો અથવા તો બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનો (NGOs) ને સન્માનિત કરવા આરોહણ સોશિયલ ઈનોવેશન પુરસ્કારોની રચના કરી છે.**

→ આરોહણ સોશિયલ ઈનોવેશન એવોર્ડસ્‌નો ઉદ્દેશ સમગ્ર દેશમાં સકારાત્મક પરિવર્તનનું આકલન કરવા સામાજિક ક્ષેત્રમાં નવીનીકરણની સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો છે.

→ પુરસ્કારો 6 શ્રેણીઓ આરોગ્ય સંભાળ, નિરાધાર લોકોની કાળજી, ગ્રામીણ વિકાસ મહિલાઓની સુરક્ષા અને રોજગારી, શિક્ષણ તથા રમતગમત અને નિરતંરતામાં અપાશે.

- **ઈન્ફોસિસ ફાઉન્ડેશન....**
  - → ઈન્ફોસિસ ફાઉન્ડેશનની સ્થાપના ઈ.સ.1996માં ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રની ભારતની અગ્રણી કંપની ઈન્ફોસિસ લિ. એ એક બિનનફાકારક સંસ્થા તરીકે કરી છે.

❖ **BBC(બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન)ના દ્વિભાષી પત્રકાર પ્રિયંકા દુબેને અસાધારણ મહિલા પત્રકારનો વર્ષ 2018નો પ્રતિષ્ઠિત ચમેલીદેવી જૈન એવોર્ડ એનાયત થયો છે.**

→ પુરસ્કારમાં વિજેતાનું નામ નકકી કરનારી જ્યુરી (પસંદગી સમિતિ)એ સળગતા અને સંકુલ સામાજિક તથા રાજકીય મુદ્દાઓ પર બહુમુખી અન્વેષણાત્મક (સંશોધનાત્મક) તેમજ પ્રશ્નાત્મક રિપોર્ટિંગ કરવા બદલ પ્રિયંકા દુબે પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો.

→ ચમેલીદેવી જૈન એવોર્ડ એ મહિલા પત્રકારોને પ્રદાન કરવામાં આવે છે જેમણે પત્રકારત્વના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય કર્યુ હોય તથા પત્રકારત્વના ઉચ્ચ ધોરણો જાળવી રાખ્યા હોય.

→ ચમેલીદેવી જૈન પુરસ્કારનું નામ સ્વાતંત્ર્ય સેનાની ચમેલીદેવીના નામ પરથી રખાયું છે. ચમેલીદેવી જૈને ગાંધીજીના આગ્રહથી વિદેશી વસ્તુઓ વિરૂદ્ધ પ્રદર્શન કર્યુ હતું. બાદમાં તેમણે જેલવાસ પણ થયો હતો. ચમેલીદેવી જૈન એક ગાંધીવાદી હતા. તેઓ વિધવા પુનર્લગ્ન જેવા મહિલાઓ સાથે સંબંધિત મુદ્દાઓ અંગે પણ સક્રિય રીતે કામ કરતા હતા.

❖ **રાષ્ટ્રીય સ્તરે 35 વર્ષથી કાર્યરત મહારાષ્ટ્રની પ્રિયદર્શિની અકાદમી સાહિત્ય, સંસ્કૃતિ અને જાહેર જીવનના ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનારા મહાનુભાવોને પ્રતિ વર્ષ એવોર્ડથી સન્માનિત કરે છે.**

→ 18 માર્ચ, 2019ના તેણે મુંબઈ ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયાને સાહિત્ય ક્ષેત્રે અનન્ય યોગદાન બદલ શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ ગુજરાતી સાહિત્ય સન્માનથી નવાજ્યા હતા.

❖ **ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA) ને આપદા પ્રબંધનના ક્ષેત્રમાં તેની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ વર્ષ 2018નો સ્કોચ એવોર્ડ પ્રદાન કરાયો છે.**

→ નવી દિલ્હી ખાતે આયોજિત 56માં સ્કોચ (SKOCH) સંમેલનમાં OSDMA ને એવોર્ડ અર્પણ કરાયો હતો. સ્કોચ એવોર્ડ વર્ષ 2003થી શાસન, નાણાં, બેંકિંગ, આપદા પ્રબંધન (વ્યવસ્થાપન), ટેકનોલોજી, કોર્પોરેટ સિટિઝનશિપ, અર્થશાસ્ત્ર અને સમાવેશી વિકાસના ક્ષેત્રમાં મેધાવી કાર્યો બદલ સ્કોચ સમૂહ દ્વારા વ્યક્તિઓ તથા સંસ્થાઓને આપવામાં આવે છે.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનને આર્થિક વિકાસમાં તેમના યોગદાન બદલ યશવંતરાવ ચવાણ પ્રતિષ્ઠાન દ્વારા વર્ષ 2018ના યશવંતરાવ ચવાણ નેશનલ એવોર્ડ માટે પસંદ કરાયા છે.**

→ 12 માર્ચ, 2019ના યશવંતરાવ ચવાણના 106માં જન્મ દિને રઘુરામ રાજનને આ પુરસ્કાર વડે સન્માનિત કરાયા હતા. 2008ની વૈશ્વિક નાણાંકીય કટોકટી અને મંદી પછીના સમયગાળામાં ભારતીય અર્થતંત્રને અડીખમ રીતે આગળ ધપાવવાનો શ્રેય રઘુરામ રાજનને છે.

→ રઘુરામ રાજન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) ના મુખ્યઅર્થશાસ્ત્રી બનનારા પ્રથમ ભારતીય પણ છે. 2008ની મંદીની આગાહી તેમણે જ છેક 2005માં કરી હતી.

- **યશવંતરાવ ચવાણ પ્રતિષ્ઠાન....**
  - → મહારાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી તથા 1979, 1980 વચ્ચે વડાપ્રધાન ચરણસિંઘની કેબિનેટમાં નાયબ વડાપ્રધાન રહેલા યવશંતરાવ ચવાણના 1984માં નિધન બાદ તેમના સાથીઓ અને સમર્થકોએ તેમના કાર્યોને આગળ ધપાવવા યશવંતરાવ ચવાણ પંતિષ્ઠાનની સ્થાપના કરી હતી.

❖ **અમેરિકી ગણિતશાસ્ત્રી કરેન ઉહલેનબેકની પસંદગી ગણિતશાસ્ત્રના નોબેલ ગણાતા એબેલ પ્રાઈઝ 2019માટે કરવામાં આવી છે.**

→ ગણિતિક પરિદૃશ્યમાં નાટયાત્મક પરિવર્તન લાવનારા ભૌમિતિક વિશ્લેષણ તથા ગેજ થિયરીમાં મૂળભૂત કામ કરવા બદલ કરેન ઉહલેનબેકની આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે વરણી કરાઈ છે. કરેન ઉહલેનબેક એબેલ પ્રાઈઝ જીતનારા પ્રથમ મહિલા છે.

→ 76વર્ષીય ડો.કરેન ઉહલેનબેક ટેકસાસ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.

→ તેમને પુરસ્કાર સ્વરૂપે 7,00,000 ડોલરની રકમ અપાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગણિતમાં કોઈ નોબલ પુરસ્કાર અપાતો નથી.

→ ગણિતનો સર્વાધિક પ્રતિષ્ઠિત પુરસ્કાર 'ફિલ્ડ મેડલ' છે. જે 40વર્ષની વય સુધીના ગણિતજ્ઞોને પ્રતિ ચાર વર્ષ બાદ આપવામાં આવે છે. ફિલ્ડ મેડલથી સન્માનિત એકમાત્ર મહિલા મરિયમ મિર્ઝાખાની છે.

- **એબેલ પ્રાઈઝની વિશે વિસ્તૃત.....**
  - → એબેલ પ્રાઈઝની સ્થાપના 2002માં ઓસ્લો સરકારે કરી છે. જે ગણિતશાસ્ત્રના ક્ષેત્રમાં અસાધારણ વૈજ્ઞાનિક કાર્ય કરનારા મહાનુભાવોનું બહુમાન કરે છે. ગણિતશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર અપાતો ન હોવાથી એબેલ પ્રાઈઝ અપાય છે. એબેલ પ્રાઈઝનું નામ 19મી સદીના નોર્વેજિયન ગણિતજ્ઞ નીલ્સ હેન્રિક એબેલના નામ પરથી રખાયું છે. એબેલ પ્રાઈઝમાં 60 લાખ નોર્વેજિયન ક્રોનોર (NOK) ની રકમ આપવામાં આવે છે.
  - → એબેલ પ્રાઈઝ મેળવનારા એકમાત્ર ભારતીય ભારતીય–અમેરિકી નાગરિક એસ.આર.શ્રીનિવાસ વરધન છે. તેમને એબેલ પ્રાઈઝ પ્રોબેબિલિટી થિયરી અંગે તેમના મૂળભૂત પ્રદાન બદલ 2007માં એનાયત કરાયું હતું.

❖ **બ્રાઝિલના પ્રમુખપદ હેઠળ પહેલી બ્રિકસ શેરપા બેઠક બ્રાઝિલમાં કૂર્ટિબા ખાતે સંપન્ન થઈ.**

→ ભારતીય વિદેશ મંત્રાલયમાં આર્થિક સંબંધના સચિવ ટી.એસ.તિરુમૂર્તિએ બે દિવસીય બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નૈતૃત્વ કર્યુ હતું.

- **બ્રિકસની સ્થાપના : જૂન, 2006**
- **વડુમથક :** શાંઘાઈ, ચીન
- **સભ્ય દેશો :** બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા

❖ **લલિતકલા અકાદમીએ 60માં રાષ્ટ્રીય અકાદમી પુરસ્કારો ઘોષિત કર્યા.**

- **ગુજરાતના હિરેનકુમાર છોટુભાઈ પટેલને પણ પ્રતિષ્ઠિત પુરસ્કાર..**
  - → લલિતકલા અકાદમીએ તાજેતરમાં 60માં વાર્ષિક અકાદમી પુરસ્કારોના 15 વિજેતાઓના નામની ઘોષણા કરી છે. વિજેતાઓની પસંદગી દ્વિસ્તરીય જ્યુરી દ્વારા કરાઈ હતી. લલિતકલા અકાદમીના પુરસ્કાર વિજેતાઓને એક સ્મૃતિચિહ્ન, શાલ તથા 1લાખ રૂપિયા અપાશે.
- **લલિતકલા અકાદમી...**
  - → લલિતકલા અકાદમીની સ્થાપના 1954માં કરાઈ હતી. તે સંસ્કૃતિ મંત્રાલયને આધીન એક સ્વાયત્ત સંગઠન છે. તેનું મુખ્યમથક નવી દિલ્હીના રવીન્દ્રભવનમાં છે.
  - → લલિતકલા અકાદમીનો ઉદ્દેશ ચિત્રકલા, શિલ્પકલા તથા ગ્રાફિક્સ વગેરે જેવા દૃશ્ય કલાઓના ક્ષેત્રમાં ભારતીય કલાની સમજનો પ્રચાર અને પ્રસાર દેશ તથા વિદેશમાં કરવાનો છે. લલિત કલા અકાદમી ભૂતકાળની ભવ્ય પરંપરાની જાળવણી તથા આધુનિક કલાકારોની રચનાઓથી તેને વધુ સમૃદ્ધ કરવાનું કાર્ય કરી રહી છે. લલિત કલા અકાદમીના વર્તમાન વડા ઉત્તમ પચાર્ણે છે.

❖ **ગ્રામીણ કેન્યાના એક વિજ્ઞાન શિક્ષક પીટર તબિચીએ વર્ષ 2019નો પ્રતિષ્ઠિત ગ્લોબલ ટીચર એવાર્ડ જીતી લીધો છે. ગ્લોબલ ટીચર પ્રાઈઝ વિશ્વના શ્રેષ્ઠ શિક્ષકને સન્માનિત કરે છે.**

→ તેઓ તેમની આવકના 80% રકમ શાળાના સૌથી ગરીબ બાળકોને અભ્યાસ માટે આપી દે છે. આ એવોર્ડ માટે ગુજરાતમાંથી અભિનેતા અને સાંસદ પરેશ રાવના ધર્મપત્ની સ્વરૂપ રાવલ અને અન્ય એક ભારતીય આરતી કાનુંગોને નોમિનેટ કરાયા હતા.

- **ગ્લોબલ ટીચર પ્રાઈઝ....**
  - → ગ્લોબલ ટીચર પ્રાઈઝની સ્થાપના વર્ષ 2015માં વાર્કી ફાઉન્ડેશન દ્વારા કરાઈ છે. વિજેતા શિક્ષકને 10 લાખ અમેરિકી ડોલર અર્પણ કરાય છે. ગ્લોબલ ટીચર પ્રાઈઝ સંયુકત આરબ અમીરાત (UAE)ના ઉપરાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન અને દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમના સરંક્ષણમાં વાર્કી ફાઉન્ડેશન દ્વારા પ્રદાન કરવામાં આવે છે.

❖ **ઈન્ટરનેશનલ ગોલ્ડન સિટી ગેટ ટુરિઝમ એવોર્ડ 2019માં ભારતને પ્રથમ ઈનામ....**

→ ભારત સરકારના પ્રવાસન મંત્રાલયે પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ ગોલ્ડન સિટી ગેટ ટુરિઝમ એવાર્ડસ 2019ખાતે ટી.વી.સિનેમા સ્પોટ કેટેગરીમાં ફર્સ્ટ પ્રાઈઝ જીતી લીધું છે. પ્રવાસન મંત્રાલય દ્વારા તેના અતુલ્ય ભારત 2.0 અભિયાનના ભાગરૂપે પ્રસ્તુત કરાયેલી પ્રમોશનલ ફિલ્મો, ટી.વી.વિજ્ઞાપનો વગેરેએ આ એવોર્ડ અપાવ્યો છે.

→ ગોલ્ડન સિટી ગેટ ટુરિઝમ મલ્ટિ મીડિયા એવોર્ડસ દર વર્ષે પ્રવાસન તથા આતિથ્ય સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં પદાન કરવામાં આવે છે. આ પુરસ્કાર ફેડરલ એસોસિએશન ઓફ જર્મન ફિલ્મ એન્ડ એડવાર્ટઈઝર્સ પ્રોડયુસર્સ દ્વારા અર્પણ કરાય કરાય છે. આ પુરસ્કાર વિશ્વના અગ્રણી પર્યટન શો ITB બર્લિનમાં આપવામાં આવે છે.

❖ **ઉપરાષ્ટ્રપતિ વેન્કૈયા નાયડુને તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત યુનિવર્સિટી ઓફ પીસ તરફથી ડોકટરેટની માનદ ઉપાધિ પ્રદાન કરવામાં આવી છે.**

→ આ અંગે યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે ભારતમાં કાયદાના શાસન, લોકશાહી અને સતત વિકાસમાં ભારતીય ઉપરાષ્ટ્રપતિએ આપેલા યોગદાનની કદરરૂપે તેમને ડોકટર ઓફ ફિલાસોફી (PH.D) ની ડિગ્રી એનાયત કરાઈ છે. વેન્કૈયા નાયડુ યુનિવર્સિટી ઓફ પીસ તરફથી ડોકટરેટની માનદ પદવી મેળવનારા પ્રથમ ભારતીય છે.

→ યુનિવર્સિટી ઓફ પીસની સ્થાપના ઈ.સ.1980ના સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA) દ્વારા પસાર કરાયેલા ઠરાવ 35/55ને અનુરૂપ કરાઈ છે. યુનિવર્સિટી ઓફ પીસનું મુખ્ય કેમ્પસ મધ્ય અમેરિકાના દેશ કોસ્ટારિકામાં આવેલું છે.

❖ **રશિયા, ભારત અને ચીન (રશિયા, ઈન્ડિયા, ચાઈના RIC) ના વિદેશ મંત્રીઓની 16મી બેઠક 27ફેબ્રુઆરી, 2019ના ચીનના ઝેજિયાંગ પ્રાન્તમાં યોજાઈ હતી.**

❖ **વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે UAEમાં OLC વિદેશ મંત્રીઓની 26મી બેઠકમાં ભાગ લીધો.**

→ સંયુકત આરબ અમીરાત (UAE)ની રાજધાની અબુધાબીમાં 1 માર્ચ, 2019ના રોજ આર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો–ઓપરેશન **(OLC)**ની બેઠક યોજાઈ હતી. જેમાં ભારતે પહેલીવખત ગેસ્ટ ઓફ ઓનર (અતિથિ વિશેષ) તરીકે ભાગ લીધો હતો. ભારતીય વિદેશ મંત્રી સુષ્માસ્વરાજે મુસ્લિમ બહુમતીવાળા 57 દેશોના સંગઠન OLC ના મંચ પરથી આતકંવાદ અંગે નામ લીધા વિના પાકિસ્તાનને ઘેર્યુ હતું.

❖ **પ્રસિદ્ધ ગુજરાતી ચિત્રકાર પદ્મશ્રી હકુભાઈ શાહનું અમદાવાદમાં 21 માર્ચ, 2019ના હૃદયરોગના હુમલામાં અવસાન થયું.**

→ હકુભાઈ શાહ આદિવાસીઓ તથા લોકકલાના વિષયો પર આધારિત પોતાની ચિત્રકલા માટે વિખ્યાત હતા. તેમને શાંતિનિકેતન દ્વારા સન્માનિત કરાયા હતા.

→ ગુજરાત વિદ્યાપીઠમાં તેમણે આદિવાસી મ્યુઝિયમ પણ સ્થાપ્યું હતું. કલામાં અનન્ય યોગદાન બદલ વર્ષ 1989માં તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

→ આ ઉપરાંત તેમને જવાહરલાલ નહેરુ ફેલોશિપ અને કલા રત્નથી પણ સન્માનિત કરાયા હતા. 2009 માં હકુભાઈએ 'માનુષ' શીર્ષક હેઠળ તેમના સંસ્મરણો પ્રકાશિત કર્યા હતા. તેમનામાં ભક્તિ આંદોલનની કલા પણ હતી. સાથે જ તેઓ એક સાંસ્કૃતિક માનવવિજ્ઞાની પણ હતા. તેમણે 1980માં રાજસ્થાનના ઉદયપુર શિલ્પગ્રામની સ્થાપના કરી હતી. હકુભાઈ શાહનો જન્મ 1934માં સુરતના વાલોડમાં થયો હતો.

❖ **એથિસ્ફીયર ઈન્સ્ટિટયુટ દ્વારા વર્ષ 2019 માટે જારી વિશ્વની સૌથી નૈતિક કંપનીઓની યાદીમાં ભારતની તાતા સ્ટીલનો પણ સમાવેશ કરાયો છે.**

→ એથિસ્ફીયર ઈન્ટિટયૂટ નૈતિક તથા મૂલ્યનિષ્ઠ વ્યાપાર રીતરસમો/પદ્ધતિઓના ધારાધોરણોની વ્યાખ્યા કરવામાં અને તેને આગળ ધપાવવામાં વૈશ્વિક આગેવાન છે. તાતા સ્ટીલને મેટલ્સ, મિનરલ્સ અને માઈનિંગ કેટેગરીમાં આઠમી વખત આ બહુમાન મળ્યું છે. વિશ્વની સૌથી સિદ્ધાંતવાદી કંપનીઓની યાદીમાં આ વર્ષે સ્થાન મેળવનારી બીજી ભારતીય કંપની વિપ્રો છે.

- **તાજેતરમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે જો ટ્વિટ્ર દેશના સાર્વભૌમત્વ તથા અખંડિતતા માટે વાંધાજનક હોય તેવી સામગ્રી કે એકાઉન્ટ બ્લોક કરવામાં નિષ્ફળ જશે તો ટ્વિટ્રના અધિકારીઓને માત્ર નાણાંકીય દંડ જ નહિ પણ સાત વર્ષ સુધીની જેલની સજા પણ થઈ શકે છે. IT એક્ટની કલમ 69(A) હેઠળ તેની સામે પગલાં લેવામાં આવી શકે છે.**
- **IT એક્ટ 2000...**
  → ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ માટેનું બિલ ઈ.સ. 2000ના બજેટ સેશનમાં પસાર કરવામાં આવ્યું હતું. જેના પર 9 મે, 2000ના રોજ ભારતનાં તત્કાલીન રાષ્ટ્રપતિ કે.આર. નારાયણને હસ્તાક્ષર કર્યા હતા. આ બિલ યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાએ ભલામણ કરેલા યુનાઈટેડ નેશન્સ મોડેલ લો ઓન ઈલેક્ટ્રોનિક કોમર્સ, 1996 પર આધારિત હતું.
- **તાજેતરમાં એપોલીટીકલ દ્વારા જારી કરવામાં આવેલ વિશ્વના જળવાયુ પરિવર્તન ક્ષેત્રના સૌથી વધુ 100 પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં ભારતનાં 8 નામાંકિતો નો સમાવેશ કરાવેલ છે.**

→ જે તે વ્યક્તિ દ્વારા જળવાયુ પરીવર્તનના ક્ષેત્રમાં કરવામાં આવેલા પ્રભાવશાળી કાર્ય બદલ આ સુચિમાં રહેવા પામ્યા છે.

→ જેમાનાં 8 ભારતીયો નીચે મુજબ છે.

  → પીયુશ ગોયેલ (કેન્દ્રીય રેલ્વેમંત્રી)

  → ડો.હર્ષવર્ધન (પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના કેન્દ્રીયમંત્રી)

  → મુકતાતીલક [પુણે (મહારાષ્ટ્ર)ના મેયર]

  → જ્યોતિ કિરીટ પરીખ (ટકાઉ વિકાસના ક્ષેત્રની એક ખાનગી સંસ્થાના પ્રમુખ)

  → સુનિતા નરૈન (જાણીતા પર્યાવરણવિદ્દ અને રાજકારણી)

  → વંદના શીવા (પર્યાવરણીય કાર્યકર)

  → ઉપેન્દ્ર ત્રિપાઠી [આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનના પ્રમુખ (Director General)]

- **એપોલીટિકલ વિશે....**
  → વૈશ્વિક સ્તરે રહેલ માનવ જીવનને પ્રતિકુળ સમસ્યાઓના નિવારણ ક્ષેત્રે નવા વિચારો, નવા માણસો, નવા ભાગીદારોના સમુહને સરકાર સાથે જોડવાનું વિશિષ્ટ કાર્ય કરતી આ સંસ્થાનું મુખ્યાલય લંડન ખાતે સ્થિત છે.

→ આ પ્રકારનું કાર્ય કરવાનો એક માત્ર ઉદ્દેશ માનવ જીવનને લગતી તમામ સમસ્યાઓનું વિના વિલંબ નિવારણ કરવાનો છે.

- **તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા દિલ્લી સ્થિત રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજીત એક વિશેષ કાર્યક્રમમાં ભારતીય સશસ્ત્ર દળોના ઓફીસરોને તેઓના ઉત્કૃષ્ટ કાર્ય બદલ બહાદુરી પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા.**

→ આ સન્માન અંતર્ગત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ભારતીય સશસ્ત્ર દળોના કુલ 18 ઓફીસરો પૈકી 3 ઓફીસરો કીર્તીચક્ર અને 15ઓફીસરો શૌર્ય ચક્ર વડે સન્માનીત કરવામાં આવ્યા.

- **સશસ્ત્ર બળોના બહાદુરી પુરસ્કારો વિશે....**
  → ભારત સરકાર દ્વારા વર્ષ 1947 થી સશસ્ત્ર દળોના જવાનોને તેઓના વિશિષ્ટ યોગદાન બદલ બહાદુરી પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી અને વર્ષ 1950માં સૌપ્રથમ વખત પરમવીર ચક્ર, મહાવીર ચક્ર અને વીર ચક્ર એમ ત્રણ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા.

  → બાદમાં વર્ષ 1952માં અન્ય ત્રણ પુરસ્કારો અશોક ચક્ર કક્ષા–I,II,III શરૂ કરવામાં આવ્યા. જેનું બાદમાં વર્ષ **1967**માં નામ બદલીને અનુક્રમે અશોક ચક્ર, કીર્તિ ચક્ર અને શૌર્ય ચક્ર રાખવામાં આવ્યા. જે આજ સુધી એનાયત થાય છે.

  → આ પુરસ્કારો રાષ્ટ્રપતિ દ્વારા દર વર્ષે, વર્ષમાં બે વખત (15મી ઓગસ્ટ અને 26મી જાન્યુઆરી)જાહેર કરવામાં આવે છે.

  → આ તમામ પુરસ્કારોનો તેમની અગ્રીમતાના લક્ષમાં ઉતરતો ક્રમ નીચે મુજબ છે. પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તી ચક્ર, વીર ચક્ર, શૌર્ય ચક્ર
- **બહાદુરી પુરસ્કારની વિગતો....**
  → **પરમવીર ચક્ર** – યુદ્ધની પરિસ્થિતિ દરમિયાન જવાનો દ્વારા દર્શાવવામાં આવતી અસાધારણ વીરતના લક્ષમાં આ પુરસ્કાર આપવામાં આવે છે જે ભારતીય સેનાનો સર્વોચ્ચ પુરસ્કાર છે. આ પુરસ્કાર અમેરિકા અને ઈંગ્લેન્ડના સર્વોચ્ચ સૈન્ય પુરસ્કારને સમકક્ષ છે.

  → જાંબલી રંગની રીબીન થી આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.

  → **અશોકચક્ર** – યુદ્ધ સિવાયની પરિસ્થિતિમાં જવાનો અથવા સામાન્ય નાગરિકો દ્વારા દર્શાવવામાં આવેલી પોતાની ઉત્કૃષ્ટ બહાદુરી બદલ આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

  → લીલા રંગની પટ્ટીને કેસરી રંગની પટ્ટી વડે બે ભાગમાં વહેંચતી રીબીનમાં આ પુરસ્કાર પ્રદાન કરાય છે.

  → **મહાવીર ચક્ર** – આ પુરસ્કાર જળ, જમીન અથવા હવા કોઈપણ જગ્યાએ દુશ્મનની હાજરીમાં જવાનો દ્વારા કરવામાં આવતા વિશિષ્ટ કાર્યો બદલ આપવામાં આવે છે.

  → અડધા સફેદ અને અડધા કેસરી રંગની રીબીનમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

  → **કીર્તિ ચક્ર** – આ પુરસ્કાર યુદ્ધ ભુમિની બહાર દર્શાવવામાં આવેલ બહાદુરી બદલ જવાનો અથવા સામાન્ય નાગરિકોને આપવામાં આવે છે. લીલા રંગની 3 પટ્ટીઓને ઉભી કેસરી બે પટ્ટીઓ વડે જુદી પાડતી રીબીનમાં આ પુરસ્કાર પ્રદાન થાય છે.

  → **વીર ચક્ર** – દુશ્મનની હાજરીમાં હવા, પાણી કે જમીન ઉપર દર્શાવતા સાહસના પરીપેક્ષ્યમાં આ પુરસ્કાર જવાનોને એનાયત થાય છે.

  → અડધા લીલા અને અડધા કેસરી રંગની રીબીનમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

  → **શૌર્ય ચક્ર** – આ પુરસ્કાર દુશ્મન સાથે સીધી લડાઈમાં સામેલ થયા વિના દર્શાવવામાં આવતી બહાદુરી બદલ આપવામાં આવે છે.

  → લીલા રંગની રીબીન કેસરી રંગના પટ્ટા વડે ચાર ભાગોમાં વિભાજીત હોય એ રીતની રીબીનમાં આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.

## અગત્યના દિવસો

- 1 માર્ચ, 2019 : શૂન્ય ભેદભાવ દિવસ
  - **થીમ :** 'વોટ ઈફ'
  - પતંગિયુ, શૂન્ય ભેદભાવ દિવસનું પ્રતિક છે.
- 1 માર્ચ, 2019 : વર્ડ સિવિલ ડિફેન્સ ડે
  - થીમ : 'ચિલ્ડ્રન્સ સેફટી, અવર રિસ્પોન્સિબિલિટી'
- 3 માર્ચ, 2019 : વિશ્વ વન્યજીવ દિવસ
  - થીમ : 'જળ નીચે જીવન : લોકો અને ગ્રહ માટે' (લાઈફ બિલો વોટર : ફોર પીપલ એન્ડ પ્લેનેટ
  - 3 માર્ચ ધ કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેજર્ડ સ્પેસીઝ ઓફ વાઈલ્ડ ફૌના એન્ડ ફલોરા (CITIES) જે વોશિંગ્ટન કન્વેન્શન તરીકે પણ ઓળખાય છે તેનો સ્વીકાર કરાયો હતો.
- 7 માર્ચ, 2019 : જન ઔષધિ દિવસ
  - **ઉદ્દેશ:** જૈનેરિક દવાઓના ઉપયોગ અંગે જાગૃતિ જગાવવાનો. હવેથી દર વર્ષની 7 મી માર્ચે જન ઔષધિ દિવસ ઉજવવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- 8 માર્ચ, 2019 : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ
  - થીમ : થિંક ઈકવલ, બિલ્ડ સ્માર્ટ, ઈનોવેટ ફોર ચેન્જ.
- 10 માર્ચ, 2019 : રાષ્ટ્રીય રસીકરણ દિવસ.
- 14 માર્ચ, 2019 : વર્લ્ડ કિડની ડે
  - થીમ : 'કિડની હેલ્થ ફોર એવરીવન એવરીવ્હેર'
- 20 માર્ચ, 2019 વિશ્વ ચકલી દિવસ
  - થીમ : 'આઈ લવ સ્પેરોઝ'
- 21 માર્ચ, 2019 : વંશીય ભેદભાવ નિવારણ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ
- 21 માર્ચ, 2019 : વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ દિવસ
  - થીમ : 'લીવ નો વન બિહાઈન્ડ'
- 22 માર્ચ, 2019 : વિશ્વ જળ દિવસ
- 23 માર્ચ, 2019 : શહીદ દિવસ
  - શા માટે? : 1931માં આ જ દિવસે ભારતના 3 મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ ભગતસિંઘ, રાજગુરુ અને સુખદેવને અંગ્રેજો દ્વારા લાહોર ષડયંત્ર કેસમાં ફાંસી અપાઈ હતી.
- 23 માર્ચ, 2018 : વિશ્વ મૌસમ વિજ્ઞાન દિવસ
  - થીમ : 'ધ સન, ધ અર્થ એન્ડ ધ વેધર'
  - વિશ્વ મોસમ વિજ્ઞાન સંગઠન સંમેલનમાં વર્ષ 1950માં સંગઠનની રચનાના ઉદ્દેશને લાગુ કરવા બદલ દર વર્ષની 23 માર્ચે, વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ ઉજવાય છે.
- 24 માર્ચ, 2019 : વિશ્વ ક્ષય દિવસ (વર્લ્ડ ટયૂબરકુલોસિસ ડે)
  - થીમ : 'ઈટસ ટાઈમ'
  - શા માટે ? 1882 ની 24 માર્ચે, ડો.રોબર્ટ કોચે T.B. ના બેકટેરિયા શોધી કાઢયા હતા. જેના કારણે T.B.ના નિદાન અને તેની સારવારની દિશામાં પ્રથમ ડગ માંડી શકાયું હતું.

Banking Academy